
ICE®
MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

સંપાદક : મૌલિક ગોંધિયા | VOLUME 4 | 01 to 15 JUNE - 2020




PAGE 43 રાજ્ય ખાદ્ય સુરક્ષા સૂચકાંક 2019-20



PAGE 55
એશિયાઇ સિંહોની ગણતરી

PAGE 35




કુત્રિમ બુદ્ધિમત્તા પર વૈશ્વિક ભાગીદારી અને કુત્રિમ બુદ્ધિમત્તાનું વિવેચનાત્મક મુલ્યાંકન

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

Contact us at : 9375701110/9328001110

## સંપાદકની કલમે

વર્તમાન પ્રવાહો એ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્તમાન પ્રવાહો પરીક્ષા માટે અગત્યતા ધરાવે છે પરંતુ તેનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે પ્રશ્નો કોઈપણ ઘટના આધારીત પૂછવામાં આવતા હોય છે. વર્તમાન પ્રવાહોની આ અનિશ્ચિતતા દૂર કરી, વિદ્યાર્થીઓને એક જ સ્ત્રોતમાંથી તૈયારી કરવાની મહેનત થાય અને સમયમાં પણ બચાવ થાય તે આધારે જ **'ICE Miracle'** નામનું આ મેગેઝિન તૈયાર કરવામાં આવ્યું છે. જે દર **15** દિવસે પ્રકાશિત કરવામાં આવશે.

વર્ષ **2017**થી લેવામાં આવતી **GPSC**ની બધી જ પરીક્ષાઓના વર્તમાન પ્રવાહોના પ્રશ્નોનું વિશ્લેષણ કર્યા બાદ **GPSC** દ્વારા આવરી લેવામાં આવતા તમામ પાસાઓને આ મેગેઝિન અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. **GPSC** દ્વારા લેવામાં આવતી પરીક્ષા માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ઘટનાઓનું વિશ્લેષણ કરવાની જરૂરીયાત રહેતી હોય છે અને વિશ્લેષણનું કૌશલ્ય ત્યારે જ કેળવી શકાય જ્યારે આ ઘટનાઓને વિવિધ દૃષ્ટિકોણથી જોવામાં આવે અને ખાસ કરીને આવી માહિતી ગુજરાતીમાં ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થીઓને તૈયારી કરવામાં સરળતા રહેતી હોય છે. આથી આવો બહુ–દૃષ્ટિકોણ કેળવવાનો પ્રયાસ આ મેગેઝિન દ્વારા **ICE**ના માધ્યમથી કરવામાં આવેલો છે. અમને ચોક્કસ એવી આશા છે કે આ મેગેઝિન તમારી મહેનતને સરળ અને સચોટ બનાવશે અને આવો જ પ્રયાસ કરવા **ICE** કટિબદ્ધ છે.

# INDEX

## 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા...1


- સત્તાવાર ભાષા.........................................................1
- PM CARES ફંડ અને RTI અધિનિયમ.............1
- આપદા વ્યવસ્થાપન અધિનિયમ (Disaster Mangement Act).................................................2
- રાષ્ટ્રના નામમાં પરિવર્તન હેતુ અરજી..................2
- નાગાલેન્ડના ધારાસભ્યો વિરુદ્ધ ગેરલાયકાત માટે હાઈકોર્ટનો આદેશ.................................................3
- મોબ લિંચિંગ અને કાયદો......................................5
- માનવ રહિત વિમાન પ્રણાલી નિયમ, 2020........5
- લદ્દાખ અને જમ્મુ-કશ્મીરમાં કેન્દ્રીય વહીવટી પંચ. ...........................................................................6
- અનામત મૂળભૂત અધિકાર નથી : સુપ્રીમ કોર્ટ..., ...........................................................................8


## 2. અર્થતંત્ર............................10


- 23 વધુ ગૌણ વનપેદાશ વસ્તુનો લઘુત્તમ ટેકાના ભાવની સૂચિમાં સમાવેશ...................................10
- મૂડીઝ દ્વારા ભારતની રેટિંગમાં ઘટાડો.............10
- સોશિયલ સ્ટોક એક્સચેન્જ.............................11
- લઘુતમ ટેકાના ભાવ (Minimum Support Price-MSP)..........................................................12
- રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ...............................13
- આવશ્યક વસ્તુ અધિનિયમમાં સુધારો............13
- કૃષિ પેદાશ વાણિજ્ય અને વેપાર (પ્રમોશન અને સુવિધા) વટહુકમ, 2020...................................14
- ખેડૂતો (સશક્તિકરણ અને સુરક્ષા) ભાવ ખાતરી પર કરાર અને ફાર્મ સેવાઓ વટહુકમ, 2020.....15
- ચૂકવણી આંતરમાળખું વિકાસ ભંડોળ (Payment Infrastructure Development Fund-PIDF).......15
- રિયલ ટાઈમ ઈલેક્ટ્રીસિટી માર્કેટ.......................15
- કેન્દ્રીય રોજગાર ગેરેટી પરિષદની બેઠક..........16
- અટલ ઈનોવેશન મિશન ઉદ્યમિતાને પ્રોત્સાહન આપવા કાર્ય કરશે...........................................16
- મનરેગાને સૌથી વધુ ફાળવણી........................17
- સચિવોના અધિકાર પ્રાપ્ત સમૂહ અને પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલની સ્થાપના.............................17
- વર્ચ્યુઅલ વ્યાપાર મેળો....................................18
- ભારત સરકાર કેસર અને હીંગના ઉત્પાદનને પ્રોત્સાહન આપશે...........................................18
- ભારતનું વિદેશી મુદ્રા ભંડાર પ્રથમ વખત 500 અબજ ડોલરને પાર.........................................19
- ડ્રાફ્ટ વિદ્યુત અધિનિયમ (સુધારણા) બિલ, 2020 ...........................................................................19
- યુનિવર્સલ બેઝિક ઈન્કમ (Universal Basic Income-UBI)....................................................20
- પી. કે. મોહંતી પેનલ.......................................21
- ઈન્ડિયન ગેસ એક્સચેન્જ................................22
- સમાયોજિત કુલ આવક (Adjusted Gross Revenue)........................................................22
- નાણા આયોગ અનુદાન તથા અન્ય ટ્રાન્સ્ફર......23
- રાઈટ્સ ઈશ્યુ......................................................24
- નાણાકીય વર્ષ 2019-20માં કુલ પ્રત્યક્ષ કરની આવક...............................................................25


## 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ.....26


- કોંગોમાં નવી ઈબોલા મહામારી ઘોષિત...........26
- ચીનની THAAD મિસાઈલ સંબંધે ચિંતા..........26
- G7 સમૂહ..........................................................27
- ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર..............27
- મ્યુચ્યુઅલ લોજિસ્ટિક્સ સપોર્ટ એગ્રીમેન્ટ........28

- પરમાણુ આપૂર્તિકર્તા સમૂહમાં ભારતી સદસ્યતા માટે ઓસ્ટ્રેલિયાનું સમર્થન....28
- મિશન સાગર અંતર્ગત INS કેસરી....29
- આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત (International Criminal Court)....29
- વિઝિટિંગ ફોર્સિસ એગ્રીમેન્ટ (VFA)....30

## 4. વિજ્ઞાન અને ટેકનોલોજી....31

- એલિસા એન્ટિબોડી ટેસ્ટ....31
- કેરલ સરકાર દ્વારા ડેટા-સુરક્ષા સંબંધે જાહેર કરાયેલ દિશા-નિર્દેશો :....31
- હૈડ-4....32
- સૂર્ય કોરોના....32
- સ્પેસએક્સ દ્વારા નાસાના અંતરિક્ષ યાત્રીઓ અંતરિક્ષમાં મોકલાયા....32
- નવી રાષ્ટ્રીય વિજ્ઞાન, તકનિક અને નવીનતા નીતિ-2020 (New National cience Technology and Innovation Policy-2020)....33
- "અલ્ટ્રા સ્વચ્છ" બૂથ....34
- ભારતનો પ્રથમ ઈન્ટરનેટ-નિયંત્રિત રોબોટ....34
- AI આધારિત સોશિયલ ડિસ્ટન્સ મોનિટરિંગ સિસ્ટમ....35
- કૃત્રિમ બુદ્ધિમત્તા પર વૈશ્વિક ભાગીદારી (Global Partnership on Artificial Intelligence-GPAI)....35

## 5. યોજના/પોર્ટલ/રિપોર્ટ....37

- પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના....37
- ઈલેક્ટ્રોનિક્સ પ્રોત્સાહન માટે યોજનાઓ....37
- ગ્લોબલ ઈકોનોમિક પ્રોસપેક્ટ્સ....38
- TULIP....38
- સ્વદેશ (SWADES - Skilled workers Arrival Database for Employment Support)....39
- સામાયિક મજૂરવર્ગ સર્વે (Periodic Labour Force Survey-2018-19)....39
- નગર વન યોજના....40
- પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક-2020....41
- ચેમ્પિયન્સ પોર્ટલ....42
- ડેરી ખેડૂતો માટે કિસાન ક્રેડિટ કાર્ડ યોજના....42
- વન નેશન, વન રાશન કાર્ડ યોજના....42
- રાજ્ય ખાદ્ય સુરક્ષા સૂચકાંક 2019-20....43
- મર્સર 2020 કોસ્ટ ઓફ લિવિંગ સર્વે....43
- સહકાર મિત્ર યોજના....44
- આપાતકાલીન ક્રેડિટ લાઈન ગેરેંટી યોજના....45
- COVID-19 અને બાળ મજૂરી....46
- NIRF રેન્કિંગ, 2020....46
- પ્રાકૃતિ સૂચકાંક, 2020....47
- આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા રિપોર્ટ....47
- QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2021....48
- SIPRI યર બુક....49

## 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ....50

- તીડ નિયંત્રણ....50
- નિસર્ગ ચક્રવાત....51
- વિશ્વ પર્યાવરણ દિવસ-2020....52
- 163348 (2002 NN4) એસ્ટરોઈડ....52
- રશિયાના આર્કટિક ક્ષેત્રમાં તેલનો સ્ત્રાવ....53
- છઠ્ઠી સામૂહિક લુપ્તતા (Sixth Mass Extinction)....53
- BS-VI વાહનો માટે અલગ-અલગ કલર બેંડ....53
- ઉત્તરાખંડમાં જૈવ વિવિધતા પાર્ક....54
- ચેલેંજર ડીપ....54
- IFLOWS-એકીકૃત પૂર ચેતવણી પ્રણાલી....55
- એશિયાઈ સિંહોની ગણતરી....55


INSTITUTE FOR COMPETITIVE EXAMS


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

## 7. ઈતિહાસ અને સંસ્કૃતિ.......56

- ઓડિશાનો રજ-પર્વ ઉત્સવ...56
- તલા-મદૃલે...56

## 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો.......58

- માય લાઈફ માય યોગા (My Life My Yoga).......58
- વિશ્વ દૂધ દિવસ...58
- રોહિત શર્મા રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર માટે નામાંકિત...58
- ઓવર ધ ટોપ (OTT) સ્ટ્રીમિંગ...59
- વૈશ્વિક રસી સંમેલન Global Vaccine Summit.....59
- સાલ ભર 60 અભિયાન...59
- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ સંમેલન...60
- #i Commit પહેલ...60
- "સ્વસ્થ અને ઊર્જા કાર્યક્ષમ ઈમારતો" પહેલ......60
- ઓનલાઈન વેસ્ટ મેનેજમેન્ટ પ્લેટફોર્મ...60
- એમ નેત્ર UNADAPના ગુડવિલ એમ્બેસેડર.......61
- જયા જેટલી ટાસ્ક ફોર્સ...61
- રિચર્ડ ડોકિંસ એવોર્ડ...61
- સ્પંદન અભિયાન...61
- ચેમ્પિયન્સ પોર્ટલ...62
- ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર માટે નામાંકિત...62
- ખેલો ઈન્ડિયા સામુદાયિક કોચ વિકાસ કાર્યક્રમ.62
- COVID-19 ટેક્નોલોજી એકસેસ પૂલ લોન્ચ.......63
- બિમલ જૂલકા સમિતિ...63
- રક્ષા મંત્રાલય અને મેક ઈન ઈન્ડિયા...63
- કલકત્તા પોર્ટ ટ્રસ્ટનું નામ બદલવામાં આવ્યું.....64
- ભારતીય ઔષધ અને હોમિયોપેથી માટે ઔષધકોષ આયોગ...64
- વિશ્વ મહાસાગર દિવસ...64
- ગૈરસૈણ ઉત્તરાખંડની ગ્રીષ્મકાલીન રાજધાની.....64
- ભારત કોલસા એકસચેન્જની સ્થાપના કરવામાં આવશે...65
- ભારત અને ડેન્માર્ક વચ્ચે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MoU) પર હસ્તાક્ષર...65
- ARPIT...65
- મહિલા એશિયન કપ-2022...65
- ઓપરેશન ડેઝર્ટ ચેઝ...66
- "અનન્યા" જંતુનાશક સ્પ્રે...66
- ફિચ રેટિંગ દ્વારા ભારતના વિકાસ દરનું અનુમાન.66
- બાળ મજૂરી વિરુદ્ધ વૈશ્વિક દિવસ...66
- ડો. રતન લાલ : વિશ્વ ખાદ્ય પુરસ્કારના વિજેતા...66
- વિશ્વ રક્તદાતા દિવસ...67
- કેપ્ટન અર્જુન...67
- ઈસરો સાયબરસ્પેસ સ્પર્ધા-2020...67
- આંતરરાષ્ટ્રીય રંગહીનતા જાગૃકતા દિવસ.......67
- જેટ ઝીરો યોજના...68
- વિશ્વ માન્યતા દિવસ...68
- નૈમિષા-2020...68

# 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા

## સત્તાવાર ભાષા

➤ તાજેતરમાં હરિયાણા રાજ્યમાં હિંદીને ન્યાયાલયની સત્તાવાર ભાષા બનાવવાની બાબતને વકીલો દ્વારા સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી છે.

### હરિયાણામાં સત્તાવાર ભાષા સંબંધિત વિવાદ :

➤ સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી અરજી અનુસાર ''હરિયાણા રાજભાષા (સુધારણા) અધિનિયમ-2020'' દ્વારા ગેરબંધારણીય અને મનમાની રૂપથી રાજ્યની તાબાની અદાલતોમાં હિંદીના ઉપયોગને એકમાત્ર સત્તાવાર ભાષાના રૂપમાં લાગુ કરવામાં આવેલ છે.

➤ વકીલો અનુસાર ન્યાયિક વહીવટી સંબંધિત કાર્યોમાં નીચેની અદાલતોમાં અંગ્રેજીનો વ્યાપક રૂપથી ઉપયોગ કરવામાં આવતો હોય છે.

➤ હિંદીને એકમાત્ર ભાષા તરીકે લાગુ કરવાથી સક્ષમ અને અકુશળ વકીલો વચ્ચે હિંદીમાં અયોગ્ય વર્ગીકરણ થશે.

➤ વકીલોના તર્ક અનુસાર સરકાર દ્વારા કરવામાં આવેલ આ સુધારો સમાનતા, ગરિમા અને આજીવિકા અપનાવવાના મૂળ અધિકારનું ઉલ્લંઘન છે.

### Back to basics : રાજભાષા અને સત્તાવાર ભાષા અંગે બંધારણીય જોગવાઈઓ

➤ ભારતીય બંધારણના અનુચ્છેદ 348(1) અંતર્ગત જોગવાઈ કરવામાં આવી છે કે સંસદ કાયદા દ્વારા અથવા અન્ય જોગવાઈ ન કરે ત્યાં સુધી સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટની બધી કાર્યવાહી અંગ્રેજીમાં રહેશે.

➤ અનુચ્છેદ 348(2) અનુસાર કોઈ રાજ્યના રાજ્યપાલ રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરીથી હાઈકોર્ટની કાર્યવાહીમાં હિંદી ભાષા અથવા એ રાજ્યના શાસનમાં ઉપયોગમાં લેવામાં આવતી કોઈ અન્ય ભાષાના ઉપયોગની મંજૂરી આપી શકે છે. પરંતુ તે હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ નિર્ણય કે આદેશ એ અંગ્રેજી ભાષામાં હોવો જોઈએ.

## PM CARES ફંડ અને RTI અધિનિયમ

➤ પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા RTI અધિનિયમ અંતર્ગત માં ગવામાં આવેલી સૂચના આપવા બાબતે એ કહીને મનાઈ ફરમાવી કે માહિતીનો અધિકાર અધિનિયમ, 2005ની કલમ 2(h) અંતર્ગત ''PM CARES ફંડ'' એ જાહેર સંસ્થા નથી.

### શા માટે આ બાબત વિવાદાસ્પદ છે ?

➤ PM CARES ફંડ અંતર્ગત રૂ. 10000 કરોડથી વધુની રકમનું દાન મળી ચૂક્યું છે. આ ફંડ અંતર્ગત પ્રથમ સપ્તાહમાં જ કોર્પોરેટ અને અન્ય હસ્તીઓ દ્વારા રૂ. 6500 કરોડની મોટી રકમ પ્રાપ્ત થઈ હતી.

➤ સરકારના મંત્રીઓ અને પ્રધાનમંત્રી આ ફંડના સદસ્યો છે. અને તેને ''જાહેર સંસ્થા'' તરીકે ન માનવી એ લોકતાંત્રિક મૂલ્યો અને પારદર્શિતા માટેનું એક જોખમ છે.

➤ ટ્રસ્ટ/ફંડનું નામ, માળખું, પ્રતીકનો ઉપયોગ વગેરે એ ''જાહેર સંસ્થા'' હોવાનું પ્રમાણ આપે છે.

➤ સરકાર દ્વારા એવું તર્ક આપવામાં આવ્યું કે PM CARES વ્યકિત અને સંગઠનોના સ્વૈચ્છિક અનુદાન પર આધીરત ફંડ છે. આથી તે જાહેર સંસ્થા પણ નથી અને નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG)ના ઓડીટથી પણ મુકત છે.

### PM CARES ફંડની મુખ્ય બાબતો :

➤ PM CARES ફંડને 28 માર્ચ, 2020ના રોજ કોઈપણ આપાતકાલીન સ્થિતિ જેવી કે COVID-19નો મુકાબલો કરવાના પ્રાથમિક ઉદ્દેશ્યથી બનાવવામાં આવ્યું હતું.

➤ તે એક ''પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ'' છે.

➤ પ્રધાનમંત્રી આ ફંડના અધ્યક્ષ છે અને રક્ષામંત્રી, ગૃહમંત્રી અને નાણામંત્રી આ ફંડના ટ્રસ્ટીઓ છે.

### Back to basics : માહિતીનો અધિકાર અધિનિયમ (Right to Information Act) અને જાહેર સંસ્થા

➤ માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 (RTI Act, 2005) અંતર્ગત જાહેર સંસ્થા તરીકે નીચેની બાબતોને વર્ગીકૃત કરાયેલ છે.

1) બંધારણ દ્વારા કે તેના હેઠળ.

2) સંસદ દ્વારા અન્ય કોઈ કાયદાથી બનાવેલ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

3) રાજ્ય વિધાનમંડળ દ્વારા અન્ય કોઈ કાયદાથી બનાવેલ
4) સરકાર દ્વારા સૂચના કે આદેશ દ્વારા સ્થાપિત અથવા ગઠિત કોઈ સંસ્થા અથવા સ્વાયત્ત સરકારી સંસ્થા.

➤ જાહેર સંસ્થાની વ્યાખ્યા અંતર્ગત સરકારની માલિકી, તેના નિયંત્રણમાં કે તેના દ્વારા પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રૂપથી કોઈ સંસ્થા કે બિન–સરકારી સંગઠનોને આપવામાં આવતી નાણાકીય સહાય વગેરેનો સમાવેશ થાય છે.
➤ જાહેર સંસ્થાની ઉપરોક્ત વ્યાખ્યા એ RTI અધિનિયમની કલમ 2(h) અંતર્ગત આપવામાં આવી છે.

## આપદા વ્યવસ્થાપન અધિનિયમ (Disaster Mangement Act)

➤ COVID-19 મહામારીનો સામનો કરવા 68 દિવસોના રાષ્ટ્રવ્યાપી લોકડાઉન લાગુ થયા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સરેરાશ એક દિવસમાં 1.3 આદેશ જાહેર કર્યા હતા.
➤ આ આદેશો "આપદા વ્યવસ્થાપન અધિનિયમ, 2005" અંતર્ગત જાહેર કરવામાં આવ્યા હતા.
➤ OVID-19 એ દેશની વૈધાનિક અને બંધારણીય સંસ્થાઓ દ્વારા નિયંત્રિત કરવામાં આવેલ પ્રથમ અખિલ ભારતીય જૈવિક આપદા છે.
➤ વર્તમાન લોકડાઉન આ અધિનિયમ અંતર્ગત લાગુ કરવામાં આવેલ છે.

### આપદા વ્યવસ્થાપનનો બંધારણીય આધાર

➤ અનુસૂચિ 7 અંતર્ગત સમવર્તી યાદીનો 23મો વિષય "સામાજિક સુરક્ષા અને સામાજિક વીમો" છે. આ બાબત આપદા વ્યવસ્થાપન અધિનિયમનો આધાર છે.
➤ સમવર્તી યાદીના 29માં વિષય મુજબ, "એક રાજ્ય બીજા ચેપી અથવા ચેપી રોગો કે પુરુષો, પ્રાણીઓ, છોડને પ્રભાવિત કરતા જીવાણુના વિસ્તારનું નિયંત્રણ"નો ઉપયોગ કરી વિશિષ્ટ કાયદો બનાવી શકે છે.
➤ વર્તમાન મહામારીના પ્રકોપને દૂર કરવા કેન્દ્ર સરકારે COVID-19 પ્રકોપને "ગંભીર ચિકિત્સાની સ્થિતિ અથવા મહામારીની સ્થિતિ"ના રૂપમાં "સૂચિત આપદા"ના રૂપમાં શામેલ કરેલ છે.

### Back to baics : આપદા વ્યવસ્થાપન અધિનિયમ-2005 વિશે

➤ આ અધિનિયમની વસ્તુ અને ઉદ્દેશ્ય અનુસાર તેનો લક્ષ્ય આપદાનું વ્યવસ્થાપન કરવાનો છે. તેમાં શમન વ્યૂહરચના, ક્ષમતા નિર્માણ અને અન્ય બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે.
➤ વર્ષ 2006માં તેને ભારતમાં લાગુ કરવામાં આવ્યો હતો.
➤ અધિનિયમ અંતગૃત ભારતના પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં "નેશનલ ડિજાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી"ની સ્થાપનાની જોગવાઈ કરવામાં આવી છે.
➤ આ અધિનિયમ કેન્દ્ર સરકારને રાષ્ટ્રીય ઓથોરીટી માટે એક રાષ્ટ્રીય કાર્યકારી સમિતિનું ગઠન કરવાનો નિર્દેશ આપે છે.
➤ બધી રાજ્ય સરકારનો એક રાજ્ય આપદા વ્યવસ્થાપન ઓથોરીટી સ્થાપિત કરવી પણ જરૂરી છે.

### અધિનિયમ અંતર્ગત કેન્દ્ર સરકારની સત્તાઓ :

➤ કેન્દ્ર સરકાર અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી (NDMA)ને અધિનિયમ અંતર્ગત સત્તાઓ પ્રાપ્ત થયેલી છે.
➤ આપદા વ્યવસ્થાપનમાં સુવિધા અથવા સહાયતા આપવા કેન્દ્ર સરકાર કોઈપણ કાયદાને લાગુ કરવા હેતુ ભારતમાં ક્યાંય પણ કોઈપણ ઓથોરીટીને નિર્દેશ આપી શકે છે.
➤ કેન્દ્ર સરકાર અને NDMA દ્વારા જાહેર કરાયેલ નિર્દેશનું પાલન કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય સરકારો અને રાજ્ય આપદા વ્યવસ્થાપન ઓથોરીટી (State Disaster Management Authority) દ્વારા કરવું જોઈએ.

## રાષ્ટ્રના નામમાં પરિવર્તન હેતુ અરજી

➤ દેશના નામને "ઈન્ડિયા"ના સ્થાને ફક્ત "ભારત" કરવા માટે એક અરજી દાખલ કરવામાં આવી હતી.
➤ અરજી અંતર્ગત એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, "ઈન્ડિયા" એ વિદેશી મૂળનું નામ છે અને ઈન્ડિયા શબ્દનો સ્ત્રોત એ ગ્રીક શબ્દ "ઈન્ડિકા" અંતર્ગત મળે છે.
➤ આથી અરજીનો ઉદ્દેશ્ય છે કે બંધારણના અનુચ્છેદ 1 માં સુધારો થવો જોઈએ. હાલમાં અનુચ્છેદ 1 અંતર્ગત "ઈન્ડિયા અર્થાત્ ભારત રાજ્યોનો સંઘ હશે" એવો ઉલ્લેખ કરવામાં આવેલો છે.
➤ અરજીકર્તાની એવી માંગ છે કે, "ઈન્ડિયા" શબ્દને અનુચ્છેદ 1 થી હટાવી દેવો જોઈએ.
➤ આ સુધારો દેશના નાગરિકોને વસાહતી ભૂતકાળમાંથી મુક્તિની ખાતરી આપશે અને પોતાની રાષ્ટ્રીયના પર ગર્વની ભાવના


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

ઉત્પન્ન કરશે. આ સાથે જ આ સુધારો આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ દ્વારા લડવામાં આવેલી સ્વતંત્રતા લડતને પણ યોગ્ય ઠેરવશે.

### Back to basics : બંધારણ સભામાં અનુચ્છેદ 1 સંબંધે ચર્ચા

- બંધારણ સભામાં અનુચ્છેદ 1 ના સંબંધે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.
- એચ. વી. કામથ દ્વારા શ્રી બાબાસાહેબ આંબેડકરની અધ્યક્ષતા ધરાવતી પ્રારૂપ સમિતિ દ્વારા આપવામાં આવેલ નામ પર વિરોધ દર્શાવયો હતો. તેમાં ઈન્ડિયા તથા ભારત એમ બે નામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- એચ. વી. કામથ દ્વારા અનુચ્છેદ 1માં સુધારો કરી દેશના પ્રાથમિક નામને "ભારત" અને વૈકલ્પિક નામના રૂપમાં "હિંદ" રાખવાની વાત કરી હતી અને ફકત અંગ્રેજી શબ્દ માટે "ઈન્ડિયા" નામનો પ્રસ્તાવ કર્યો હતો.
- બંધારણ સભાના અન્ય સદસ્ય દ્વારા કેહવામાં આવ્યું હતું કે "ઈન્ડિયા અર્થાત્ ભારત" એ સુંદર શબ્દ નથી. વેદો, મહાભારત, પુરાણો વગેરે અનુસાર પ્રાચીન સમયથી દેશનું મૂળ નામ "ભારત" છે આથી ઈન્ડિયા નામ રાખવું જોઈએ નહીં.
- આથી બંધારણ સભાના ઘણા સદસ્યો દ્વારા "ભારત" નામ રાખવા માટેનો આગ્રહ કરવામાં આવ્યો હતો. આ સાથે જ "ભારતવર્ષ" અને "હિન્દુસ્તાન" જેવા નામોના વિકલ્પો પણ સૂચવવામાં આવ્યા હતા.
- જો કે અંતમાં મતદાન કરવામાં આવ્યુ અને ભારત નામ રાખવાની બાબત પસાર થઈ ન શકી, આથી અનુચ્છેદ 1 અંતર્ગત "ઈન્ડિયા અર્થાત્ ભારત" નામ રાખવામાં આવ્યું.

## નાગાલેન્ડના ધારાસભ્યો વિરુદ્ધ ગેરલાયકાત માટે હાઈકોર્ટનો આદેશ

- ગુવાહાટી હાઈકોર્ટે નાગાલેન્ડ વિધાનસભાના અધ્યક્ષને વિપક્ષી નાગા પીપલ્સ ફ્રંટના 7 ધારાસભ્યો વિરુદ્ધ ગેરલાયકાતની કાર્યવાહી પૂર્ણ કરવા 6 અઠવાડિયાના સમયની મર્યાદામાં આદેશ પસાર કરવાનો નિર્દેશ આપ્યો છે.

### ધારાસભ્યોની ગેરલાયકાતનો મુદ્દો

- નાગા પીપલ્સ ફ્રંટ પાર્ટી દ્વારા 24 એપ્રિલ, 2019ના રોજ પોતાના 7 નિલંબિત ધારાસભ્યો વિરુદ્ધ અરજી દાખલ કરી હતી.
- પાર્ટી અનુસાર આ 7 ધારાસભ્યોએ વર્ષ 2019માં થયેલી લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારોને સમર્થન આપવાના પાર્ટીના નિર્ણયની અવગણના કરી હતી.
- પાર્ટી દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે આ 7 ધારાસભ્યો એ પાર્ટીની સદસ્યતાનો ત્યાગ કર્યો છે આથી, 10મી અનુસૂચિ અંતર્ગતના પક્ષપલટાના કાયદા અનુસાર તેમને ગેરલાયક ઠેરવવા જોઈએ.
- પાર્ટી દ્વારા આરોપ લગાવવામાં આવેલા 7 ધારાસભ્યોનું કહેવું છે કે કોંગ્રેસના ઉમેદવારને સમર્થન આપવાનો પાર્ટીનો નિર્ણય પ્રાદેશિકતાના સિદ્ધાંતની વિરુદ્ધ છે.
- નાગા પીપલ્સ ફ્રંટ (NPF) દ્વારા વર્ષ 2019ની લોકસભા ચૂંટણીમાં એક પણ ઉમેદવાર ઉભો રાખવામાં આવ્યો ન હતો.

### Back to basics : પક્ષપલટા કાયદાનું મૂલ્યાંકન

#### પ્રસ્તાવના

- પક્ષ પલટો એ રાજનીતિમાં કોઈ પદ કે સત્તાની લાલચના આધારે કરવામાં આવતો હોય છે. છેલ્લા 1-2 વર્ષના સમયગાળામાં તેનો ઉપયોગ રાજ્યોમાં રહેલી સરકારને સત્તા પરથી દૂર કરવા માટે કરવામાં આવી રહ્યો છે, જો કે પક્ષપલટા વિરુદ્ધ આપણા બંધારણમાં કાયદો પણ છે પરંતુ તેની અસરકારકતા પર હાલમાં પ્રશ્નો ઉઠી રહ્યા છે. છેલ્લા 1-2 વર્ષમાં કર્ણાટક રાજ્ય હોય કે પછી હાલમાં જ મધ્યપ્રદેશમાં સરકાર બનાવવાનો કિસ્સો હોય, રાજકીય પક્ષો દ્વારા અપનાવવામાં આવતા આ માર્ગ પર નૈતિક પ્રશ્નો પણ ઉઠાવવામાં આવ્યા છે.

#### પક્ષપલટા કાયદાનો દુરુપયોગ

- તાજેતરમાં મધ્યપ્રદેશ રાજ્યના 22 ધારાસભ્યો જે કોંગ્રેસ પક્ષના હતા. તેમના દ્વારા સ્વૈચ્છિક રાજીનામું આપી દેવામાં આવ્યું અને ત્યાર બાદ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.
- તેમના રાજીનામા આપી દેવાને કારણે સરકાર બનાવવા માટે જે બહુમતીની જરૂર છે તેનો આંકડો ઘટી ગયો. અર્થાત્ એક રાજકીય શસ્ત્રનો ઉપયોગ કરીને એક પક્ષ દ્વારા અન્ય પક્ષની સત્તા લેવામાં આવી.
- કોઈ એક સદસ્ય પક્ષપલટો કરે તો તેની ગૃહની સભ્યતા રદ થઈ શકે છે જ્યારે 2/3 સભ્યોના સમૂહમાં પક્ષ પલટો કરવામાં આવે તો તેની છૂટ આપવામાં આવે છે. આ ઉપરાંત

ધારાસભ્યો કે સંસદ સભ્યો સભ્યપદથી રાજીનામું આપીને અન્ય પક્ષમાં જોડાય ત્યારે કાયદો લાગુ થતો નથી. આથી તેની અસરકારકતા પર પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

## પક્ષ પલટા કાયદો શું છે ?

➤ રાજકીય લાભ માટે સંસદ કે રાજ્ય વિધાનમંડળના સભ્યો પક્ષ પલટો ન કરે અને રાજકીય સ્થિરતા જળવાઈ રહે તે હેતુથી 52મા બંધારણીય સુધારા અધિનિયમ, 1985 દ્વારા આ કાયદો અમલમાં મૂકવામાં આવ્યો.

➤ તે હેતુથી બંધારણમાં 10મી અનુસૂચિ પણ ઉમેરવામાં આવી. આ ઉપરાંત બંધારણના 4 અનુચ્છેદો 101, 102, 190 અને 191માં સુધારો કરવામાં આવ્યો જે સભ્યોની ગેરલાયકાત સાથે જોડાયેલ છે.

## પક્ષ પલટા કાયદા અંગેની જોગવાઈઓ

➤ નીચે આપવામાં આવેલા કિસ્સાઓમાં પક્ષ પલટા કાયદા અંગેની જોગવાઈઓ લાગુ પડે છે.

■ **ગૃહના રાજકીય પક્ષના ચૂંટાયેલ સભ્યો**

➤ જો કોઈ ગૃહના સદસ્યો રાજકીય પક્ષમાંથી ચૂંટાઈને આવ્યા હોય તો પક્ષપલટાના આધારે નીચે મુજબ તેમને ગેરલાયક ઠેરવી શકાય.

1. જો તેઓ સ્વૈચ્છાએ રાજકીય પક્ષની સદસ્યતાનો ત્યાગ કરે.
2. જો સભ્ય રાજકીય પક્ષના વ્હીપની સૂચના વિરુદ્ધ મતદાન કરે અથવા મતદાન સમયે ગેરહાજર રહે.
3. સભ્યને રાજકીય પક્ષ કોઈ ગેરરીતિ માટે 15 દિવસમાં માફી ન આપે તો તેઓ સદસ્યતા ગુમાવશે.

■ **ગૃહમાં સ્વતંત્ર રીતે ચૂંટાયેલા સભ્યો**

➤ જો અપક્ષ કે સ્વતંત્ર રીતે ચૂંટાયેલ સભ્ય કોઈ રાજકીય પક્ષમાં જોડાશે તો તેઓ પણ પક્ષ પલટાના આધારે ગેરલાયક બનશે.

■ **નામાંકિત થયેલ સદસ્યો**

➤ ગૃહમાં નામાંકિત થતા સદસ્યો જો નામાંકિત થયાના 6 મહિના પછી જો કોઈ રાજકીય પક્ષમાં જોડાશે તો તેઓ ગેરલાયક બનશે. 6 મહિનાના સમયમાં તેઓ કોઈપણ પક્ષમાં જોડાય શકે છે.

## પક્ષ પલટા કાયદાના અપવાદો

➤ ગૃહના સભ્ય અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાય અને ત્યારબાદ સ્વૈચ્છાએ રાજીનામુ આપે અને અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ તરીકે ફરજ બજાવ્યા બાદ ફરી પક્ષમાં જોડાય તો તેમના પર કાયદો લાગુ થશે નહીં.

➤ આ ઉપરાંત ગૃહના કોઈ રાજકીય પક્ષના 2/3 સભ્યો અન્ય પક્ષમાં જોડાય કે નવા પક્ષની રચના કરે તો પણ તેમના પર કાયદો લાગુ થશે નહીં. આ બાબત 91માં બંધારણીય સુધારા અધિનિયમ, 2003 દ્વારા ઉમેરવામાં આવી હતી.

## ગૃહના અધ્યક્ષની પક્ષ પલટાના નિર્ણયમાં ભૂમિકા

➤ પક્ષ પલટો કોઈ સભ્ય એ કર્યા બાદ તેને ગેરલાયક ઠેરવવાની સત્તા એ ગૃહના અધ્યક્ષ પાસે છે. અધ્યક્ષ આ બાબતને ત્યારે જ ધ્યાનમાં લે છે જ્યારે ગૃહના કોઈ સભ્ય દ્વારા પક્ષપલટાની ફરિયાદ કરવામાં આવે.

➤ અધ્યક્ષની ભૂમિકા પર સવાલ એટલે ઉઠાવવામાં આવે છે કે, પક્ષપલટાની ગેરલાયકતા ઠેરવવા અધ્યક્ષને કેટલા સમયમાં નિર્ણય લેવો તેની મર્યાદા નિશ્ચિત કરવામાં આવી નથી.

➤ આવી જ અસ્પષ્ટતાને કારણે તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા અધ્યક્ષને 4 અઠવાડિયામાં પક્ષપલટા અંગેનો નિર્ણય આપવાનું જણાવવામાં આવ્યું હતું.

## પક્ષપલટા કાયદાની બંધારણીય માન્યતા

➤ સુપ્રીમ કોર્ટ દ્વારા 'કિહોતો હોલોહન કેસ' અંતર્ગત પક્ષપલટા કાયદાને બંધારણીય રીતે માન્ય ગણવામાં આવ્યો હતો.

➤ આ ઉપરાંત કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે, સભ્યની ગેરલાયકતા સંદર્ભે અધ્યક્ષના નિર્ણયની ન્યાયિક સમીક્ષા થઈ શકે નહીં. પરંતુ આ બાબતને સુપ્રીમ કોર્ટ દ્વારા ગેરબંધારણીય જાહેર કરવામાં આવી હતી કારણ કે 'ન્યાયિક સમીક્ષા' એ બંધારણની મૂળ સંરચનાનો ભાગ છે.

## પક્ષપલટા કાયદાનું વિવેચનાત્મક મૂલ્યાંકન

| કાયદાની સકારાત્મક બાબતો | |
|---|---|
| 1) | રાજકીય રીતે સકારાત્મકતા પ્રદાન કરે છે અને સત્તા અને પદ માટે પક્ષપલટો કરતા અટકાવે છે. |
| 2) | એ બાબતની ખાતરી કરે છે કે જે પક્ષના વિશ્વાસ અને ચૂંટણી વાયદાઓ પર સભ્ય ચૂંટાય છે તે વફાદાર રહે. |
| 3) | પાર્ટી શિસ્તતા જાળવવામાં મદદરૂપ બને છે. |
| 4) | લોકોના વિશ્વાસને તૂટતા બચાવે છે. |

| કાયદાની નકારાત્મક બાબતો | |
|---|---|
| 1) | તે કોઈ મુદ્દા પર સભ્યની અસંમતિને પાર્ટી વિરુદ્ધ ગેરરીતિમાં પ્રદર્શિત કરે છે. |
| 2) | તે સભ્યોની સ્વતંત્રતા અને અભિવ્યક્તિ પર તરાપ છે. |
| 3) | સામૂહિક પક્ષપલટાને માન્ય ગણે છે. |

| | |
|---|---|
| 4) | સભ્યો પહેલા રાજીનામું આપે અને ત્યારબાદ પક્ષપલટો કરે તે ગેરલાયક જાહેર થતા નથી. તેનો ઉપયોગ સરકારને સત્તા પરથી હટાવવા કરવામાં આવે છે. |

### પક્ષપલટા કાયદામાં સુધારાઓ

➤ પક્ષપલટા અંગેની ગેરલાયકતાનો નિર્ણય કરવાની સત્તા અધ્યક્ષને છે. આ બાબતે સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં જણાવવામાં આવ્યું હતું કે ગેરલાયકતાનો નિર્ણય એક સ્વાયત્ત પંચ દ્વારા થવો જોઈએ. જેના અધ્યક્ષ નિવૃત્ત હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ હોવા જોઈએ.

➤ ચૂંટણી સુધારા પરની દિનેશ ગોસ્વામી સમિતિ મુજબ અમુક નિશ્ચિત કિસ્સાઓમાં જ ગેરલાયકતા લાગુ કરવી જોઈએ. દા.ત. અવિશ્વાસ પ્રસ્તાવ દરમિયાન જો સભ્ય પાર્ટી વ્હીપના આદેશોનું પાલન ન કરે.

➤ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા સુધારાની ભલામણ કરતા કહેવામાં આવ્યું છે કે, 10મી અનુસૂચિ અંતર્ગત ગેરલાયકતાનો નિર્ણય રાષ્ટ્રપતિ/રાજ્યપાલે ચૂંટણી પંચની સલાહને આધારે કરવો જોઈએ.

➤ કાયદા પંચની ભલામણ મુજબ, સામૂહિક પક્ષપલટાની જોગવાઈ રદ થવી જોઈએ અને જ્યારે સરકાર જોખમમાં હોય તેવા સમયે જ વ્હીપ જાહેર કરવા અને પક્ષપલટા અંતર્ગત ગેરલાયક ઠેરવવા.

## મોબ લિંચિંગ અને કાયદો

➤ પૂર્વોત્તર ભારતના એક કાયદા સમૂહ દ્વારા મોબ લિંચિંગનો સામનો કરવા સ્પષ્ટ રૂપથી કાયદાની માંગ કરી છે.

➤ અસમમાં તાજેતરમાં એક અઠવાડિયામાં બે લોકોની હત્યા કરી દેવામાં આવી હતી. આથી કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ નિયંત્રણમાં લાવવા આ માંગ કરવામાં આવી છે.

➤ હાલમાં થોડા સમય પહેલા આવી ઘટના મહારાષ્ટ્રના પાલઘર પાસે પણ બની હતી જ્યાં અફવાને લીધે લોકોએ સાધુઓ અને એક અન્ય વ્યક્તિ પર હુમલો કરી તેમની હત્યા કરી હતી.

### મોબ લિંચિંગ એટલે શું ?

➤ ધર્મ, જાતિ, લિંગ, જન્મ સ્થળ, ખોરાક, જાતીય અભિગમ, રાજકીય જોડાણ અથવા અન્ય કોઈ સંબંધિત આધાર પર ભીડ દ્વારા આયોજિત અથવા તાત્કાલિક હિંસા અથવા હિંસા ભડકાવવાના કૃત્યોને મોબ લિંચિંત અથવા ભીડ દ્વારા થતી હત્યા તરીકે ઓળખવામાં આવે છે.

➤ તેના અંતર્ગત અનિયંત્રિત ભીડ દ્વારા કોઈ દોષીને તેના દ્વારા કરેલા અપરાધ માટે માત્ર અફવાઓના આધાર પર અપરાધ કર્યા વિના તત્કાલ સજા આપવામાં આવે અથવા માર મારીને હત્યા કરવામાં આવે છે.

### મોબ લિંચિંગ સંબંધે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા દિશા-નિર્દેશો

➤ રાજ્ય સરકારે મોબ લિંચિંગ અને હિંસા અટકાવવાના પગલા માટે દરેક જિલ્લામાં એક વરિષ્ઠ પોલીસ અધિકારીને અધિકાર આપવો જોઈએ.

➤ મોબ લિંચિંગ જે સ્થળો પર થતુ હોય અથવા જિલ્લાઓ કે ગામડામાં થાય તેને રાજ્ય સરકારે ઓળખવા જોઈએ.

➤ નોડલ અધિકારી મોબ લિંચિંગથી સંબંધિત જિલ્લા સ્તર પર સમન્વયના મુદ્દાઓને રાજ્યના DGP સમક્ષ પ્રસ્તુત કરશે.

➤ મોબ લિંચિંગ એક જુદો ગુનો હશે અને ટ્રાયલ કોર્ટે દોષીઓને મહત્તમ સજા આપી એક કડક ઉદાહરણ પૂરું પાડવું.

➤ કેન્દ્ર અને રાજ્ય સરકારોએ રેડિયો, ટેલિવિઝન અને અન્ય સોશિયલ મીડિયા માધ્યમ દ્વારા પ્રસારિત કરવું કે કોઈ પણ પ્રકારના મોબ લિંચિંગ અને હિંસાની ઘટનામાં શામેલ થવા પર કાયદા અનુસાર કઠોર સજા થઈ શકે છે.

➤ કેન્દ્ર અને રાજ્ય સરકારો ભીડ અને ગંભીર હિંસાના પરિણામો વિશે રેડિયો, ટેલિવિઝન અને અન્ય મીડિયા પ્લેટફોર્મ પર પ્રસારણ કરશે.

➤ રાજ્ય પોલીસ દ્વારા લેવામાં આવેલા પગલાંને ધ્યાનમાં લીધા વિના મોબ લિંચિંગ જેવી ઘટનાઓ બાબતે સંબંધિત પોલીસ સ્ટેશન તરત જ FIR દાખલ કરશે.

➤ રાજ્ય સરકારે મોબ લિંચિંગથી પ્રભાવિત લોકોને વળતર આપવું.

➤ જો કોઈ પોલીસ અધિકારી અથવા જિલ્લા વહીવટનો અધિકારી તેની ફરજ નિભાવવામાં નિષ્ફળ જાય છે, તો તે ઈરાદાપૂર્વક બેદરકારી માનવામાં આવશે.

## માનવ રહિત વિમાન પ્રણાલી નિયમ, 2020

➤ તાજેતરમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા માનવ રહિત વિમાન પ્રણાલી નિયમ, 2020ને સૂચિત કરવામાં આવ્યા હતા.

### શા માટે નિયમો સૂચિત કરવામાં આવ્યા છે ?

- આ નિયમોને "માનવ રહિત વિમાન પ્રણાલી" અથવા "ડ્રોન" ના ઉત્પાદન, આયાત, વ્યાપાર, માલિકી તથા સંચાલનના નિયમન માટે જાહેર કરવામાં આવ્યા છે.
- આ નિયમો ડ્રોનના વ્યાવસાયિક ઉપયોગ હેતુ એક રૂપરેખાનું નિર્માણ કરશે.

### માનવ રહિત વિમાન પ્રણાલી નિયમ, 2020ની મુખ્ય બાબતો

- ફક્ત અધિકૃત કરવામાં આવેલી સંસ્થાઓ જ ડ્રોનનું વેચાણ કરી શકે છે.
- ડ્રોનની માલિકી અને સંચાલન નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશક દ્વારા અધિકૃત સંસ્થાઓ જ રાખી શકે.
- ડ્રોનને ઉડાવવા હેતુ ઓનલાઈન પરમિટ લેવી જરૂરી છે અને ઉડાન પછી તેનું વર્ણન કરવું જરૂરી છે.
- આ નિયમો તથા માપદંડો બધા ડ્રોન પર લાગુ પડે છે.
- "ડ્રોન પાયલટ લાયસન્સ" વિના 250 ગ્રામ અથવા તેનાથી ઓછા વજનવાળા નેનો ડ્રોન ચલાવી શકાય છે.
- ભારતમાં કોઈપણ માનવ રહિત વિમાન સિસ્ટમ તૃતીય પક્ષ માન્ય વીમા પોલિસી વિના ચલાવી શકાતી નથી.
- નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશકની મંજૂરી વિના માનવ રહિત વિમાન પર ભાર લઈ જઈ શકાય નહીં.
- ડ્રોનની માલિકી તથા ઉપયોગ માટે વ્યકિતની ઉંમર ઓછામાં ઓછી 18 વર્ષ હોવી જોઈએ. કંપનીઓની બાબતમાં કંપનીના વ્યવસાયનું મુખ્ય સ્થાન ભારતમાં હોવું જોઈએ તથા કંપનીના ચેરમેન અને ઓછામાં ઓછા 2/3 ડાયરેકટર ભારતીય નાગરિક હોવા જોઈએ.
- ડ્રોન સંચાલન કરનારા વ્યવસાયોની માલિકી તથા નિયંત્રણ પ્રભાવી રૂપથી ભારતીય નાગરિકો પાસે હોવી જોઈએ.

## લદ્દાખ અને જમ્મુ-કશ્મીરમાં કેન્દ્રીય વહીવટી પંચ

- ભારત સરકાર દ્વારા તાજેતરમાં કેન્દ્ર શસિત પ્રદેશ લદ્દાખ અને જમ્મુ કાશ્મીર માટે કેન્દ્રીય વહીવટી પંચની 18મી ખંડપીઠનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.
- આ પહેલા વહીવટી પંચ અધિનિયમ, 1985 અંતર્ગત ભારત સરકોર શ્રીનગર અને જમ્મુના એવા સ્થળોને નિર્દિષ્ઠ કર્યા હતા જયાં કેન્દ્રીય વહીવટી પંચ ખંડપીઠ જમ્મુ–કશ્મીર અને લદ્દાખ માટે રહેશે.

### Back to basics : પંચ (Tribunal) અને કેન્દ્રીય વહીવટી પંચ વિશે

■ **પંચો એટલે શું ?**

- પંચ ટ્રીબ્યુનલ એ અર્ધન્યાયિક ફરજો બજાવવાના હેતુસર સ્થપાયેલી વહીવટી સંસ્થા છે.
- વહીવટી પંચો એ ન તો અદાલત છે અને ન તો વહીવટી સંસ્થા છે. તે અદાલત અને વહીવટી સંસ્થાની વચ્ચે કયાંક સ્થાન પામે છે.
- ન્યાયાલયોની ગતિવિધિઓને આગળ વધારવા અને ન્યાયની માંગણીઓને આગળ વધારવા અને ન્યાયની માંગણીઓને આગળ વધારવાના પગલે અને નવા હકોના અમલીકરણની સ્થિતિની આવશ્યકતાઓથી પંચોની સ્થાપના થઈ છે.

■ **ભારતમા પંચો / ટ્રીબ્યુનલ :**

- ભારતના મૂળ બંધારણમાં પંચો / ટ્રીબ્યુનલની કોઈ જોગવાઈ ન હતી.
- 42માં બંધારણીય સુધારા અધિનિયમ, 1976 દ્વારા બંધારણમાં નવો ભાગ 14(A) ઉમેરવામાં આવયો અને તે "પંચ" તરીકે ઓળખાય છે.
- ભાગ 14(A) અંતર્ગત બે અનુચ્છેદો 323(A) અને 323(B) નો સમાવેશ થાય છે.
- અનુચ્છેદ 323(A) એ વહીવટી પંચો સાથે સંકળાયેલ છે જ્યારે અનુચ્છેદ 323(B) એ અન્ય બાબતો માટેના પંચો સાથે સંકળાયેલ છે.

■ **વહીવટી પંચો વિશે :**

- અનુચ્છેદ 323(A) એ સંસદને કેન્દ્ર, રાજ્ય, સ્થાનિક સંસ્થાઓ, જાહેર કોર્પોરેશનો અને અન્ય જાહેર સત્તાધિકારીઓની જાહેર સેવાઓમાં નિમણૂંક કરવામાં આવતી વ્યક્તિઓની સેવાની ભરતી અને શરતો સંબંધિત વિવાદોના નિર્ણય માટે વહીવટી પંચોની સ્થાપના કરવાની સત્તા આપે છે.
- ઉપરોક્ત બાબતને બીજી રીતે સમજીએ તો સંસદ એ સામાન્ય રીતે ન્યાયાલયોને જાહેર સેવા બાબતના વિવાદોને લગતા નિર્ણયને નકારી કાઢવા અને તે વિવાદો માટે વિશિષ્ટ રૂપથી અલગ વ્યવસ્થા ઉભી કરીને વહીવટી પંચની સમક્ષ મૂકે છે.
- અનુચ્છેદ 323(A) અંતર્ગત સંસદ દ્વારા 'વહીવટી પંચ અધિનિયમ 1985' પસાર કરવામાં આવ્યો. આ કાયદો "કેન્દ્રીય વહીવટી પંચ" અને "રાજ્ય વહીવટી પંચની" સ્થાપના કરવા માટે કેન્દ્ર સરકારને મંજૂરી આપે છે. આ કાયદાએ સામાન્ય ન્યાયાલયની ખર્ચાળ તેમજ લાંબી જટિલ પ્રક્રિયાઓમાંથી મુક્તિ આપી ઝડપી અને સસ્તો ન્યાય પ્રદાન કરવાના ક્ષેત્રમાં નવું પ્રકરણ ખોલ્યું.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

■ **કેન્દ્રીય વહીવટી પંચ (Central Administrative Tribunals)**

➤ કેન્દ્રીય વહીવટી પંચની સ્થાપના 1985માં કરવામાં આવી હતી.

➤ કેન્દ્રીય વહીવટી પંચ ભરતી અને તેના દ્વારા આવરી લેવામાં આવતી જાહેર સેવાની તમામ બાબતોમાં પોતાના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરે છે. તેનું અધિકારક્ષેત્ર એ સમગ્ર ભારતની સેવાઓ, કેન્દ્ર હેઠળની નાગરિક સેવાઓ અને સં રક્ષણ સેવાઓના નાગરિક કર્મચારીઓ સુધી વિસ્તરેલ છે. પરંતુ સંરક્ષણ દળના સભ્યો, સર્વોચ્ચ ન્યાયાલયના અધિકારીઓ અને કર્મચારીઓ, સંસદના સચિવાલયના કર્મચારીઓનો તેના અધિકારક્ષેત્રમાં સમાવેશ થતો નથી.

➤ કેન્દ્રીય વહીવટી પંચ એક બહુ સભ્ય સંસ્થા છે. તેમાં અધ્યક્ષ અને સભ્યોનો સમાવેશ થાય છે. હાલમાં પંચમાં એક અધ્યક્ષ છે અને 65 સભ્યો છે અને તેઓ બંને ન્યાયિક અને વહીવટી પ્રવાહોમાંથી લેવામાં આવે છે અને તેઓની રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂંક કરવામાં આવે છે.

➤ અધ્યક્ષ એ પાંચ વર્ષ સુધી અથવા 65 વર્ષ સુધી જે પણ પહેલા હોય ત્યાં સુધી કાર્યકાળ ધરાવે છે. અને સભ્યએ 5 વર્ષ અને 62 વર્ષ જે પણ પહેલા હોય ત્યાં સુધી કાર્યકાળ ધરાવે છે.

➤ વહીવટી પંચના સભ્યોની નિમણૂંક મુખ્ય ન્યાયાધીશ દ્વારા નામાંકિત કરાયેલા સર્વોચ્ચ ન્યાયાલયના કાર્યરત ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી સમિતિ દ્વારા કરવામાં આવે છે. ત્યારબાદ ભારતના મુખ્ય ન્યાયાધીશની સંમતિ પ્રાપ્ત કર્યા પછી, મંત્રીપરિષદની નિમણૂંક સમિતિની મંજૂરી સાથે રાષ્ટ્રપતિ દ્વારા તેમની નિમણૂંક કરવામાં આવે છે.

➤ કેન્દ્રીય વહીવટી પંચ એ 1908ના નાગરિક કાર્યવાહી સંહિતા (Civil Procedure Code)માં આવેલી પ્રક્રિયા દ્વારા બં ધાયેલા નથી. તે કુદરતી ન્યાયના સિદ્ધાંતો પર કાર્ય કરે છે.

➤ મૂળરૂપે કેન્દ્રીય વહીવટી પંચના આદેશો સામે અપીલ એ ફક્ત સર્વોચ્ચ ન્યાયાલયમાં કરવામાં આવતી હતી. પરંતુ ચં દ્રકુમાર કેસમાં સર્વોચ્ચ ન્યાયાલયે તેને ગેરબંધારણીય કહયું અને જાહેર કર્યુ કે કેન્દ્રીય વહીવટી પંચના આદેશો સાથે હવે ઉચ્ચ ન્યાયાલયમાં પણ અપીલ કરી શકાશે. તેથી હવે જાહેર કર્મચારીને પહેલા ઉચ્ચ ન્યાયાલયમાં સંપર્ક કરવો પડે છે અને ત્યાર બાદ સર્વોચ્ચ ન્યાયાલયમાં.

■ **રાજ્ય વહીવટી પંચ**

➤ રાજ્ય સરકારોની વિનંતી પર કેન્દ્ર સરકાર રાજ્ય સંબંધિત રાજ્ય વહીવટી પંચની સ્થાપના કરે છે.

➤ ભારતમાં આંધ્રપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઓડિશા, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને કેરળ એમ 9 રાજ્યોમાં રાજ્ય વહીવટી પંચની સ્થાપના કરવામાં આવી છે.

➤ કેન્દ્રીય વહીવટી પંચની જેમ આ પંચો રાજ્ય સરકારના કર્મચારીઓની બાબતમાં ઉપયોગમાં લેવામાં આવે છે અને સંબંધિત રાજ્યોના રાજ્યપાલ સાથે વિચાર વિમર્શ કર્યા પછી રાષ્ટ્રપતિ દ્વારા રાજ્ય વહીવટીપંચના સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે.

➤ ભારતમાં બે કે તેથી વધુ રાજ્યો માટે સંયુક્ત વહીવટી પંચની સ્થાપનાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

## અન્ય બાબતો માટે વહીવટી પંચ

➤ બંધારણના અનુચ્છેદ – 323(B) અંતર્ગત સંસદ અને રાજ્ય વિધાનસભાને નીચે મુજબની બાબતોમાં ન્યાય માટે પંચોની રચના કરવાનો અધિકાર છે.

(a) કરવેરા સંબંધિત બાબતો

(b) વિદેશી હૂંડિયામણ અંગે, જકાતી સરહદો પાર કરી કરવામાં આવતી આયાત–નિકાસ બાબત

(c) ઉદ્યોગો અને શ્રમિકોને લગતી તકરારો

(d) જમીન સુધારણા કરવા બાબત

(e) શહેરી મિલકત ઉપર ટોચ મર્યાદા મૂકવા બાબત

(f) સંસદ અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓ અંગેની બાબતો

(g) ખાદ્ય અને આવશ્યક માલ–સામાનના ઉત્પાદન અને ભાવનિયંત્રણની બાબતો

➤ અનુચ્છેદ – 323(A) અંતર્ગત માત્ર સંસદ જ પંચની રચના કરી શકે છે. જ્યારે અનુચ્છેદ – 323(B) અંતર્ગત સંસદ અને રાજ્ય વિધાનમંડળને પણ પંચ રચવાની સત્તા છે.

➤ આ પંચોના ચૂકાદા વિરુદ્ધ ન્યાયિક ઉપચારની વ્યવસ્થા છે. એટલે કે ક્રમશઃ વડી અને સર્વોચ્ચ ન્યાયાલયમાં અરજી કરી શકાય છે.

**પંચનો લાભ :**

(1) અદાલતોને રાહત

(2) યોગ્ય ન્યાય

(3) સુગમતા

(4) ઓછી ખર્ચાળ પ્રક્રિયા

➤ પંચો દ્વારા ન્યાયમાં સુગમતા આવે છે. અને ઝડપથી બદલાતી સામાજિક પરિસ્થિતિઓને આધારે ન્યાય આપી શકાય છે. આ વિશિષ્ટ પ્રકારની વ્યવસ્થા એ ઓછી ખર્ચાળ છે.

- આ વ્યવસ્થા દ્વારા કાયદાની સામાન્ય અદાલતોને ખૂબ જ રાહત આપી શકાય છે. તાજેતરમાં નેશનલ જ્યુડીશીયલ ડેટા ગ્રીડના આંકડાઓ મુજબ દેશની અલગ અલગ અદાલતોમાં 3 કરોડથી પણ વધારે ચૂકાદાઓ અનિર્ણિત (Pending) પડયા છે. તેવા સમયે આ પંચો અલગ અલગ ક્ષેત્રો માટે ઉપયોગી સાબિત થાય છે.

■ **પંચો સાથેની સમસ્યાઓ**

- ન્યાયનું પંચીયકરણ અંતર્ગત વધુ પડતો વિશ્વાસ એ પંચો પર રાખવામાં આવે છે. જે સત્તા વિભાજનના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે. કારણ કે પંચ એ કાયદાની અદાલત નથી. અને તે ઘણી ખરી રીતે કારોબારીઓ દ્વારા નિયંત્રિત છે.
- જ્યારે આંશિક રીતે તે કારોબારીઓ દ્વારા નિયંત્રિત હોય, ત્યારે તેની અંતર્ગત હિતોના વિરોધાભાસ (Conflict of Interest) ની સંભાવના પણ રહે છે. કારણકે પંચોમાં સભ્યોની નિમણૂંક, કાર્યકાળ વગેરે એ ન્યાયાધીશો જેટલું સુરક્ષિત નથી. તેથી તેમાં હિતોનો વિરોધાભાસ થવાની સંભાવના છે.
- પંચોએ ઝડપથી ન્યાય આપવા માટે બનાવવામાં આવેલા હોય છે. પરંતુ અહીં પણ અનિર્ણિત ચુકાદાઓની સમસ્યાઓ છે.પંચો સમક્ષ સરેરાશ અનિર્ણિત ચુકાદાઓનો સમયગાળો એ 3.5થી 4 વર્ષ જેટલો છે. તેથી આ સમસ્યાઓ એ પંચોની સામે ઘણા પ્રશ્નો ઉભા કરે છે.

## અનામત મૂળભૂત અધિકાર નથી : સુપ્રીમ કોર્ટ

- તાજેતરમાં તમિલનાડુ રાજ્યમાં DMK, AIADMK, CPM, તમિલનાડુ સરકાર અને તમિલનાડુની અન્ય પાર્ટીઓ દ્વારા સુપ્રીમ કોર્ટમાં NEET અંતર્ગત મેડિકલ કોલેજમાં સીટોને લઈને રાજ્યમાં 50% OBC અનામત બાબતે કેન્દ્રના નિર્ણયની વિરુદ્ધ અરજી કરી હતી.
- સુપ્રીમ કોર્ટે આ અરજી સાંભળવાથી મનાઈ કરી દીધી હતી. જસ્ટિસ એલ નાગેશ્વરરાવની અધ્યક્ષતા ધરાવતી એક પીઠ દ્વારા સુનવાઈ કરતા જણાવવામાં આવ્યુ હતું કે અનામતના અધિકારને મૂળભૂત અધિકારી વ્યાખ્યા અંતર્ગત સંબોધિત કરી શકાય નહીં.
- કોર્ટે કહયું હતું કે તમિલનાડુની બધી રાજકીય પાર્ટી OBCના કલ્યાણ માટે મળીને એકસાથે આગળ આવે તે અસામાન્ય બાબત છે પરંતુ અનામત એ મૂળભૂત અધિકાર નથી.

### અરજીકર્તાઓ પાસે અન્ય વિકલ્પ

- સુપ્રીમ કોર્ટ દ્વારા અરજીકર્તાઓ માટે હાઈકોર્ટમાં અરજી કરવાનો વિકલ્પ છોડવામાં આવ્યો છે. આથી અરજીકર્તાઓ મદ્રાસ હાઈકોર્ટમાં જઈ શકે છે.

### શું સુપ્રીમ કોર્ટમાંથી અરજી રદ્દ થયા બાદ હાઈ કોર્ટમાં જઈ શકાય ?

- ભારતમાં સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટ બંનેને મૂળભૂત અધિકાર સંબંધિત બાબતોને સીધી સાંભળવાનો હક છે.
- અરજીકર્તા અનુચ્છેદ 32 અંતર્ગત પ્રાપ્ત બંધારણીય ઈલાજના હક દ્વારા સુપ્રીમ કોર્ટમાં સીધા જઈ શકે છે અને અનુચ્છેદ 226 અંતર્ગત હાઈ કોર્ટમાં પણ જઈ શકે છે.
- હાઈ કોર્ટની આ સત્તા સુપ્રીમ કોર્ટથી અલગ અને સ્વતંત્ર છે. આથી અરજીકર્તાઓ પાસે સુપ્રીમ કોર્ટમાંથી અરજી રદ થયા પછી હાઈ કોર્ટમાં જવાનો વિકલ્પ છે.

### Back to Basics : ભારતમાં અનામતની વ્યવસ્થા

- ભારતીય બંધારણની અનુચ્છેદ 330 એ લોકસભામાં SC અને ST માટે અનામત બેઠકો સાથે સંબંધિત છે. હાલમાં લોકસભામાં SC માટે 84 અને ST માટે 47 બેઠકો અનામત છે.
- અનુચ્છેદ 332 એ રાજ્યની વિધાનસભાઓમાં SC અને ST માટે અનામત બેઠકો સાથે સંબંધિત છે. ગુજરાતમાં SC માટે 13 અને ST માટે 27 બેઠકો અનામત છે.
- અનુચ્છેદ 334 મુજબ, અનામત બેઠકો અને વિશેષ પ્રતિનિધિત્વની વ્યવસ્થા 80 વર્ષ પછી સમાપ્ત થશે. (104મો બંધારણીય સુધારા અધિનિયમ, 2020) આ વ્યવસ્થાનો લાભ SC અને STને લોકસભા અને રાજ્યોની વિધાનસભામાં અનામતના રૂપમાં મળે છે.
- જાહેર રોજગારી અંતર્ગત પણ SC અને STને અનામત આપવામાં આવે છે. આ વ્યવસ્થા અંતર્ગત વર્ષ 1990માં અન્ય પછાત વર્ગો (OBC)ને પણ અનામત આપવામાં આવ્યું હતું. અનામતનો આ લાભ વર્ગોને શૈક્ષણિક સંસ્થાઓ અંતર્ગત પણ મળે છે.

| ક્રમ | હાલમાં શૈક્ષણિક સંસ્થા તેમજ જાહેર રોજગારીમાં અનામતઠ ની સ્થિતિ | અનામતનું પ્રમાણ |
|---|---|---|
| 1 | અનુસૂચિત જાતિ (SC) | 15% |
| 2 | અનુસૂચિત જનજાતિ (ST) | 7.5% |
| 3 | અન્ય પછાત વર્ગો (OBC) | 27% |
| 4 | બિન અનામત વર્ગો | 10% |
| - | Total | 59.5% |

➤ 103મા બંધારણીય સુધારા અધિનિયમ, 2019 દ્વારા આર્થિક રીતે નબળા બિન અનામત વર્ગોને 10% અનામત આપવામાં આવ્યું હતું.

## સુપ્રીમ કોર્ટ દ્વારા અનામતની વ્યવસ્થા પરની ચિંતા

➤ સુપ્રીમ કોર્ટના 5 ન્યાયાધીશોની પીઠ દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે અન્ય પછાત વર્ગો (OBC), અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST)માં સામાજિક અને આર્થિક રૂપથી અનેક ઉન્નત ઉપવર્ગો છે. તેમના દ્વારા અનામતનો લાભ લેવાથી અન્ય વાસ્તવિક લાભાર્થીઓને લાભ મળતો નથી.

➤ સુપ્રીમ કોર્ટ મુજબ અનામતની વ્યવસ્થામાં સુધારો કરવાની જરૂરિયાત છે.

➤ અનામતનો ખ્યાલ પ્રમાણસરતા પર નહીં પરંતુ પર્યાપ્તતા પર આધારીત છે. અર્થાત્ અનામતનો લાભ જનસંખ્યાના પ્રમાણમાં નહીં પરંતુ પર્યાપ્ત પ્રતિનિધિત્વના આધારે મળવો જોઈએ.



## 23 વધુ ગૌણ વનપેદાશ વસ્તુનો લઘુત્તમ ટેકાના ભાવની સૂચિમાં સમાવેશ

- જનજાતીય બાબતોના મંત્રાલય દ્વારા લઘુત્તમ ટેકાના ભાવ (Minimum Support Price-MSP) સૂચિમાં 23 વધુ ગૌણ વન પેદાશો (Minor Forest Produce)ની વસ્તુ ઓનો સમાવેશ કરવાની ઘોષણા કરી હતી.
- તેના અંતર્ગત વન તુલસીના બીજ, વન જીરું, મશરૂમ, કાળા ચોખા, જોહર ચોખા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- જનજાતીય બાબતોના મંત્રાલય દ્વારા "લઘુત્તમ ટેકાના ભાવ દ્વારા ગૌણ વનપેદાશ વસ્તુઓના વિકાસ તથા ગૌણ વનપેદાશની મૂલ્ય શ્રેણી માટે તંત્ર" નામની કેન્દ્રીય પ્રાયોજિત યોજના અંતર્ગત MSP જાહેર કરેલ છે.
- આ યોજના દ્વારા ગૌણ વનપેદાશની સંખ્યા 50થી વધારીને 73 કરવામાં આવેલ છે.
- આ નિર્ણય એ COVID-19 મહામારીને કારણે દેશમાં ઉદ્દભવેલ પ્રતિકૂળ પરિસ્થીતમાં સહાયતા આપશે.

### લઘુત્તમ ટેકાના ભાવ દ્વારા ગૌણ વનપેદાશ વસ્તુઓના વિકાસ તથા ગૌણ વનપોદશની મૂલ્ય શ્રેણી માટે તંત્ર :

- આ યોજના 2013માં શરૂ કરવામાં આવી હતી.
- બિન–રાષ્ટ્રીયકૃત લઘુ વનપેદાશના માર્કેટિંગ અને MSPના માધ્યમથી તેનો વિકાસ એ યોજનાનો ઉદ્દેશ્ય છે.
- યોજનાથી વંચિત વનવાસીઓને સામાજિક સુરક્ષાના ક્ષેત્રમાં લાવી શકાશે અને તેમના અધિકારોમાં વધારો થશે.
- જનજાતીય સમુદાયોને જંગલથી એકત્રિત ઉપજ માટે એક ઉચિત મૂલ્ય અને વૈકલ્પિક રોજગાર એ યોજના દ્વારા પાપ્ત થશે.
- યોજના દ્વારા સંસાધનના આધારની સ્થિરતા સુનિશ્ચિત કરતા, વનવાસીઓ દ્વારા સંગ્રહ, પ્રાથમિક પ્રોસેસીંગ, પરિવહન વગેરે પ્રયાસો માટે એક ઉચિત નાણાકીય મૂલ્ય સુનિશ્ચિત કરવા હેતુ પ્રણાલી સ્થાપિત કરવામાં આવશે.
- યોજનાના માધ્યમથી ઉત્પાદનોના વેચાણથી થતી આવકથી ખર્ચને કાઢીને જે રકમ વધે છે તેનો એક હિસ્સો આદિવાસીઓને પણ આપવામાં આવશે.

### યોજનાનું અમલીકરણ :

- MSP પર ગૌણ વનપેદાશો ખરીદવાની જવાબદારી રાજ્ય દ્વારા નામાંકિત એજન્સીની રહેશે.
- બજાર મૂલ્ય નક્કી કરવા, બજાર એજન્ટોની સેવાઓનો લાભ લેવામાં આવશે.
- યોજનાના અમલીકરણ અને નિરીક્ષણ માટે જનજાતીય કાર્ય મંત્રાલય નોડલ સંસ્થા હશે. MSP એ "Tribal Cooperative Marketing Development Federation of India - TRIFED" ની તકનિકી સહાયતા લઈ મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવશે.

### ગૌણ વનપેદાશ એટલે શું ?

- વન અધિકાર અધિનિયમની કલમ 2(i) અંતર્ગત ગૌણ વનપેદાશ વિશે માહિતી આપવામાં આવેલી છે.
- તેના મુજબ બધા જ બિન–ઈમારતી લાકડાઓ, વાંસ, બ્રશવુડ, કેન, કોકન્સ, મધ, મધપૂડો, લાખ, પાંદડા, ઔષધીય છોડ વગેરેનો સમાવેશ લઘુ વનપેદાશ અંતર્ગત કરવામાં આવે છે.

## મૂડીઝ દ્વારા ભારતની રેટિંગમાં ઘટાડો

- મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસ દ્વારા ભારત સરકારની વિદેશી મુદ્રા અને સ્થાનીય મુદ્રાની લાંબાગાળાની રેટિંગને "Baaz"થી ઘટાડી "Baa3" કરી છે.
- રેટિંગમાં આ ઘટાડાએ ભારતને નિમ્ન નિવેશ ગ્રેડની શ્રેણીમાં લાવેલ છે.
- રેટિંગમાં ઘટાડાનો અર્થ એવો છે કે ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ બોન્ડ હવે પહેલાની સરખામણીએ "જોખમ યુકત" છે. કારણ કે ધીમો આર્થિક વિકાસ અને ખરાબ રાજકોષીય સ્વાસ્થ્ય સરકાર દ્વારા ચૂકવણી કરવાની ક્ષમતાને નબળી બનાવે છે.
- જ્યારે ભારતની સાર્વભૌમત્ત્વ રેટિંગમાં ઘટાડો થાય છે તો ભારત સરકારની સાથે બધી ભારતીય કંપનીઓ માટે ભંડોળ એકઠું કરવું મોંઘુ પડે છે.

### મૂડીઝ દ્વારા રેટિંગમાં ઘટાડાનું મુખ્ય કારણ

- વર્ષ 2017થી આર્થિક સુધારાનું ધીમું અમલીકરણ
- સતત ઓછો આર્થિક વિકાસ


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

➤ સરકારો (કેન્દ્ર અને રાજ્યો)ની રાજકોષીય સ્થિતિમાં ઘટાડો.

➤ ભારતના નાણાકીય ક્ષેત્રમાં વધતો તણાવ.

➤ મૂડીઝ દ્વારા આર્થિક વિકાસ હેતુ આવશ્યક માળખાકીય પડકારો જેમકે નબળું આંતરમાળખું, શ્રમ, ભૂમિ અને ઉત્પાદન બજારોમાં કઠોરતા અને વધતા નાણાકીય ક્ષેત્રના જોખમો વગેરે પર પ્રકાશ પાડેલ છે.

### આર્થિક વિકાસ, નોકરીઓ અને પ્રતિ વ્યક્તિ આવક પર મૂડીઝનો દષ્ટિકોણ

➤ મૂડીઝના અનુમાન મુજબ ચાલુ નાણાકીય વર્ષમાં ભારતના વાસ્તવિક GDPમાં 4%ની વૃદ્ધિ થશે. ત્યારબાદ નાણાકીય વર્ષ 2021-22માં તેમાં વધારો થશે. પરંતુ લાંબા ગાળા સુધી ખાનગી ક્ષેત્રમાં રોકાણ, નવી રોજગારીનું સર્જન તથા ખરાબ થયેલી નાણાકીય પ્રણાલીને કારણે વિકાસ દર પહેલાની સરખામણીએ ઓછો થઈ શકે છે.

## સોશિયલ સ્ટોક એક્સચેન્જ

➤ સોશિયલ સ્ટોક એકસચેન્જ પર સિક્યુરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) દ્વારા એક ગઠિત એક કાર્ય સમૂહે પોતાની ભલામણ પ્રસ્તુત કરી છે.

➤ સપ્ટેમ્બર 2019માં SEBI દ્વારા SBI ફાઉન્ડેશનના ડાયરેક્ટર અને ટાટા સન્સના પૂર્વ નાણાકીય ડાયરેક્ટર, ઈશાંત હૂસૈનની અધ્યક્ષતામાં એક કાર્યસમૂહનું ગઠન કરવામાં આવ્યુ હતુ.

➤ આ કાર્યસમૂહનો ઉદ્દેશ્ય સોશિયલ સ્ટોક એકસચેન્જોના નિર્માણ તથા નિયમન હેતુ સંભવિત માળખું અને નિયમો સૂચવવાનું હતુ.

➤ સામાજિક એન્ટરપ્રાઈસ અને સ્વૈચ્છિક સંગઠનો સૂચિબદ્ધ કરવા હેતુ સોશિયલ સ્ટોક એકસચેન્જનો વિચાર નાણામંત્રી દ્વારા વર્ષ 2019-20ના બજેટમાં પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

### સોશિયલ સ્ટોક એકસચેન્જ માટેના કાર્યસમૂહની ભલામણો

➤ બોન્ડ જાહેર કરવા તથા નાણાકીય ઉપાયોના માધ્યમથી બિન–નફાકારી સંગઠનોને સીધા સૂચિબદ્ધ કરવાની મંજૂરી આપવામાં આવે.

➤ સોશિયલ સ્ટોક એકસચેન્જના માધ્યમથી નાણા એકઠા કરતા સંગઠનો માટે ન્યૂનત્તમ રિપોર્ટિંગ માપદંડો પણ પ્રસ્તાવિત કરવા જોઈએ.

➤ નાણાકીય ઉપાયોમાં વૈકલ્પિક રોકાણ ભંડોળ અંતર્ગત "સામાજિક એન્ટરપ્રાઈસ રકમ" જેવા નાણાકીય તંત્રો સમાવવાનું સૂચના આપવામાં આવેલ છે.

➤ કાર્ય સમૂહ દ્વારા ક્ષમતા તૈયાર કરતા ફંડના રૂપમાં રૂ. 100 કરોડનો પ્રસ્તાવ કરવામાં આવેલ છે, જેથી ક્ષમતા તૈયાર કરતા એકમોનું નિર્માણ થાય જે ક્ષેત્રને પ્રોત્સાહિત કરશે.

➤ કાર્ય સમૂહ દ્વારા સૂચવવામાં આવ્યું છે કે સોશિયલ સ્ટોક એકસચેન્જ પર બિન–નફાકારી સંગઠનોને આપવામાં આવતી રકમને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ટહકચલના રૂપમાં માનવામાં આવે.

એકસચેન્જના માધ્યમથી ફંડોમાં સ્થાયી વધારા માટે બહુપરીમાણીય નીતિ હસ્તક્ષેપની જરૂરીયાત છે, જે સામાજિક ક્ષેત્રમાં ફંડનો સરળ પ્રવાહ અને અવરોધને ઓછો કરશે અને સોશિયલ સ્ટોક એકસચેન્જમાં સૂચિબદ્ધ સહિત સોશિયલ એન્ટરપ્રાઈસ એન્ટરપ્રાઈસ માટે રકમના નવા સ્ત્રોતો ઉપલબ્ધ કરાવશે.

### Back to basics : સોશિયલ સ્ટોક એકસચેન્જ અને સામાજિક એન્ટરપ્રાઈસ વિશે

■ **સોશિયલ સ્ટોક એકસચેન્જ વિશે :**

➤ (SSE) અંતર્ગત સામાજિક એન્ટરપ્રાઈસ અને સ્વૈચ્છિક સંગઠનોને સૂચિબદ્ધ કરવામાં આવે છે.

➤ SSE એ SEBI અંતર્ગત કાર્ય કરશે. તેનાથી સ્વૈચ્છિક સંગઠનો તથા સામાજિક એન્ટરપ્રાઈસ ઈકિવટી અને બોન્ડ તથા મ્યુચ્યુલ ફંડના રૂપમાં નાણા એકઠા કરી શકશે.

■ **સામાજિક એન્ટરપ્રાઈસ વિશે :**

➤ સામાજિક એન્ટરપ્રાઈસ એ આવક નિર્માણ કરતો વ્યવસાય છે. તેનું મુખ્ય લક્ષ્ય આરોગ્ય હેતુ અથવા સ્વચ્છ ઊર્જા જેવા સામાજિક હેતુઓ પ્રાપ્ત કરવાનો છે.

➤ જો કે આ એન્ટરપ્રાઈસ પારંપરિક વ્યવસાય કરતા અલગ છે. સામાજિક એન્ટરપ્રાઈસ દ્વારા ઉત્પન્ન લાભ/નફાનો ઉપયોગ આવશ્યક રૂપથી હિતધારકોને ચૂકવણી કરવા માટે નથી કરવામાં આવતો, તેના સ્થાને સામાજિક કાર્યક્રમોમાં પુન:રોકાણ કરવામાં આવે છે.

➤ સામાજિક ઉદ્યમીઓ તેમના દ્વારા સમાજમાં પ્રવર્તતી કોઈપણ સમસ્યાને ઓળખે છે, ત્યારબાદ સામાજિક ઉદ્યોગસાહિસિકતાના સિદ્ધાંતો દ્વારા સામાજિક પરિવર્તનો લઈને તેની સમસ્યાનું સમાધાન શોધે છે.

➤ સામાજિક ઉદ્યમીઓ પોતાની સફળતાનું મૂલ્યાંકન સમાજ પર પોતાના કાર્ય દ્વારા પડેલા પ્રભાવના રૂપમાં માપે છે.

## લઘુતમ ટેકાના ભાવ
## (Minimum Support Price-MSP)

➤ આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ માર્કેટિંગ સિઝન 2020-21 માટે બધા અનિવાર્ય ખરીફ પાકો માટે લઘુતમ ટેકાના ભાવ (MSP)ની વૃદ્ધિને મંજૂરી આપી દીધી હતી.

➤ સરકાર દ્વારા ખરીફ પાકની માર્કેટિંગ સિઝન 2020-21 માટેના ટેકાના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.

➤ ટેકાના ભાવમાં સૌથી વધુ વધારો કાળા તલમાં (પ્રતિ ક્વિન્ટલ રૂ. 755) કરવામાં આવ્યો છે.

➤ ત્યારબાદ તલમાં રૂ. 370 પ્રતિ ક્વિન્ટલનો વધારો, અડદમાં રૂ. 300 પ્રતિ ક્વિન્ટલનો વધારો અને કપાસમાં રૂ. 275 પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે.

**માર્કેટિંગ સિઝન 2020-21 માટે તમામ ખરીફ પાકોના લઘુતમ ટેકાના ભાવ**

| ખરીફ પાક | વર્ષ 2020-21 માટે MSP | MSPમાં વધારો |
|---|---|---|
| કાળા તલ | 6695 | 755 |
| તલ | 6855 | 370 |
| અડદ | 6000 | 300 |
| કપાસ (લોંગ સ્ટેપલ–લાંબો તાર) | 5825 | 275 |
| કપાસ (મીડિયમ સ્ટેપલ–મધ્યમ તાર) | 5515 | 260 |
| સૂર્યમુખીના બી | 5885 | 235 |
| તુવેર (અરહર) | 6000 | 200 |
| મગફળી | 5275 | 185 |
| સોયાબીન(પીળા) | 3880 | 170 |
| બાજરો | 2150 | 150 |
| મગ | 7196 | 146 |
| રાગી | 3295 | 145 |
| મકાઈ | 1850 | 90 |
| જુવાર (હાઈબ્રીડ) | 2620 | 70 |
| જુવાર (માલદાંડી) | 2640 | 70 |
| ડાંગર (ગ્રેડ એ) | 1888 | 53 |
| ડાંગર (સામાન્ય) | 1868 | 53 |

### Back to basics : લઘુતમ ટેકાના ભાવ (MSP) વિશે

➤ MSP એ સરકાર દ્વારા નક્કી કરવામાં આવતું એ મૂલ્ય છે જેના પર ખેડૂત પોતાની પેદાશ/ઉપજ સીઝન દરમિયાન વેચી શકે છે.

➤ જ્યારે બજારમાં કૃષિ ઉત્પાદનોનું મૂલ્ય ઘટતું હોય ત્યારે સરકાર ખેડૂતોથી MSP પર કૃષિ ઉત્પાદનોની ખરીદી કરી તેમના હિતોની સુરક્ષા કરે છે.

### MSP નક્કી કોણ કરે છે ?

➤ આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ એ ''કૃષિ ખર્ચ અને કિંમત આયોગ'' (Commission for Agriculture Costs and Prices-CAPC)ની ભલામણ પર પ્રત્યેક વાવણીના સમયની શરૂઆતમાં MSPની જાહેરાત કરે છે.

➤ વર્ષમાં 2 વખત ખરીફ અને રવિ પાકના મોસમની શરૂઆતમાં MSPની જાહેરાત કરવામાં આવે છે.

### કયાં પરીબળોને આધારે MSP નક્કી થાય છે ?

➤ CAPC દ્વારા MSPની ભલામણ કરતી વખતે MSP નક્કી કરવામાં નીચેના પરિબળોને ધ્યાનમાં રાખવામાં આવે છે જેના આધારે MSP નક્કી થાય છે.

a) માંગ અને પૂરવઠો
b) ઉત્પાદનનો ખર્ચ
c) ઘરેલું અને આંતરરાષ્ટ્રીય બંને બજારમાં ભાવના વલણો
d) આંતર–પાક સમાનતા
e) કૃષિ અને બિન–કૃષિ વચ્ચે વ્યાપારની શર્તો
f) ઉત્પાદન ખર્ચ પર લાભના રૂપમાં ન્યૂનતમ 50%
g) ઉત્પાદનના વપરાશકર્તાઓ પર MSPનો સંભવિત પ્રભાવ.

### CAPC દ્વારા લઘુતમ ટેકાના ભાવ સંબંધે ધ્યાનમાં લેવામાં આવતો ઉત્પાદન ખર્ચ :

➤ CAPC દ્વારા MSP નક્કી કરતી વખતે ઉત્પાદન ખર્ચના સંબંધે નીચેના ખર્ચનો સમાવેશ કરવામાં આવે છે.

| ઉત્પાદન ખર્ચની કિંમત | માહિતી |
|---|---|
| A2 | તેના અંતર્ગત ખેડૂતને કૃષિ પેદાશ અર્થે સીધો થતો ખર્ચ દા.ત. બીજ, ખાતર, જંતુનાશક, ભાડાના મજૂરો, સિંચાઈ વગેરેની કિંમતોનો સમાવેશ થાય છે. |

| | |
|---|---|
| A2+FL | અહીં ઉપરોક્ત A2 ખર્ચ સાથે અવેતન કુટુંબ મજૂરી (Unpaid Family Labour)નો પણ સમાવેશે કરવામાં આવે છે. |
| C2 | તે એક વધુ વ્યાપક ખર્ચ છે જેના અંતર્ગત A2 + FL ખર્ચ ઉપરાંત ખેડૂતની પોતાની માલિકીની સંપત્તિ પરના ભાડા અને વ્યાજનો પણ સમાવેશ કરવામાં આવે છે. |

## રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ

- તાજેતરમાં કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગ મંત્રી દ્વારા રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદના કામકાજની સમીક્ષા કરવામાં આવી હતી.
- મંત્રી દ્વારા ઓનલાઈન બેઠકના માધ્યમથી કાર્યની સમીક્ષા કરવામાં આવી હતી.

### બેઠકની મહત્ત્વપૂર્ણ બાબતો

- રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદની ક્ષમતાનો વધુ લાભ લઈ શકાય છે અને તે સરકાર, જાહેર ક્ષેત્રની સાથે ખાનગી ક્ષેત્રમાં સક્રિય ઉદ્યોગ અને અન્ય સંગઠનોની સાથે રહીને કામ કરી શકે છે.
- MSME ક્ષેત્રમાં લીન ઉત્પાદન (એવી વ્યવસ્થા જેમાં વધુ ઉત્પાદન અને ઓછો બગાડ થાય છે) ના અમલીકરણમાં પરિષદના સફળ અનુભવને વધુ MSMEને ફાયદો પહોંચાડવા માટે યોજનાઓના વિસ્તારમાં લાવવાની જરૂરીયાત છે.
- નદી અને સમુદ્રી પારિસ્થિતિકી તંત્રમાં પ્લાસ્ટિકના કચરા પર હાલમાં થયેલ આકરણી અધ્યયનનો ભારતને પ્લાસ્ટિક મુકત બનાવવાના ઉદ્દેશ્યથી બીજા શહેરો સુધી વિસ્તાર કરવાની જરૂરિયાત છે.
- વધુ ક્ષમતા લાવવાના ઉદ્દેશ્યથી "બોઈલર પ્રમાણપત્ર માટે કુશળ લોકોને પ્રશિક્ષણ અને પ્રમાણપત્ર"ની વર્તમાન યોજનાની સમીક્ષા કરવાની જરૂરીયાત છે.
- કેન્દ્રીય મંત્રી દ્વારા પરિષદને સલાહ આપવામાં આવી હતી કે સલાહ અને ક્ષમતા નિર્માણ સેવાઓમાં જાહેર અને ખાનગી ક્ષેત્રના વિસ્તરણ દ્વારા વર્ષ 2024 સુધીમાં તેની આવક રૂ. 300 કરોડ સુધી વધારવામાં આવે.
- પરિષદ દ્વારા સ્વચાલિત સ્થળાંતરણ અને પોસ્ટિંગ પ્રણાલીના દિલ્હી પોલીસ મોડેલને રેલવે સહિત અન્ય સંગઠનોમાં લાગુ કરવું જોઈએ. આ મોડેલને પરિષદ દ્વારા જ વિકસિત કરવામાં આવ્યું છે.
- મંત્રી દ્વારા એ બાબત પર પણ જોર આપવામાં આવ્યુ હતું કે પરિષદ પોતાની સેવા એ ભારતીય રેલ્વેને આપી શકે છે.

### Back to basics : રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ વિશે

- રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ (National Prodactivity Council-NPC) બધા ક્ષેત્રોમાં ઉત્પાદકતા સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય સ્તર પર એક સ્વાયત્ત સંગઠન છે.
- NPC ભારત સરકારના ઔદ્યોગિક પ્રમોશન અને આંતરિક વેપાર વિભાગ (Department for Promotion of Industry and Internal Trade-DPIIT) અંતર્ગત એક સ્વાયત્ત પરિષદ છે.
- તેની સ્થાપના વર્ષ 1958માં એક નોંધાયેલ સોસાયટીના રૂપમાં કરવામાં આવી હતી.
- તે એક બહુપક્ષીય, બિન–નફાકારી સંગઠન છે જેમાં તકનિકી અને વ્યાવસાયિક સંસ્થાઓ અને અન્ય હિતો ઉપરાંત માલિકો, શ્રમિક સંગઠનો અને સરકારનું સમાન પ્રતિનિધિત્વ છે.
- NPC ઉર્જા, પર્યાવરણ, વ્યવસાય પ્રક્રિયા અને ઉત્પાદકતા સુધાર માટે સલાહ અને ક્ષમતા નિર્માણ આધારિત વિશેષ સેવાઓ આપે છે.

## આવશ્યક વસ્તુ અધિનિયમમાં સુધારો

- તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા આવશ્યક વસ્તુ અધિનિયમ (Essential Commodities Act-ECA)માં સુધારો કરવા માટેની મંજૂરી આપી છે.
- સરકાર દ્વારા લેવામાં આવેલો આ નિર્ણય એ કૃષિ ક્ષેત્રમાં સુધારો કરવા અને ખેડૂતોની આવકને બમણી કરવા માટે ઉપયોગી બની રહેશે.

### કયાં સુધારાઓ આવશ્યક વસ્તુ અધિનિયમ અંતર્ગત કરવામાં આવશે ?

- સુધારા મુજબ અનાજ, દાળ, તેલીબિયાં, ખાદ્ય તેલ, ડુંગળી, બટેટા વગેરે જેવી આવશ્યક વસ્તુઓને આ અધિનિયમથી બહાર રાખવામાં આવશે.
- અધિનિયમમાં કરવામાં આવેલા આ સુધારાની કૃષિ ક્ષેત્રે લાંબા સમયથી માંગ હતી.

### ECA અધિનિયમમાં સુધારાથી થતાં લાભ

- અધિનિયમમાં સુધારો થવાથી રોકાણકારો પોતાના વ્યાવસાયિક કાર્યોમાં વધુ પડતા નિયમનના હસ્તક્ષેપથી મુકત થશે.

- ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, વિતરણ અને અપૂર્તિ કરવા માટે મળેલી સ્વતંત્રતા એ મોટા પાયે ઉત્પાદનને શકય બનાવશે.
- આ સુધારાથી કૃષિ ક્ષેત્રમાં ખાનગી/પ્રત્યક્ષ વિદેશી રોકાણ વધુ આકર્ષિત બનાવી શકાશે.
- કૃષિ ક્ષેત્રે સુધારાની જરૂરિયાત જેવી કે, કોલ્ડ સ્ટોરેજમાં વધુ રોકાણ, સપ્લાય ચેઈનનું આધુનિકીકરણ અને અન્ય આંતરમાળખામાં સુધારો વગેરે પૂરી કરી શકાશે.

### આર્થિક સર્વે 2019-20 અનુસાર આવશ્યક વસ્તુ અધિનિયમ અંગે સૂચનો

- આર્થિક સર્વે 2019-20 અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા ભારે વરસાદને લીધે સપ્ટેમ્બર, 2019માં ખરીફ પાકોની 1/4 પેદાશ બર્બાદ થવાને લીધે ડુંગળી માટે સંગ્રહ મર્યાદા નક્કી કરવામાં આવી હતી. અને તેના પર આવશ્યક વસ્તુ અધિનિયમ લાગુ કર્યો હતો.
- પરંતુ સર્વે અંતર્ગત નોંધવામાં આવ્યું છે કે સંગ્રહખોરી રોકવા લાગુ કરાયેલા આવશ્યક વસ્તુ અધિનિયમ છતાં કિંમતોની અસ્થિરતામાં વધારો થયો અને જથ્થાબંધ અને છૂટક કિંમતો વચ્ચે ખૂબ અંતર હતું.
- સર્વે અનુસાર આવશ્યક વસ્તુ અધિનિયમ એ સંગ્રહખોરી અને સંગ્રહ વચ્ચે તફાવત કરવામાં નિષ્ફળ રહયો છે.
- સર્વે મુજબ આવશ્યક વસ્તુ અધિનિયમ સ્ટોરેજ આંતરમાળખાનો વિકાસ કરવામાં આવરોધરૂપ છે. જેનાથી ઉત્પાદન થયા પછી કિંમતો ખૂબ વધી જાય છે.
- આર્થિક સર્વે 2019-20 મુજબ આવશ્યક વસ્તુ અધિનિયમ એ 1955માં લાગુ કરવામાં આવ્યો હતો અને તે સમયે અર્થવ્યવસ્થાની સ્થિતિ અલગ હતી, જો કે હાલમાં ભારત માટે પર્યાપ્ત બફર સ્ટોક છે આથી આ અધિનિયમને રદ કરવો જોઈએ.

### Back to basics : આવશ્યક વસ્તુ અધિનિયમ વિશે

- આ અધિનિયમ એ વર્ષ 1955માં ઘડવામાં આવ્યો હતો. અધિનિયમનો ઉદ્દેશ્ય એ આવશ્યક વસ્તુઓ અથવા ઉત્પાદનોની આપૂર્તિ સુનિશ્ચિત કરવા તથા સંગ્રહખોરી અને કાળાબજારી રોકવાનો હતો.
- આ અધિનિયમની સૂચિ અંતર્ગત ડ્રગ્સ, ખતરો, પેટ્રોલિયમ અને પેટ્રોલિયમ ઉત્પાદનોનો સમાવેશ કરવામાં આવે છે.
- સરકાર એ આ અધિનિયમ દ્વારા કોઈપણ પેકેજ ઉત્પાદનની મહત્તમ છૂટક કિંમત નક્કી કરી શકે છે અને કોઈપણ વસ્તુને આવશ્યક જાહેર કરી શકે છે.
- કોઈ વસ્તુની આપૂર્તિ અથવા પુરવઠો ઓછો થતા અથવા તેની કિંમતમાં વધારો થતા સરકાર નિશ્ચિત સમય માટે તેની સંગ્રહ મર્યાદાને નક્કી કરી શકે છે. રાજ્યો એ કેન્દ્રની સૂચના પર આ સીમા નિશ્ચિત કરી શકે છે અને તેના અમલીકરણને સુનિશ્ચિત કરે છે.
- જે વસ્તુ યાદીમાં સમાવવામાં આવે તેના વ્યાપારની સંબંધિત જથ્થાબંધ વ્યાપારીઓ, છુટક વેપારી અથવા આયાત કરનાર નિશ્ચિત મર્યાદાથી વધુ સંગ્રહથી પ્રતિબંધિત કરી શકે છે.
- જો કે કોઈ રાજ્ય આ પ્રકારના પ્રતિબંધ લગાવવા બંધાયેલ નથી, પરંતુ એક વખત પ્રતિબંધ લાગુ થયા બાદ વેપારીઓ દ્વારા અનિવાર્ય રૂપથી નિશ્ચિત માત્રથી વધુ સ્ટોક હોય તો એ બજારમાં વેંચી દેવો પડે છે.

### આવશ્યક વસ્તુ અધિનિયમની જરૂરિયાત / લાભો

- ગ્રાહકોને વધારે કિંમતથી સુરક્ષા આપવા માટે આ અધિનિયમ જરૂરી છે.
- સંગ્રહખોરી રોકવા તથા કાળાબજારી રોકવા માટે અધિનિયમ જરૂરી છે.
- દુકાળ અને વધુ વરસાદના સમયે કૃષિ પેદાશ નિષ્ફળ જાય તેવા કિસ્સામાં બજારમાં પુરવઠાનું સંતુલન લાવવા માટે આ અધિનિયમ જરૂરી છે.
- સરકાર દ્વારા જરૂરી પુરવઠો બજારમાં સુનિશ્ચિત કરવા ઘણી વખત આ અધિનિયમ સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ છે.

## કૃષિ પેદાશ વાણિજ્ય અને વેપાર (પ્રમોશન અને સુવિધા) વટહુકમ, 2020

- કૃષિ પેદાશના અવરોધ મુકત વેપારને વધારવા કેબિનેટ દ્વારા કૃષિ પેદાશ વાણિજ્ય અને વપોર (પ્રમોશન અને સુવિધા) વટહુકમ, 2020ને મંજૂરી આપવામાં આવી છે.

### વટહુકમ લાવવાનું મુખ્ય કારણ

- વટહુકમ અમલી બન્યા બાદ APMC (Agriculture Produce Marketing Committee)ની સીમા બહાર વધારાના વ્યાપારના અવસરો ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેથી હરીફાઈને લીધે ખેડૂતોને પોતાની પેદાશનું ઉચિત મૂલ્ય પ્રાપ્ત થાય.

- આ વટહુકમ એ ''એક દેશ, એક કૃષિ બજાર''નો માર્ગ બનાવશે અને સખત મહેનત કરતા ખેડૂતો માટે ઉત્પાદનની ઊંચી કિંમત સુનિશ્ચિત કરશે.
- વટહુકમની પહેલા ખેડૂતોને પોતાના ઉત્પાદન સરકાર દ્વારા લાયસન્સ પ્રાપ્ત ખરીદદારોને વેંચવા ફરજિયાત હતા. આ ઉપરાંત એક રાજ્યથી બીજા રાજ્યમાં આવા ઉત્પાદનોના સુગમ વ્યાપારમાં પણ અવરોધો હતા.

### વટહુકમની મુખ્ય બાબતો

- વટહુકમ ખેડૂતો માટે એક સુગમ અને મુક્ત માહોલ તૈયાર કરશે જેમાં તેમને પોતાની સુવિધા અનુસાર કૃષિ પેદાશો ખરીદવા તથા વેચવાની સ્વતંત્રતા રહેશે.
- કૃષિ પેદાશોના સુગમ વ્યાપારને સુનિશ્ચિત કરવા એક ઈ–પ્લેટફોર્મ બનાવવાનો પણ પ્રસ્તાવ કરવામાં આવેલો છે.
- આ અધિનિયમ અંતર્ગત ખેડૂતોને તેમની પેદાશના વેચાણ માટે કોઈપણ સેસ કે ઉપકર ચૂકવાનો રહેશે નહી.
- ખેડૂતો માટે વિવાદ સમાધાન માટેની પણ વ્યવસ્થા હશે.

## ખેડૂતો (સશક્તિકરણ અને સુરક્ષા) ભાવ ખાતરી પર કરાર અને ફાર્મ સેવાઓ વટહુકમ, 2020

- કેબિનેટ દ્વારા તાજેતરમાં ખેડૂતો (સશક્તિકરણ અને સુરક્ષા) ભાવ ખાતરી પર કરાર અને ફાર્મ સેવાઓ વટહુકમ, 2020ને મંજૂરી આપવામાં આવી હતી.
- ભારતીય કૃષિને ખેતરોના નાના આકારને કારણે વિખંડિત ખેતીના રૂપમાં વર્ગીકૃત કરવામાં આવે છે અને હવામાન પર નિર્ભરતા, ઉત્પાદનની અનિશ્ચિતતા અને બજારની અનિશ્ચિયતતા કૃષિની નબળાઈઓ છે. આ પરિબળોને લીધે કૃષિ જોખમ વધુ છે.

### વટહુકમથી કયાં લાભ થશે ?

- વટહુકમ ખેડૂતોને શોષણના ભય વિના સમાનતાના આધાર પર પ્રોસેસર્સ, એગ્રીગેટર્સ, જથ્થાબંધ વેપારી, મોટા છૂટક વેપારી, નિકાસકારો વગેરે સાથે જોડવામાં સક્ષમ બનાવશે.
- તેનાથી બજારની અનિશ્ચિતતાના જોખમને પ્રયોજક પર હસ્તાં તરિત કરવામાં આવશે. અને સાથે જ ખેડૂતોની આધુનિક તકનિક અને વધુ સારા ઈનપુટ સુધીની પહોંચને પણ સુનિશ્ચિત કરી શકાશે. આ સાથે જ માર્કેટિંગ માટે થતા ખર્ચમાં પણ ઘટાડો થશે અને ખેડૂતોની આવકમાં સુધાર થશે.
- આ વટહુકમ વૈશ્વિક બજારોમાં ખેડૂતોના ઉત્પાદનને પહોંચાડવા જરૂરી સપ્લાય ચેન બનાવવા ખાનગી ક્ષેત્રમાંથી રોકાણ આકર્ષવા માટે ઉત્પ્રેરક તરીકે કામ કરશે.
- ખેડૂતોની ઊંચા મૂલ્યવાળી કૃષિ માટે તકનિક અને સલાહ સુધી પહોંચ સુનિશ્ચિત થશે. સાથે જ આવી પેદાશો માટે તૈયાર બજાર મળશે.
- ખેડૂતો પ્રત્યક્ષ રૂપથી માર્કેટિંગ સાથે જોડાઈ શકશે તેનાથી વચેટિયાની ભૂમિકા સમાપ્ત થઈ જશે અને પેદાશનું ઊંચું મૂલ્ય પ્રાપ્ત થશે.
- ખેડૂતોને પર્યાપ્ત સુરક્ષા આપવામાં આવી છે અને સમાધાનની સ્પષ્ટ સમયસીમા સાથે પ્રભાવી વિવાદ સમાધાન તંત્ર પણ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

## ચૂકવણી આંતરમાળખું વિકાસ ભંડોળ (Payment Infrastructure Development Fund-PIDF)

- ભારતમાં ડિજિટલ ચૂકવણીને પ્રોત્સાહિત કરવા માટે ભારતીય રિઝર્વ બેંક દ્વારા રૂ. 500 કરોડના ભંડોળથી એક ચૂકવણી આંતરમાળખું વિકાસ ભંડોળને સ્થાપિત કરી રહયું છે.

### ચૂકવણી આંતરમાળખું વિકાસ ભંડોળ વિશે

- આ ભંડોળના નિર્માણ દ્વારા ટિયર-3 થી ટિયર-6 કેન્દ્રો અને પૂર્વોત્તર રાજ્યોમાં પોઈન્ટ ઓફ સેલ મૂળભૂત સુવિધા ભૌતિક અને ડિજિટલ એમ બંને રૂપથી સ્થાપિત કરવા પ્રાપ્તકર્તાઓને પ્રોત્સાહિત કરવામાં આવશે.
- ભારતીય રિઝર્વ બેંક આ ભંડોળમાં રૂ. 250 કરોડનું યોગદાન કરશે અને બાકીની રૂ. 250 કરોડની રકમ કાર્ડ જાહેર કરતી બેંકો અને દેશમાં સંચાલિત કાર્ડ નેટવર્કો દ્વારા આપવામાં આવશે.
- તેનું શાસન એક સલાહકાર સમિતિ દ્વારા થશે અને તેનું સંચાલન અને વહીવટ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા થશે.

## રિયલ ટાઈમ ઈલેક્ટ્રીસિટી માર્કેટ

- તાજેતરમાં ઈન્ડિયન એનર્જી એક્સચેન્જે રિયલ ટાઈમ ઈલેક્ટ્રીસિટી માર્કેટ (RTEM) લોન્ચ કર્યુ છે.

### રિયલ ટાઇમ ઈલેક્ટ્રીસિટી માર્કેટ એટલે શું ?

- રિયલ ટાઈમ ઈલેક્ટ્રીસિટી માર્કેટ એક સંગઠિત બજાર છે. જયાં ભારતના ખરીદદારો અને વેચનારો દ્વારા વાસ્તવિક સમયમાં જરૂરિયાત મુજબ વીજળીનું ખરીદ–વેચાણ થઈ શકશે.
- તે લાગુ થવાથી વાસ્તવિક સમયમાં વીજળીના બજારમાં અપેક્ષિત લચીલાપણું આવશે. સાથે જ બજારમાં ઉપલબ્ધ વધારાની વીજળીનો મહત્તમ ઉપયોગ કરી શકાશે.
- રિયલ ટાઈમ માર્કેટમાં એક દિવસમાં કુલ 48 હરાજી સત્રોનું આયોજન કરવમાં આવશે અર્થાત્ પ્રત્યેક 30 મિનિટ પર વીજળીની હરાજી કરવામાં આવશે અને સત્ર બંધ થવાના 1 કલાકની અંદર વીજળીનું વિતરણ કરવામાં આવશે.
- રિયલ ટાઈમ માર્કેટના માધ્યમથી વિદ્યુત વિતરણ કંપનીઓને સ્પર્ધાત્મક મૂલ્ય પર બજારમાં પહોંચવા માટે એક વૈકલ્પિક તંત્ર ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- લાંબાગાળા કરાર અને રિયલ ટાઈમ માર્કેટમાં ભાગદારી કરવા વીજળી ઉત્પાદક કંપનીઓ માટે વીજળી વિતરણ કંપનીઓ સાથે લાભ વહેંચવા એક તંત્ર ઉભુ કરવામાં આવશે.
- રિયલ ટાઈમ માર્કેટથી ભારતને વર્ષ 2022 સુધીમાં 175 ગીગાવોટ નવીનીકરણ ઊર્જાના પોતાના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ મળશે.

### ઈન્ડિયા એનર્જી એક્સચેન્જ વિશે

- ઈન્ડિયા એનર્જી એક્સચેન્જ એક ઈલેક્ટ્રોનિક પ્રણાલી છે જેનું કેન્દ્રીય વિદ્યુત નિયામક આયોગ દ્વારા નિયમન કરવામાં આવે છે.
- વર્ષ 2008માં તેની શરૂઆત કરવામાં આવી હતી. આ એક્સચેન્જમાં વિભિન્ન પ્લેટફોર્મ ભાગ લે છે જેમાં વીજળી ઉત્પાદકો, રાજ્ય વીજળી બોર્ડ, વીજળી વ્યાપારીઓ વગેરેનો સમાવેશ થાય છે.

## કેન્દ્રીય રોજગાર ગેરેટી પરિષદની બેઠક

- તાજેતરમાં કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી નરેન્દ્ર સિંહ તોમર દ્વારા કેન્દ્રીય રોજગાર ગેરેંટી પરિષદની 21મી બેઠકની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી.

### બેઠકની મુખ્ય બાબતો :

- આ બેઠક દરમિયાન ભારત સરકાર દ્વારા સિંચાઈ અને જળ સંરક્ષણ માટે સંપત્તિ બનાવવામાં આવી છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.
- મનરેગા (MGNREGA) અંતર્ગત કૃષિની મદદથી વ્યકિતગત સંપત્તિ બનાવવામાં આવી છે.
- COVID-19 દરમિયાન મનરેગાને સૌથી વધુ રકમ ફાળવવામાં આવી હતી. જેમાં ભારત સરકાર દ્વારા રૂ. 61,500 કરોડ અને આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત રૂ. 40,000 કરોડ ફાળવવામાં આવ્યા હતા.

### Back to basics : કેન્દ્રીય રોજગાર ગેરેંટી પરિષદ વિશે

- આ પરિષદ એ મનરેગાનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરે છે. આ સાથે જ યોજનાના અમલીકરણ માટે પણ ભારત સરકારને સલાહ આપે છે.
- પરિષદ એ મનરેગા અધિનિયમના અમલીકરણ સંબંધે વાર્ષિક અહેવાલ પણ તૈયાર કરે છે.
- અધિનિયમ અંતર્ગત પરિષદને વર્ષમાં ઓછામાં ઓછું બે વખત અનિવાર્ય રૂપથી મળવું પડે છે.
- આ બેઠક વિશેનો વૈધાનિક દરજ્જો એ મનરેગા અધિનિયમની કલમ 10 અંતર્ગત આપવામાં આવ્યો છે.
- આ પરિષદના અધ્યક્ષ એ ગ્રામીણ વિકાસ મંત્રી હોય છે.

## અટલ ઈનોવેશન મિશન ઉદ્યમિતાને પ્રોત્સાહન આપવા કાર્ય કરશે

- કાઉન્સીલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR) અને અટલ ઈનોવેશન મિશન એકબીજાના હિતોના ક્ષેત્રોમાં નવીનતા અને ઉદ્યમિતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા એકબીજા સાથે મળીને કાર્ય કરવાનો નિર્ણય લીધો છે.
- CSIR ઈન્ક્યુબેટર એ અટલ ઈનોવેશન મિશન અંતર્ગત નવી યોજનામાં વૈશ્વિક સ્તરના સ્ટાર્ટ અપને સમર્થન કરવા કામ કરશે.
- તે નવીનતાના એક મોડેલને લાવવા અને CSIR નવીનતા પાર્ક સ્થાપિત કરવા મળીને કામ કરશે.
- CSIR પોતાના મજબૂત જ્ઞાન આધારથી યોગદાન આપશે અને યોજનાને સફળ બનાવવા વૈશ્વિક સ્તરના શોધકર્તાઓ આપશે, જ્યારે અટલ ઈનોવેશન મિશન દેશમાં નવીનતા પારિસ્થિતિકી તંત્રને મજબૂત કરવા વિભિન્ન ક્ષેત્રોમાં નવીનતાને પ્રોત્સાહન આપશે.
- CSIR એ ARISEના સહયોગથી સંશોધન અને નવીનતાને પ્રોત્સાહિત કરશે.

- અટલ ઈનોવેશનની ARISE પહેલ વર્તમાનમાં MSMEમાં સંશોધન અને નવીનતાને પ્રોત્સાહિત કરવા કામ કરી રહી છે.
- જિજ્ઞાસા અને અટલ ટિંકરીંગ પ્રયોગશાળાઓ વચ્ચે ઘનિષ્ઠ સહયોગના માધ્યમથી પૂરા ભારતમાં શાળાઓમાં સમસ્યા નિવારણ માઈંડ સેટ બનાવવામાં આવશે.
- જિજ્ઞાસા એક વિદ્યાર્થી કનેક્ટ પ્રોગ્રામ છે જ્યાં પૂરા દેશમાં 3 લાખથી વધુ છાત્રો વિજ્ઞાન અને તકનિકના સપર્કમાં છે.

## મનરેગાને સૌથી વધુ ફાળવણી

- ભારત સરકાર દ્વારા વર્ષ 2020-21માં હજી સુધી MGNREGA કાર્યક્રમ અંતર્ગત રૂ. 1,01,500 કરોડની રકમ ફાળવવામાં આવી છે.
- મનરેગા યોજના શરૂ થયા પછી આ યોજના માટે ફાળવવામાં આવેલી આ સૌથી વધારે રકમ છે.
- હજી સુધી 6.69 કરોડ લોકોને યોજના અતંર્ગત કામ આપવામાં આવ્યું છે. મે, 2020માં પ્રતિ દિન યોજના માટે રૂ. 2.51 કરોડ ખર્ચ કરવામાં આવ્યા છે.

### Depth Analysis : COVDI-19 અને મનરેગા

- COVID-19ના કારણે જ્યારે રાષ્ટ્રવ્યાપી લોકડાઉન ચાલુ છે તેવા સમયમાં 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેંટી અધિનિયમ–મનરેગા' અંતર્ગત રોજગારી મેળવનાર લોકોની સંખ્યા એપ્રિલ, 2020માં અગાઉના મહિનાની સરખામણીએ ઘટીને માત્ર 1% રહી છે.

### COVID-19નો મનરેગા પર પ્રભાવ

- સરકારના આંકડાઓ મુજબ એપ્રિલ, 2020માં હજુ સુધી ફક્ત 1.9 લાખ પરિવારોને રોજગારી પ્રાપ્ત થઈ છે. જ્યારે માર્ચ, 2020માં આ આંકડો 1.6 કરોડ પરિવારો અને ફેબ્રુઆરી, 2020માં આ સંખ્યા લગભગ 1.8 કરોડ હતી.
- COVID-19ને નિયંત્રિત કરવામાં લોકડાઉન અંતર્ગત મનરેગાને કોઈ વિશેષ છૂટછાટ આપવામાં આવી નથી.
- મનરેગામાં ઘટતી રોજગારીના પરિણામે સર્વોચ્ચ ન્યાયાલયમાં અરજી કરવામાં આવી છે કે લોકડાઉન દરમિયાન બધા જ મનરેગા કાર્ડધારકોને સંપૂર્ણ મજદૂરી આપવી જોઈએ.
- જો કે COVID-19 સામે લડવા જાહેર કરાયેલ આર્થિક રાહત પેકેજ 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના' અંતર્ગત મનરેગાની મજૂરી રૂ. 182થી વધારીને રૂ. 202 કરવામાં આવી છે.

### Back to Basics : મનરેગા યોજના વિશે

- મનરેગા યોજના વર્ષ 2005માં શરૂ કરવામાં આવી હતી. જેનો મૂળ ઉદ્દેશ એ 'કામનો અધિકાર' (Right to Work)ને પૂર્ણ કરવાનો છે.
- યોજના અંતર્ગત ગ્રામીણ ક્ષેત્રમાં ઓછામાં ઓછી એક વર્ષમાં 100 દિવસની રોજગારી આપવાની જોગવાઈ છે.
- રોજગારી માટે અરજી કરનારને અરજી કર્યાના 15 દિવસની અંદર રોજગારી આપવી પડે છે અને જો રોજગારી ન મળે તો ભથ્થુ આપવાની જોગવાઈ છે.
- રોજગાર પ્રાપ્ત કરનારમાં 1/3 મહિલાઓ હોવી આવશ્યક છે.
- યોજના અંતર્ગત અરજી કરનારને સ્થાનીય સ્તર પર 5 કિમીની અંદર રોજગાર મળી રહે તે સુનિશ્ચિત કરવાનો ઉલ્લેખ છે.
- રોજગારી માટે અરજી કરનારને 18 વર્ષ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- ભારત સરકારનું ગ્રામીણ વિકાસ મંત્રાલય રાજ્ય સરકારો સાથે મળીને આ યોજનાના અમલીકરણ પર ધ્યાન રાખે છે.
- મનરેગા અંતર્ગત 'સામાજિક અન્વેશણ' કરવું ફરજિયાત છે. સામાજિક અન્વેશણ અર્થાત્ સરકારની યોજના તેના ઉદ્દેશો અને લક્ષ્યો પ્રાપ્ત કરી શકે છે કે નહીં તેનું મૂલ્યાંકન.
- ગ્રામ પંચાયત એ રોજગારી માટે અરજી સ્વીકારવી, ઘરની નોંધણી કરવી, જોબ કાર્ડ આપવા વગેરે જેવા કાર્યો માટે જવાબદાર છે.

## સચિવોના અધિકાર પ્રાપ્ત સમૂહ અને પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલની સ્થાપના

- તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા ભારતમાં રોકાણ આકર્ષિત કરવા માટે મંત્રાલયે/વિભાગોના સચિવોના અધિકાર પ્રાપ્ત સમૂહ અને પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલની સ્થાપનાને મંજૂરી આપી હતી.
- આ નવી વ્યવસ્થાથી ભારતમાં 2024-25 સુધીમાં 5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાના વિઝનને બળ મળશે.

### સચિવોના અધિકાર સમૂહનું માળખું

- કેબિનેટ સચિવ (અધ્યક્ષ)
- સીઈઓ (CEO), નીતિ આયોગ (સભ્ય)
- સચિવ, ઉદ્યોગ અને આંતરિક વેપારના પ્રમોશન વિભાગ (સભ્ય સંયોજક)

- સચિવ, વાણિજ્ય વિભાગ (સભ્ય)
- સચિવ, મહેસૂલ વિભાગ (સભ્ય)
- સચિવ, આર્થિક બાબતોના વિભાગ (સભ્ય)
- સંબંધિત વિભાગના સચિવ (વિકલ્પના રૂપમાં)

### સચિવોના અધિકાર સમૂહના ઉદ્દેશ્યો

- વિભિન્ન વિભાગો અને મંત્રાલયો વચ્ચે તાલમેલ કાયમ કરવો તથા સમયબદ્ધ સ્વીકૃતિક સુનિશ્ચિત કરવી.
- ભારતમાં વધુ રોકાણને આકર્ષિત કરવું અને વૈશ્વિક રોકાણકારોને રોકાણ સમર્થન તથા સુવિધા ઉપલબ્ધ કરાવવી.
- લક્ષિત રીતે ટોચના રોકાણકારોથી આવતા રોકાણને સરળ બનાવવું અને રોકાણના એકંદર દશ્યમાં નીતિ સ્થિરતા અને સુમેળ સ્થાપિત કરવા.
- વિભાગો દ્વારા તેની પરિયોજના નિર્માણ અને કરવામાં આવતા વાસ્તવિક રોકાણના આધાર પર રોકાણોનું મૂલ્યાંકન કરવું. આ ઉપરાંત વિભાગોને અધિકાર પ્રાપ્ત સમૂહ દ્વારા વિભિન્ન તબક્કાઓના સમાપન માટે લક્ષ્યો આપવામાં આવશે.

### પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલ વિશે

- કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે સમન્વયમાં રોકાણ યોગ્ય યોજનાઓના વિકાસ માટે એક ''પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલ''ની સ્થાપનાને પણ મંજૂરી આપવામાં આવી છે.
- તેનાથી ભારતામાં રોકાણ યોગ્ય યોજનાઓની સંખ્યામાં વધારો થશે અને પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણમાં પણ વધારો થશે.
- સચિવના માર્ગદર્શન હેઠળ, સંબંધિત કેન્દ્રીય મંત્રાલયના એક અધિકારીને રોકાણકારી પ્રોજેક્ટ અંગેની વિગતો, વ્યુહરચના, અમલીકરણ અને પ્રસારિત કરવાની કામગીરી સોંપવામાં આવશે.

### પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલના ઉદ્દેશ્યો

- બધી મંજૂરીઓ, ફાળવવા માટે જમીનની ઉપલબ્ધતા અને રોકાણકારો દ્વારા સ્વીકૃતિ/રોકાણ માટે પૂર્ણ વિસ્તૃત યોજના રિપોર્ટ સાથે યોજનાઓ તૈયાર કરવામાં આવશે.
- રોકાણ આકર્ષિત કરવા અને તેને અંતિમ રૂપ આપવા ક્રમમાં એવી મુદ્દાઓની ઓળખ કરવી જેના સમાધાન કરવાની જરૂર છે. તથા તેને અધિકાર પ્રાપ્ત સમૂહ સામે રાખવા.

## વર્ચ્યુઅલ વ્યાપાર મેળો

- તાજેતરમાં ભારતના પ્રથમ વર્ચ્યુઅલ વ્યાપાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- હસ્તશિલ્પ માટે નિકાસ પ્રમોશન કાઉન્સીલ (Export Promotion Council For Handicraft) લગભગ 200 ભારતીય નિકાસકારો માટે ચાર દિવસીય વર્ચ્યુઅલ મેળાની યજમાની કરી હતી.
- આ નિકાસકારો મુખ્યત્વે ફેશન જ્વેલરી અને સામાન ઉદ્યોગોમાંથી હતા.
- ચાર દિવસીય આ મેળો યુરોપ અને અમેરિકા જેવા બજારો પર કેન્દ્રિત હતો.
- આ વર્ચ્યુઅલ મેળા દ્વારા રૂ. 153 કરોડ વ્યાપારના અવસરો ઉત્પન્ન થયા હતા. પ્રત્યેક વેચનારને એક વર્ચ્યુઅલ સ્ટોર આપવામાં આવ્યો છે.

### વર્ચ્યુઅલ વ્યાપાર વિશે અન્ય માહિતી

- જ્યારે એક વિદેશી ખરીદનાર એક સ્ટોલ પર ક્લિક કરે છે તો વેંચનાર તેને ઉત્પાદનના ફોટા અને વીડિયો માટે નિર્દેશન કરે છે.
- જો ખરીદનાર ઉત્પાદનમાં રૂચિ રાખતા હોય તો તેને ઝૂમ અથવા સ્કાઈપના માધ્યમથી તત્કાલ વાતચીત માટે લિંક આપવામાં આવે છે. જો તે ઓર્ડર આપે તો કુરિયર સેવાઓના માધ્યમથી સામાન ડિલીવર કરવામાં આવે છે.

## ભારત સરકાર કેસર અને હીંગના ઉત્પાદનને પ્રોત્સાહન આપશે

- કેસર અને હીંગ એ દુનિયાના સૌથી કિંમતી અને મૂલ્યવાન મસાલા છે.
- ઈન્સ્ટિટયૂટ ઓફ હિમાલયન બાયોરિસોર્સિસ ટેક્નોલોજી એ હિમાચલ પ્રદેશના કૃષિ વિભાગ સાથે ભાગીદારી કરી છે. આ બંને સંસ્થાઓ ભારતમાં હીંગ અને કેસરના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા કાર્ય કરશે.

### કેસર અને હીંગના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની જરૂરીયાત

- ભારતમાં કેસર મસાલાની વાર્ષિક માંગ 100 ટન છે. જો કે તેનું સરેરાશ ઉત્પાદન વર્ષમાં ફક્ત 6-7 છે. આથી કેસરને મોટી માત્રામાં આયાત કરવામાં આવે છે.

➤ આવી જ રીતે હીંગનું ભારતનું કોઈ ઉત્પાદન નથી. ઈરાન, અફઘાનિસ્તાન અને ઉઝબેકિસ્તાનથી લગભગ 1200 ટન હીંગની આયાત કરવામાં આવે છે.

### કેસરના ઉત્પાદન માટે યોજના

➤ વર્તમાનમાં જમ્મુ–કશ્મીરમાં 2825 હેકટર ભૂમિમાં કેસરની ખેતી કરવામાં આવે છે. જ્યારે આ યોજના દ્વારા ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં કેસરની ખેતી શરૂ કરવામાં આવશે.

### હીંગના ઉત્પાદન માટે યોજના

➤ હીંગ બારમાસી છોડ છે. તેને રોપ્યાના 5 વર્ષ પછી પોતાના મૂળથી ઓલિયો–ગમ–રેઝનનું ઉત્પાદન કરે છે.

➤ હીંગને રોપવા માટે લગભગ 750 હેકટર ભૂમિને કવર કરવામાં આવશે.

➤ નેશનલ બ્યૂરો ઓફ પ્લાન્ટ જેનેટિક રિસોર્સિસના માધ્યમથી પાલનપુર સ્થિત સંસ્થાને ઈરાનથી હીંગના પ્રકારો મોકલ્યા છે. સંસ્થાને ભારતીય પરિસ્થિતિ અનુસાર ઉત્પાદનના પ્રોટોકોલને પ્રમાણિત કર્યા છે.

## ભારતનું વિદેશી મુદ્રા ભંડાર પ્રથમ વખત 500 અબજ ડોલરને પાર

➤ 5 જૂન, 2020ના સમાપ્ત થયેલા સપ્તાહ દરમિયાન ભારતનું વિદેશી મુદ્રા ભંડાર 8.2 બિલિયન ડોલરની વૃદ્ધિ સાથે 501.70 અબજ ડોલર સુધી પહોંચી ગયું હતું.

➤ આવુ પ્રથમ વખત બન્યું છે જ્યારે ભારતનું વિદેશી મુદ્રા ભંડાર એ 500 અબજ ડોલરને પાર ગયુ હોય.

➤ વિશ્વમાં સૌથી વધુ વિદેશી મુદ્રા ભંડારની સ્થિતિમાં ભારતનો ક્રમ 5મો છે જ્યારે ચીન પાસે સૌથી વધુ વિદેશી મુદ્રા ભંડાર છે.

### વિદેશી મુદ્રા ભંડાર વિશે

➤ તેને ફોરકસ રિઝર્વ અથવા અનામત ભંડોળ પણ કહેવામાં આવે છે. બેલેન્સ ઓફ પેમેન્ટ અંતર્ગત વિદેશી મુદ્રા ભંડોળને અનામત સંપતિ કહેવામાં આવે છે તથા તે મૂડી ખાતાનો ભાગ હોય છે.

➤ વિદેશી મુદ્રા ભંડાર એ કોઈ દેશમાં આંતરરાષ્ટ્રીય રોકાણની સ્થિતિ માટે એક મહત્ત્વપૂર્ણ ભાગ છે.

➤ વિદેશી મુદ્રા ભંડાર અંતર્ગત વિદેશી ચલણ, વિદેશી બેંકોમાં જમા, વિદેશી ટ્રેઝરી બિલ, ટૂંકાગાળા કે લાંબાગાળાની સરકારી સંપત્તિ, સ્પેશ્યલ ડ્રોઈંગ રાઈટ્સ-SDR (IMFનો ભાગ), સોનાના ભંડારો વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

## ડ્રાફ્ટ વિદ્યુત અધિનિયમ (સુધારણા) બિલ, 2020

➤ તાજેતરમાં ડ્રાફ્ટ વિદ્યુત અધિનિયમ (સુધારણા) બિલ, 2020ના સંદર્ભે કેટલાક રાજ્યો દ્વારા ચિંતા વ્યકત કરવામાં આવી હતી.

➤ વિરોધ કરનારા રાજ્યો અંતર્ગત પશ્ચિમ બંગાળ, પંજાબ, પુડુચેરી, કેરલ, રાજસ્થાન, ઝારખંડ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, દિલ્હી અને તેલંગાણાનો સમાવેશ થાય છે.

### બિલની વિવાદાસ્પદ બાબતો

➤ બિલ અંતર્ગત સબસિડીને સમાપ્ત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. ખેડૂતો સહિત બધા જ ઉપભોકતાઓએ ટેરિફ/શૂલ્કની ચૂકવણી કરવાની રહેશે.

➤ સબસિડીને ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફરના માધ્યમથી ઉપભોકતાઓના ખાતામાં મોકલવામાં આવશે.

રાજ્યોની ચિંતાનું કારણ એ છે કે બિલ અનુસાર ઉપભોકતાઓ દ્વારા વિદ્યુત શૂલ્કના રૂપમાં મોટી રકમની ચૂકવણી કરવી પડશે, જ્યારે સબસિડીની રકમ પછીથી મળશે.

➤ આ ઉપરાંત શૂલ્ક ચૂકવણીમાં વિલંબ થાય તો દંડ પણ કરવામાં આવશે અથવા કનેકશન કાપી નાખવામાં આવશે.

➤ આ બિલના માધ્યમથી રાજ્યોને શૂલ્ક નક્કી કરવાના અધિકારથી વંચિત રાખવામાં આવેલા છે અને આ કાર્ય કેન્દ્ર સરકાર દ્વારા નિયુકત ઓથોરિટીને સોંપવામાં આવ્યું છે.

➤ રાજ્યો શૂલ્ક નક્કી ન કરતા સ્થિતિ ભેદભાવપૂર્ણ બનશે અને કેન્દ્ર મનમાની રૂપથી શૂલ્ક વધારી શકશે.

➤ ડ્રાફ્ટ બિલની અન્ય એક જોગવાઈ અંતર્ગત રાજ્યની વીજળી કંપનીઓ માટે કેન્દ્ર દ્વારા નિર્ધારિત નવીનીકરણ ઊર્જાની ખરીદી કરવી ફરજિયાત બનાવવામાં આવેલ છે. આ પગલું ઓછી રોકડ ધરાવતી પાવર કંપની માટે હાનિકારક બનશે.

### ડ્રાફ્ટ વિદ્યુત અધિનિયમ (સુધારણા) બિલ, 2020ની અન્ય જોગવાઈઓ

➤ વર્તમાનમાં વિદ્યુત અધિનિયમ, 2003 દ્વારા વીજળીનું ઉત્પાદન, વિતરણ, પ્રસારણ, વ્યાપાર અને ઉપયોગના સંબંધમાં કાયદાઓનું નિયમન કરવામાં આવે છે.

➤ વિશેષજ્ઞો અનુસાર ઉપરોત કાયદાની અમુક જોગવાઈઓ જૂની અને અને અવ્યાવહારિક બની છે, આથી તેને અપડેટ કરવાની જરૂરિયાત છે.

➤ વિદ્યુત ક્ષેત્રમાં સઘુારા માટે ''વિદ્યુત અધિનિયમ (સંશોધન) બિલે, 2020'' રજૂ કરવામાં આવ્યું હતું.

➤ આ બિલની મુખ્ય જોગવાઈઓ નીચે. મુજબ છે :

i) **નવીનીકરણ ઊર્જા :**

➤ ઊર્જા માટે નવીનીકરણ ઊર્જાના સ્ત્રોતોથી વીજળી ઉત્પાદનનો વિકાસ અને પ્રોત્સાહન માટે એક નીતિ દસ્તાવેજ ઉપલબ્ધ કરાવાવનો પ્રસ્તાવ કરવામાં આવેલ છે.

ii) **સીમા પાર વ્યાપાર :**

➤ કેન્દ્ર સરકારને વીજળીની સીમા પાર વ્યાપાર કરવાની મંજૂરી તથા સુવિધા આપવા હેતુ નિયમો અને દિશાનિર્દેશો નક્કી કરવાની સત્તા આપવામાં આવી છે.

iii) **વિદ્યુત કરાર અમલીકરણ ઓથોરિટી :**

➤ ડ્રાફટ અંતર્ગત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં એક ''કેન્દ્રીય અમલીકરણ ઓથોરિટીની સ્થાપનાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે.

➤ આ ઓથોરિટી પાસે વિદ્યુત ઉત્પાદન અને વિતરણથી જોડાયેલ કંપનીઓ વચ્ચે વીજળીની ખરીદી, વેચાણ વગેરેના કરારને લાગુ કરવાની દીવાની અદાલત જેવી સત્તાઓ હશે.

iv) **ચૂકવણી સુરક્ષા :**

➤ ડ્રાફટ અંતર્ગત એવા તંત્રને પ્રસ્તાવિત કરવામાં આવેલ છે જેમાં ''સંબંધિત પાર્ટીઓ દ્વારા પર્યાપ્ત ચૂકવણી સુરક્ષા પર સહમત થયા વિના કોઈ પાર્ટીને વીજળીની આપૂર્તિ કરવામાં આવશે નહીં.

v) **ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર :**

➤ સબસિડીનો લાભ એ સીધો ગ્રાહકના ખાતામાં જમા થશે.

vi) **ફ્રેંચાઈઝી અને ઉપ-વિતરણ લાયસન્સ :**

➤ વિદ્યુત વિતરણ કંપનીઓ માટે પ્રસ્તાવ કરવામાં આવ્યો છે કે તેઓ ઈચ્છે તો પોતાની તરફથી કોઈ ખાસ ક્ષેત્રમાં આપૂર્તિ માટે ફ્રેંચાઈઝી કે ઉપ–વિતરણ લાયસન્સને જોડી શકે છે.

vii) **પસંદગી સમિતિઓની વ્યવસ્થાને સમાપ્ત કરવી :**

➤ કેન્દ્રીય અને રાજય આયોગોના અધ્યક્ષ અને સદસ્યોની પસંદગી માટે એક પસંદગી સમિતિનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે.

➤ આ સાથે જ કેન્દ્રીય અને રાજય વિદ્યુત નિયમન આયોગોના અધ્યક્ષ અને સદસ્યોની પસંદગી માટે એક સમાન લાયકાતોનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે.

viii) **અપીલ ટ્રિબ્યુનલને મજબૂત બનાવવા :**

➤ ડ્રાફટ અંતર્ગત અધ્યક્ષ ઉપરાંત અપીલ ટ્રિબ્યુનલની ક્ષમતાને 7 સભ્યો સુધી વધારવાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે.

➤ તેનાથી કેસોનો ઝડપથી નિકાલ થશે અને તેના માટે અનેક ખંડપીઠોની સ્થાપના કરવામાં આવશે.

➤ આ સાથે જ ટ્રિબ્યુનલના નિર્ણયોનું પાલન સુનિશ્ચિત કરવા અને તેને વધુ સશકત બનાવવાનો પણ પ્રસ્તાવ કરવામાં આવ્યો છે.

### વિદ્યુત ક્ષેત્રની વર્તમાન સમસ્યાઓ :

➤ મોટા ભાગના ગ્રામીણ ક્ષેત્રો અને કૃષિ કાર્યમાં વિદ્યુત આપૂર્તિ માટે મીટર ન હોવાને કારણે આવા ક્ષેત્રોમાં વિદ્યુત વપરાશના સંદર્ભમાં વિસ્તૃત આંકડાઓ ઉપલબ્ધ નથી.

➤ કૃષિમાં વિદ્યુત સબસિડીના કારણે રાજય સરકારો પર વધુ આર્થિક દબાણ પડયું છે, આ દબાણ વિદ્યુત ક્ષેત્રના વિકાસનો અવરોધ રહ્યું છે.

➤ વિદ્યુત વિતરણ કંપનીઓને સમય પર ચૂકવણી ન થવાને કારણે કંપનીઓની સ્થિતિ ખરાબ બની છે.

➤ વધુ સારી તકનિક અને ઉપકરણોમાં નવીનતા ન હોવાને કારણે ઉત્પાદન કેન્દ્રોથી ઉપભોકતાઓ સુધી વિદ્યુત વિતરણ દરમિયાન ભારે માત્રામાં ઊર્જાની હાનિ મોટી સમસ્યા છે.

➤ સરકાર પર સબસિડીના દબાણને ઓછું કરવા ક્રોસ સબસિડી જેવી નીતિઓ અપનાવવાને લીધે ઔદ્યોગિક ક્ષેત્ર પર નકારાત્મક પરિણામ જોવા મળ્યા છે.

➤ કોઈ એક વર્ગ કે સમૂહને ઓછા દર પર સેવાઓ કે ઉત્પાદન ઉપલબ્ધ કરાવવા કોઈ અન્ય સમૂહથી વધુ દર વસૂલ કરવાને ક્રોસ સબસિડી તરીકે ઓળખવામાં આવે છે.

## યુનિવર્સલ બેઝિક ઈન્કમ
## (Universal Basic Income-UBI)

➤ રાષ્ટ્રીય માવાધિકાર આયોગ દ્વારા સંયુકત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદને સૂચિત કરવામાં આવેલ છે કે યુનિવર્સલ બેઝિક ઈન્કમને લાગુ કરવાની સલાહ એ કેન્દ્ર સરકાર અંતર્ગત વિચારાધીન છે.

### યુનિવર્સલ બેઝિક ઈન્કમ એટલે શું ?

➤ યુનિવર્સલ બેઝિક ઈન્કમ (UBI) એ દેશના પ્રત્યેક નાગરિકને આપવામાં આવતી સામયિક અને વિના શર્તે આપવામાં આવતી આવક છે.

- UBI માટે વ્યકિતની સામાજિક કે આર્થિક સ્થિતિ પર વિચાર કરવામાં આવતો નથી.
- UBIના ખ્યાલની મુખ્ય 2 વિશેષતાઓ છે :
  (i) UBI પોતાની પ્રકૃતિમાં સાર્વત્રિક છે અર્થાત્ કોઈ એક વર્ગ કે સમૂહને લક્ષિત કરવામાં આવતો નથી.
  (ii) UBI વિના કોઈપણ શર્તે આપવામાં આવે છે. તેના માટે યોગ્યતા હોવા બેરોજગારીની સ્થિતિ કે સામાજિક–આર્થિક ઓળખ સાબિત કરવાની જરૂરીયાત નથી.
- UBI માટે ભારતના નાગરિક હોવું જરૂરી છે અને તે વ્યકિતને આજીવિકા માટે દર મહિને સરકાર દ્વારા આપવામાં આવે છે.

## વર્તમાનમાં UBIની જરૂરીયાત

- COVID-19 મહામારીનો સામનો કરવા વિશ્વભરમાં દેશોની સરકારોએ લોકડાઉન અને સામાજિક અંતર જેવા ઉપાયોને લાગુ કર્યા છે.
- આ ઉપાયોથી અર્થવ્યવસ્થાના દરેક ક્ષેત્રમાં નુકસાન થયું છે. આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (International Monetary Fund-IMF) દ્વારા વર્તમાન આર્થિક સંકટને વર્ષ 1929ની આર્થિક મંદી પછીની સૌથી ખરાબ સ્થિતિ માનવામાં આવે છે.
- ભારતમાં લગભગ 90% શ્રમબળ ન્યૂનતમ મજૂરી અથવા સામાજિક સુરક્ષા વિના અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. લોકાડાઉનના પરિણામે તેમની સ્થિતિ સૌથી વધુ ખરાબ બની છે.
- આથી UBI દ્વારા નિયમિત ચૂકવણીના માધ્યમથી અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને આજીવિકા અર્થવ્યવસ્થા સામાન્ય થાય ત્યાં સુધી આપી શકાય છે.

## UBI પર આર્થિક સર્વે 2017-18

- આર્થિક સર્વે ગરીબી ઓછી કરવાના પ્રયાસોમાં વિભિન્ન સામાજિક કલ્યાણ યોજનાઓના વિકલ્પના રૂપમાં UBIની વકાલત કરે છે.
- સર્વે અનુસાર ગરીબોની મદદ કરવા એક વધુ કુશળ રીતે UBIના માધ્યમથી સંસાધનો આપી શકાય છે.
- હાલની કલ્યાણકારી યોજનાઓના વિભિન્ન પ્રકાર કરતા UBI એક વધુ સારો વિકલ્પ રહેશે.
- જનધન–આધાર–મોબાઈલ (JAM) પ્લેટફોર્મ માધ્યમથી ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફરના માધ્યમથી વહીવટી કાર્યક્ષમતા વધુ અસરકારક બનશે.

## UBIનું વિવેચનાત્મક મૂલ્યાંકન

| UBIના લાભ | UBI સામે પડકારો |
|---|---|
| નાગરિકોને સુરક્ષિત આવક આપી શકાય છે. | ભારત જેવા વિકાસશીલ દેશમાં તેને અમલી બનાવવી પડકાર છે. |
| સમાજમાં ગરીબી અને અસમાનતા ઓછી કરી શકાય છે. | સમાજના ઉચ્ચ વર્ગોને આ આવકની જરૂરીયાત જરૂરીયાત નથી. જ્યારે UBIનો ખ્યાલ બધાને સમાન ગણે છે. |
| જેમની પાસે આવક નથી તેમની ખરીદ શકિતમાં વૃદ્ધિ થાય છે, જેથી કુલ માંગમાં વધારો થશે. | સરકારને એટલી આવક નથી જેનાથી તેનો ખર્ચ ઉઠાવી શકે. |
| સરકારી નાણાના ખોટા ખર્ચમાં ઘટાડો | UBI અંતર્ગત એક ચોક્કસ રકમ નક્કી કરવી એ પડકાર છે. |
| | જે લોકો બેંન્કિંગ સુવિધા સાથે જોડાયેલા નથી તેના સુધી લાભ કેમ પહોંચાડવો તે પડકાર છે. |

## UBI માટે આગળનો માર્ગ

- UBI ત્યારે જ સંભવ છે જ્યારે કર માળખાને પ્રગતિશીલ બનાવવામાં આવે અને સરકારની આવકમાં વધારો થાય.
- ભારતમાં ઓટોમેશનનો ઉપયોગ કરતી કંપની પર વધારે કર લગાવી તેનાથી થતી આવકનો ઉપયોગ UBI માટે કરી શકાય છે.
- જરૂરીયાત વિના થતી આયાત તથા ખર્ચાઓ પર કાંપ મૂકી તે રકમનો ઉપયોગ UBI માટે કરી શકાય છે.
- UBIને સંપૂર્ણ રીતે લાગુ ન કરતા આંશિક રીતે આર્થિક નબળા વર્ગો માટે જ પ્રભાવી બનાવવી જેથી આવકની અસમાનતા ઘટાડવામાં મદદ મળે.
- જો તેને લાગુ કરવામાં આવે છે તો એ ભારતની જનતાના સ્વાસ્થ્ય, શિક્ષા અને અન્ય નાગરિક સુવિધાઓમાં સુધાર સાથે તેમના જીવન સ્તરને ઉઠાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું બની શકે છે.
- UBI એ કલ્યાણકારી અને સામાજિક વિકાસ કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે.

# પી. કે. મોહંતી પેનલ

- તાજેતરમાં RBI દ્વારા પી. કે. મોહંતી પેનલનું ગઠન કરવામાં આવ્યું છે. આ પેનલનો ઉદ્દેશ્ય એ ખાનગી બેંકોની માલિકીના દિશા–નિર્દેશોની સમીક્ષા કરવાનું છે.

### શા માટે આ મહત્વપૂર્ણ છે ?

- વર્ષ 2020માં RBI અને ખાનગી બેંક કોટક મહિન્દ્રા બેંક વચ્ચે પ્રમોટર્સના હિસ્સાના સંદર્ભે અદાલતની બહાર સમાધાન થયું હતું.
- RBI દ્વારા કોટક મહિન્દ્રા બેંકનો હિસ્સો એ 26% રાખવાની મંજૂરી આપવામાં આવી હતી.

### પી. કે. મોહંતી પેનલના કાર્યો

- પી. કે. મોહંતી પેનલના મુખ્ય કાર્યો એ નીચે મુજબના રહેશે :

1) ખાનગી ક્ષેત્રની બેંકોની માલિકી પર હાલના નિયમન અને દિશાનિર્દેશોની ઓળખ કરવી.
2) બેંકોના નિયંત્રણ તથા માલિકીના કેન્દ્રીકરણના સમાધાન હેતુ માપદંડો સૂચવવા.
3) બેંન્કિંગ લાયસન્સ હેતુ અરજી કરવા વ્યકિતઓની યોગ્યતાના માપદંડોની સમીક્ષા કરવી.
4) પેનલ દ્વારા શરૂઆતી–લાયસન્સના સ્તર પર પ્રમોટર્સના હિસ્સા સંબંધિત નિયમો અને હિસ્સો ઘટાડવાની સમયસીમા નક્કી કરવી.
5) સૂચનો આપતી વખતે સમિતિએ માલિકી અને નિયંત્રણ પર વધુ ધ્યાન આપનારા મુદ્દાઓ તથા આંતરરાષ્ટ્રીય વ્યવહાર અને ઘરેલું જરૂરીયાતો પર વિશેષ ધ્યાન આપવું.
6) બિન–સહકારી નાણાકીય હોલ્ડિંગ કંપનીના માધ્યમથી નાણાકીય સહાયક કંપનીઓના સંચાલન પર હાલના નિયમોનો અભ્યાસ કરવો અને બધી બેંકો માટે સમાન નિયમનમાં લાવવા પોતાના સૂચનો આપવા.

## ઈન્ડિયન ગેસ એકસચેન્જ

- તાજેતરમાં ઈન્ડિયન એનર્જી એકસચેન્જ દ્વારા પ્રથમ ગેસ ટ્રેડિંગ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવેલ છે.
- ઈન્ડિયન ગેસ એકસચેન્જ એ પ્રથમ રાષ્ટ્રવ્યાપી ઓનલાઈન વિતરણ આધારિત ગેસ ટ્રેડિંગ પ્લેટફોર્મ છે.
- ઈન્ડિયન ગેસ એકસચેન્જ (IEX) એ ઓનલાઈન ગેસ ટ્રેડિંગ પ્લેટફોર્મ ઈન્ડિયન એનર્જી એકસચેન્જની સહાયક કંપનીના રૂપમાં કાર્ય કરશે.
- કુદરતી ગેસની ભૌતિક ડિલીવરી માટે આ પ્રથમ ઓનલાઈન ગેસ ટ્રેડિંગ પ્લેટફોર્મ હશે. આ પ્લેટફોર્મ પર પ્રાકૃતિક ગેસનો વ્યાપાર એ રૂપિયામાં કરવામાં આવશે.
- આ પ્લેટફોર્મ ગ્રાહકોને એકીકૃત વેપારનો અનુભવ પ્રદાન કરવા માટે વેબ આધારિત ઈન્ટરફેસ સાથે સંપૂર્ણ સ્વચાલિત છે.

### ઈન્ડિયન ગેસ એકસચેન્જ (IGX)ની અન્ય બાબતો

- IGX એક ડિજિટલ ટ્રેડિંગ પ્લેટફોર્મ છે જેના પર પ્રાકૃતિક ગેસના ખરીદદારો અને વેચાણકારોને સ્પોટ માર્કેટ તથા ફોરવર્ડ માર્કેટમાં વ્યાપારની અનુમતિ આપવામાં આવશે.
- પ્રાકૃતિક ગેસના મુખ્ય 3 કેન્દ્રો–ગુજરાતમાં હજીરા અને દહેજ તથા આંધ્રપ્રદેશના કાકીનાડાને IGX સાથે જોડવામાં આવશે.
- IGX પર આયાત કરવામાં આવતા કુદરતી ગેસનો વ્યાપાર થઈ શકશે. ઘરેલુ ઉત્પાદિત થતાં કુદરતી ગેસની કિંમત સરકાર દ્વારા નક્કી થાય છે આથી તેનો વ્યાપાર IGX પર નહીં થાય.
- આયાત કરવામાં આવતા પ્રાવહીકૃત કુદરતી ગેસ (LPG)નું પુનઃગેસીકરણ કરવામાં આવશે અને તેને IGXના માધ્યમથી વેંચી શકાશે.

## સમાયોજિત કુલ આવક (Adjusted Gross Revenue)

### સમાયોજિત કુલ આવક શું છે ?

- સમાયોજિત કુલ આવક (Adjusted Gross Revenue-AGR)એ દૂરસંચાર વિભાગ (Department of Telecommunication) દ્વારા દૂરસંચાર ઓપરેટરો પાસેથી લેવામાં આવતી ઉપયોગ તથા લાયસન્સ શૂલ્કની રકમ છે.
- AGRને ફાળવવામાં આવતા સ્પેકટ્રમના ઉપયોગ શૂલ્ક તથા લાયસન્સ શૂલ્કમાં વિભાજીત કરવામાં આવે છે.

### AGR સંબંધિત વિવાદ

- પાછલા વર્ષે AGRની વ્યાખ્યા સંબંધે દૂરસંચાર કંપનીઓ અને સરકાર વચ્ચે વિવાદ થયો હતો અને વિવાદને કોર્ટમાં લઈ જવામાં આવ્યો હતો.
- દૂરસંચાર વિભાગ (સરકારના મતે) AGRની ગણતરી દૂરસંચાર કંપનીઓ દ્વારા કુલ આવક થાય તેના આધારે થવી જોઈએ. તેમાં બિન–દૂરસંચાર સ્ત્રોતો જેમકે જમા રકમ પર વ્યાજ તથા સંપત્તિઓના વેચાણથી પ્રાપ્ત થતી આવકનો પણ સમાવેશ થવો જોઈએ.

- બીજી તરફ ટેલિકોમ કંપનીઓ માત્ર દૂરસંચાર સ્ત્રોત/ સેવાઓથી પ્રાપ્ત થતી રકમની ગણતરી AGRમાં થાય તેવી માંગ કરતા હતા.
- વર્ષ 2019માં આ વિવાદ પર સુપ્રીમ કોર્ટે પોતાનો નિર્ણય આપ્યો હતો. જેના અંતર્ગત સરકારે નક્કી કરેલી AGRની રકમને માન્ય રાખી હતી.
- AGRની આ વ્યાખ્યાને લીધે દૂરસંચાર કંપની વોડાફોન આઈડિયા પર રૂ. 2.2 લાખ કરોડનું દેવું થયું છે.

### શા માટે હાલમાં AGR વિવાદમાં છે ?

- સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટના વર્ષ 2019ના નિર્ણયનો ઉપયોગ કરી દૂરસંચાર વિભાગ દ્વારા જાહેર ક્ષેત્રના ઉપક્રમો (Public Sector Undertaking-PSU) પાસેથી સમાયોજિત કુલ આવક (AGR) અંતર્ગત રૂ. 4 લાખ કરોડની માંગ કરી છે.
- સુપ્રીમ કોર્ટ અનુસાર દૂરસંચાર વિભાગે સુપ્રીમ કોર્ટના નિર્ણયનો દુરુપયોગ કર્યો છે અને PSU પાસેથી આ રકમ માંગવી યોગ્ય નથી.
- સુપ્રીમ કોર્ટની ખંડપીઠે જણાવ્યું હતું કે વર્ષ 2019ના આ નિર્ણયને જાહેર ક્ષેત્રના ઉપક્રમોથી રકમ માંગવાનો આધાર બનાવી શકાય નહી કારણ કે વર્ષ 2019નો નિર્ણય જાહેર ક્ષેત્રના ઉપક્રમો સાથે સંબંધ ધરાવતો નથી.

## નાણા આયોગ અનુદાન તથા અન્ય ટ્રાન્સ્ફર

- COVID-19ના લીધે રાજ્યોની આવક પર પ્રતિકૂળ અસર પડી છે. આ સાથે જ રાજ્યોની મહેસૂલી ખાદ્યમાં પણ વધારો થયો છે.
- કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા COVID-19 મહામારી દરમિયાન પોતાના સંસાધનોમાં વધારો કરવા 14 રાજ્યોને "મહેસૂલી ખાદ્ય અનુદાન" (Revenue Deficit Grant) ના રૂપમાં રૂ. 6195 કરોડની રકમ આવી છે.
- કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા આ રકમ એ બીજો હપ્તો છે જે 15માં નાણા આયોગની ભલામણોના અનુરૂપ આપવામાં આવેલ છે.
- મહેસૂલી ખાદ્ય અનુદાન દ્વારા રાજ્યોને COVID-19 મહામારી દરમિયાન વધુ સંસાધનો એકઠા કરવામાં મદદ મળશે.
- નાણા આયોગ એ કેન્દ્રથી રાજ્યને વહેંચવામાં આવતા નાણા માટે માપદંડો નક્કી કરે છે. આ માપદંડોના આધારે આવકને કેન્દ્રથી રાજ્યો વચ્ચે વહેંચવામાં આવે છે.

### રાજ્યોનો હિસ્સો નક્કી કરતા માપદંડો

- 15માં નાણા પંચ આયોગ દ્વારા કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કરની વહેંચણી કરવા મુખ્ય 6 માપદંડોનો ઉપયોગ કરવામાં આવે છે.
- આ માપદંડોને વિવિધ ભાર (Weight) આપવામાં આવે છે. આ માપદંડો નીચે મુજબ છે :

**રાજ્યોનો કરમાં હિસ્સો નક્કી કરતા માપદંડો**

| માપદંડ | ભાર (Weight) |
|---|---|
| આવકથી અંતર | 45% |
| ક્ષેત્રફળ | 15% |
| વન અને ઈકોલોજી | 10% |
| વર્ષ 2011ની વસ્તી | 15% |
| વસ્તી વિષયક કામગીરી | 12.5% |
| કર માટેના પ્રયાસો | 2.5% |

- 15માં નાણા પંચ આયોગ દ્વારા કેન્દ્રથી રાજ્યોને વહેંચવામાં આવતા કરનો હિસ્સો 41% છે જે 14માં નાણા આયોગ કરતા 1% ઓછો છે.

### Back to basics : નાણા પંચ આયોગ વિશે

■ **નાણા પંચ (Finance Commission) :**

- બંધારણના અનુચ્છેદ – 280 અંતર્ગત નાણા પંચની રચના કરવામાં આવે છે.
- સામાન્ય રીતે દર 5 વર્ષે રાષ્ટ્રપતિ દ્વારા નાણા પંચની નિમણૂંક કરવામાં આવે છે.
- નાણા પંચમાં 1 અધ્યક્ષ અને 4 અન્ય સભ્યો એમ કુલ 5 સભ્યો હોય છે.

■ **અધ્યક્ષ અને સભ્યોની લાયકાત :**

- બંધારણ દ્વારા સંસદને નાણા પંચના અધ્યક્ષ અને સભ્યોની લાયકાત નક્કી કરવાની સત્તા આપવામાં આવી છે જે મુજબ સંસદે નીચે મુજબની સત્તાઓ નક્કી કરેલ છે.

■ **નાણા પંચના અધ્યક્ષ અને સભ્યોની લાયકાત :**

- નાણા પંચના અધ્યક્ષ બનવા માટે વ્યક્તિ પાસે સાર્વજનિક કાર્યોનો અનુભવ હોવો જોઈએ તથા સભ્યો પાસે નીચે મુજબની લાયકાત હોવી જોઈએ.
- વ્યક્તિ કોઈ હાઈકોર્ટના ન્યાયાધીશ હોય અથવા રહી ચૂકયા હોય અથવા બનવાની લાયકાત ધરાવતા હોવા જોઈએ.
- વ્યક્તિ પાસે સરકારના ખાતા (Account) અને નાણાકીય બાબતો વિશેનું જ્ઞાન હોવું જોઈએ.
- વ્યક્તિ આર્થિક બાબતોમાં તજજ્ઞ હોવા જોઈએ.

➤ વ્યક્તિ પાસે આર્થિક બાબતો અંગેનો અનુભવ હોવો જોઈએ.

અધ્યક્ષ અને સભ્યોની નિમણૂંક

➤ નાણા પંચના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક 5 વર્ષ માટે રાષ્ટ્રપતિ કરે છે.

### અધ્યક્ષ અને સભ્યોના વેતન અને ભથ્થા :

➤ નાણા પંચના અધ્યક્ષ અને સભ્યોના વેતન અને ભથ્થા સંસદની મંજૂરીથી રાષ્ટ્રપતિ નક્કી કરે છે.

■ **નાણા પંચના કાર્યો અને સત્તાઓ :**

(a) કર દ્વારા પ્રાપ્ત થતી કુલ આવકનું કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વિતરણ કરવું.

(b) જો કોઈ રાજ્યને અનુદાનની જરૂર હોય તો તેવા રાજ્યોને આપવાના અનુદાનની માત્રા નક્કી કરે છે.

(c) ભારતની સંચિત નિધિમાંથી રાજ્યોને અનુદાન આપવા માટે નિયમો નિર્ધારીત કરે છે.

(d) રાજ્ય નાણા પંચની ભલામણના આધારે પંચાયતો તથા નગરપાલિકાઓના સંસાધનોની આપૂર્તિ માટે રાજ્યની સંચિત નિધિમાં વૃદ્ધિ થાય તે માટે જરૂરી સૂચનો આપવા. નાણાં પંચને આ કાર્ય 73માં અને 74માં બંધારણીય સુધારા દ્વારા સોંપવામાં આવ્યું છે.

(e) રાષ્ટ્રપતિ દ્વારા યોગ્ય નાણાકીય વ્યવસ્થાના હિતમાં સંદર્ભિત કોઈ બીજી બાબત.

(f) નાણા પંચ પોતાનો અહેવાલ રાષ્ટ્રપતિને આપે છે અને રાષ્ટ્રપતિ આ અહેવાલને સંસદના બંને ગૃહો સમક્ષ મુકે છે. અહીં એ ખાસ નોંધવું કે, નાણા પંચનો અહેવાલ સલાહકારની ભૂમિકા ભજવે છે. તેની જોગવાઈઓને માનવા સરકાર બંધાયેલ નથી. પરંતુ સામાન્ય રીતે સરકાર આ અહેવાલની ભલામણોને માને છે.

(g) નાગરિક કાર્યવાહી સંહિતા 1908 અનુસાર નાણા પંચ પાસે દીવાની અદાલતની બધી સત્તાઓ છે. તેઓ સાક્ષીઓને બોલાવી શકે છે. સાર્વજનિક દસ્તાવેજની નકલ માંગી શકે છે. આવી સત્તાને લીધે તેને એક અર્ધ–ન્યાયિક સંસ્થા પણ ગણી શકાય.

■ **ભારતમાં અત્યાર સુધીના નાણા પંચ :**

➤ ભારતમાં ઈ.સ. 1951માં પ્રથમ નાણાં પંચની રચના કરવામાં આવી હતી. જેણે પોતાનો અહેવાલ ઈ.સ. 1952માં રજૂ કર્યો હતો. જે 1952-1957 સુધી અમલમાં હતો. જેના અધ્યક્ષ શ્રી કે.સી. નિયોગી હતા.

➤ 14માં નાણા પંચ દ્વારા કેન્દ્રથી રાજ્યો વચ્ચે આવકનું વિતરણ 42% રાખવામાં આવ્યું હતું.

➤ ભારતમાં અત્યાર સુધી પંદર નાણા પંચની રચના કરવામાં આવી છે.

➤ 15મા નાણા પંચની રચના ઈ.સ. 2017માં કરવામાં આવી હતી.

➤ નાણા પંચની રચના સાથે તેમને અમુક કાર્યો સોંપવામાં આવે છે જેને નાણા પંચની સંદર્ભ શરતો કહે છે. આ સંદર્ભ શરતોને આધારે નાણા પંચ પોતાનો અહેવાલ રજુ કરે છે. 15માં નાણા પંચની આવીજ સંદર્ભ શરતો નીચે મુજબ છે.

■ **15માં નાણા પંચની સંદર્ભ શરતો :**

➤ નાણા, ખાદ્ય, દેવુસ્તર અને કેન્દ્ર અને રાજ્યના રોકડ સંતુલન અને નાણાકીય શિસ્તની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવી.

➤ યોગ્ય નાણાકીય વ્યવસ્થાપન માટે નાણાકીય એકત્રીકરણનું માર્ગદર્શન આપવું.

➤ સામાન્ય એકીકૃત સરકારી દેવા અને ખાદ્યના સ્તરોના યોગ્ય સ્તરોનું પાલન કરવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની જવાબદારીને ધ્યાનમાં લેવી.

➤ દેશના ઉચ્ચતર વ્યાપક વિકાસને પ્રોત્સાહન આપવું. કાર્યક્ષમ અને પારદર્શિતાના સિદ્ધાંતો દ્વારા માર્ગદર્શન આપવું.

➤ મહેસૂલી ખાદ્ય મંજૂર કરવામાં આવે છે કેમ ? તે તપાસો.

➤ આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, 2005 હેઠળ રચાયેલા ભંડોળના સંદર્ભ સાથે આપત્તિ વ્યવસ્થાપન પહેલને નાણા પૂરું પાડવાની વર્તમાન વ્યવસ્થાઓની સમીક્ષા કરો અને તેના પર યોગ્ય ભલામણો કરો.

➤ આવક પર વસ્તુ અને સેવા કર (GST) ની અસરનું મૂલ્યાંકન કરવું.

➤ 14મા નાણા પંચની ભલામણોને માન્ય રાખવાથી કેન્દ્ર સરકારની રાજકીય સ્થિતિ પરની અસરો.

## રાઈટ્સ ઈશ્યુ

➤ COVID-19 દરમિયાન ઘણી કંપનીઓ દ્વારા રાઈટ્સ ઈશ્યુ ના માધ્યમથી બજારમાંથી નાણા એકઠા કર્યા હતા.

➤ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, મહિન્દ્રા ફાયનાન્સ, શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ જેવી કંપનીઓ દ્વારા રાઈટ્સ ઈશ્યુના માધ્યમથી લગભગ રૂ. 10,000 કરોડ એકઠા કર્યા હતા.

### શા માટે હાલના સમયે રાઈટ્સ ઈશ્યુ

- રાઈટ્સ ઈશ્યુ જાહેર કરવા શેરહોલ્ડરોની બેઠકની જરૂરિયાત રહેતી નથી.
- રાઈટ્સ ઈશ્યુના માધ્યમથી નાણા એકઠા કરવામાં ઓછો સમય લાગે છે અને અન્ય માધ્યમો કરતા તે સરળ અને વધારે અનુકૂળ છે.

### COVID-19ને ધ્યાનમાં રાખી રાઈટ્સ ઈશ્યુ સંદર્ભે આપવામાં આવેલી છૂટછાટ

- COVID-19ની સ્થિતિને ધ્યાનમાં રાખીને SEBI દ્વારા રાઈટ્સ ઈશ્યુની બાબતે ઘણી છૂટછાટો આપવામાં આવી છે.
- ઝડપી ધોરણે તેનાથી નાણા એકઠા થઈ શકે તે માટે SEBI દ્વારા જાહેર શેરહોલ્ડિંગની સરેરાશ બજાર મૂડીકરણ મર્યાદા રૂ. 250 કરોડથી ઘટાડી રૂ. 100 કરોડ કરવામાં આવી છે.
- રાઈટ્સ ઈશ્યુના માધ્યમથી રૂ. 25 કરોડ સુધીની રકમ એકઠી કરતી કંપનીઓએ SEBI પાસે ડ્રાફ્ટ ઓફર ડોક્યુમેન્ટ જમા કરાવવાની જરૂરિયાત નથી.
- SEBI દ્વારા ન્યૂનત્તમ સદસ્યતાની આવશ્યકતાને 90%થી ઘટાડી 75% કરી દેવામાં આવી છે.

### Back to basics : રાઈટ્સ ઈશ્યુ શું છે ?

- રાઈટ્સ ઈશ્યુ શેરહોલ્ડરને કંપનીમાં તેના હાલના શેરના પ્રમાણમાં અને બજાર કરતા ઓછા ભાવે આપવામાં આવે છે.
- રાઈટ્સ ઈશ્યુ દ્વારા કંપની પોતાના શેરધારકોને કંપનીમાં વધારાના શેર ખરીદવાનો અધિકાર આપે છે. આ શેર ખરીદવા એ શેરહોલ્ડર માટે ફરજિયાત નથી.
- કંપનીઓ દ્વારા ઋણમાં વધારો કર્યા વિના મૂડી એકઠી કરવા માટે રાઈટ્સ ઈશ્યુનો ઉપયોગ કરવામાં આવે છે.

## નાણાકીય વર્ષ 2019-20માં કુલ પ્રત્યક્ષ કરની આવક

- નાણાકીય વર્ષ 2019-20માં વાસ્તવિક કુલ પ્રત્યક્ષ કરની આવકમાં 4.92%નો ઘટાડો થયો હતો. આ સાથે જ આવક રૂ. 12.33 લાખ કરોડ રહી છે.

### કુલ પ્રત્યક્ષ કરની આવકમાં ઘટાડાના કારણો

- પ્રત્યક્ષ કરની આવકમાં ઘટાડાનું મુખ્ય કારણો એ કોર્પોરેટ કરના દરોમાં ઘટાડો, માનક કપાત (Standard Deduction) અને વ્યક્તિગત આવકવેરાની છૂટમાં વધારવામાં આવેલી સીમા છે.
- આયકર વિભાગ મુજબ જો જૂના દરોથી કરની વસૂલાત કરવામાં આવે તો નાણાકીય વર્ષ 2019-20માં કુલ પ્રત્યક્ષ કરની આવક 8% વધીને રૂ. 14.01 લાખ કરોડ જેટલી હોય શકત.
- વર્ષ 2019-20માં ચોખ્ખા પ્રત્યક્ષ કરની આવક વર્ષ 2018-19ની સરખામણીએ ઓછી છે. તેનું કારણ કર બાબતે કરવામાં આવેલા સુધારાઓ છે જેના લીધે વધુ રિફંડ જાહેર કરવામાં આવ્યા હતા.
- નાણાકીય વર્ષ 2019-20માં વાસ્તવિક કોર્પોરેટ કર આવક રૂ. 6.78 લાખ કરોડ અને વ્યકિતગત કર આવક રૂ. 5.55 લાખ કરોડ રહી હતી.
- વ્યકિતગત કરની સીમા રૂ. 5 લાખ સુધી વધારવા અને માનક કપાત રૂ. 50,000 સુધી વધારવાને કારણે કરની આવક રૂ. 23,200 કરોડ સુધી ઓછી થઈ હતી.
- આ ઉપરાંત કંપનીઓને ન્યૂનત્તમ વૈકલ્પિક કર (Minimum Alternative Tax-MAT)ની ચૂકવણીથી રાહત આપવામાં આવી હતી.
- કોઈ વિશેષ કર છૂટનો લાભ ન લેનાર નવી ઘરેલુ ઉત્પાદન કંપનીઓ માટે કરનો દર 15% કરી દેવામાં આવ્યો હતો.

## કોંગોમાં નવી ઈબોલા મહામારી ઘોષિત

- લોકતાંત્રિત ગણરાજ્ય કોંગોના પશ્ચિમ શહેર મબંડાકામાં એક નવી ઈબોલા મહામારીની ઘોષણા કરવામાં આવી છે.
- પૂર્વના હિસ્સામાં ઈબોલા મહામારી ફેલાયેલી છે. આ સાથે જ દેશ વૈશ્વિક મહામારી COVID-19ના ચેપનો પણ સામનો કરી રહયો છે.
- કોંગોમાં ઈબોલા વાયરસ સૌપ્રથમ વર્ષ 1976માં ફેલાયો હતો. ત્યારથી લઈને દેશમાં ઈબોલાનો આ 11મો પ્રકોપ છે.
- મબંડાકા શહેર અને તેની આસપાસના ક્ષેત્રોમાં ઈબોલાનો 9મો પ્રકોપ મે થી જુલાઈના મધ્ય વર્ષ 2018માં થયો હતો.

### Back to basics : ઈબોલા વિશે

- ઈબોલા વિષાણુ રોગ છે જેને પહેલા રકતસ્ત્રાવી તાવના રૂપમાં ઓળખવામાં આવતો. તે ગંભીર અને ઘાતક બીમાર છે.
- ઈબોલા આફ્રિકાના ઉષ્ણકટિબંધીય વરસાદી વનની ક્ષેત્રીય બિમારી છે. જે ચેપી વ્યકિતના શરીરથી નીકળતા તરલ પદાર્થના સંપર્કમાં આવવાથી ફેલાય છે.
- રોગના લક્ષણોમાં શરૂઆતમાં અચાનક તાવ, નબળાઈ, સ્નાયુઓમાં દુખાવો, ગળું સૂંકાવું વગેરેનો સમાવેશ થાય છે.
- આ વાયરસ જંગલી જાનવરોથી મનુષ્યોમાં ફેલાય છે, ત્યારબાદ માનવથી માનવામાં ફેલાય છે.
- ઈબોલા ચેપ લાગ્યા બાદ 90% રોગીઓની મૃત્યુ થઈ જાય છે.
- સામુદાયિક સહભાગીતા ઈબોલાના ચેપને સફળતાપૂર્વક રોકવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.
- વર્તમાનમાં ઈબોલા માટે નોંધાયેલ કોઈ રસી નથી.
- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)ના નેતૃત્વમાં કરવામાં આવેલ પ્રમુખ પરીક્ષણ rVSV-ZEBoV નામની એક ઈબોલા રસીને ઘાતક વાયરસ વિરુદ્ધ સુરક્ષિત સાબિત થઈ હતી.

## ચીનની THAAD મિસાઈલ સંબંધે ચિંતા

- ચીન દ્વારા દક્ષિણ કોરિયામાં અમેરિકી THAAD મિસાઈલ હોવા પર ચિંતા વ્યકત કરી છે.
- અમેરિકાનો દક્ષિણ કોરિયામાં એક સૈન્ય બેઝ છે. અમેરિકા દ્વારા આ બેઝ પર THAAD મિસાઈલ રાખવામાં આવી છે.
- વર્ષ 2017માં ઉત્તર કોરિયા દ્વારા જાપાનમાં સ્થિત અમેરિકાના સૈન્ય સ્થળોની દિશામાં મિસાઈલોનું પરીક્ષણ કર્યા બાદ કોરિયાના દ્વીપકલ્પ પર ચિંતા વધી હતી.
- તેના પરિણામે અમેરિકા દ્વારા THAAD મિસાઈલ રક્ષા પ્રણાલી રાખવામાં આવી છે.
- દક્ષિણ કોરિયા ઉપરાંત THAAD મિસાઈલ સંયુકત આરબ અમીરાત, ગુઆમ, ઈઝરાયલ અને રોમાનિયા ખાતે રાખવામાં આવેલ છે.

### THAAD મિસાઈલ પર ચીનની ચિંતાનું કારણ

- THAAD મિસાઈલ રક્ષા પ્રણાલી ઉન્નત રડાર ધરાવે છે જે ચીનની સૈન્ય પ્રવૃત્તિઓ પર નજર રાખવા સક્ષમ છે.
- અમેરિકાની જાપાન અને દક્ષિણ કોરિયામાં સૈન્ય સ્થળો પર ઉપસ્થિતિ છે જે ચીન માટે ચિતાનો વિષય છે.
- અમેરિકા એ દક્ષિણ કોરિયા અને જાપાન પર પોતાનો પ્રભાવ વધારી રહયું છે અને તે પૂર્વી એશિયામાં લાંબા ગાળામાં સૈન્ય, રાજકીય અને આર્થિક હિતો પર હસ્તક્ષેપ કરી શકે છે.

### Back to basics : THAAD મિસાઈલ વિશે

- THAADનું પૂરું નામ ''ટર્મિનલ હાઈ એલ્ટિટ્યૂટ એરિયા ડિફેન્સ'' છે.
- આ મિસાઈલ પરિવહન યોગ્ય, જમીન આધારિત મિસાઈલ રક્ષા પ્રણાલી છે જેને વિશ્વની સર્વશ્રેષ્ઠ મિસાઈલ રક્ષા પ્રણાલી માનવામાં આવે છે.
- આ એન્ટિ–બેલેસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમએ અમેરિકાની કંપની લોકહીડ માર્ટિન દ્વારા ડિઝાઈન અને બનાવવામાં આવેલ છે.
- મિસાઈલ 200 કિમી દૂર સુધી અને 150 કિમીની ઊંચાઈ સુધી મારવાની ક્ષમતા ધરાવે છે.
- THAAD એ ''હિટ ટૂ કિલ'' તકનિક પર કાર્ય કરે છે અર્થાત્ સામેથી આવતા હથિયારને રોકતી નથી પરંતુ નષ્ટ કરી દે છે.
- THADD અંતરિક્ષ આધારિત અને જમીન આધારિત નિરીક્ષણ સ્ટેશન સાથે જોડાયેલ હોય છે. જે પોતાની તરફ આવનાર મિસાઈલ વિશે ''થાડ ઈન્ટરસેપ્ટર મિસાઈલ''ને ડેટા ટ્રાન્સફર કરી જોખમ વિશે સૂચિત કરે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

➤ THAADને ઈન્ફ્રારેડ સેંસર યુક્ત અંતરિક્ષ આધારિત ઉપગ્રહો દ્વારા પોતાની તરફ આવનારી મિસાઈલ વિશે સતર્ક કરવામાં આવે છે.

## G7 સમૂહ

➤ તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપ દ્વારા જાહેર કરવામાં આવ્યું કે તેઓ નજ્ઞ સમૂહનો વિસ્તાર કરી તેમાં ભારત, રશિયા, દક્ષિણ કોરિયા અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ કરવા માંગે છે.

➤ જો આમ થાય તો G7 સમૂહમાં સદસ્યોની સંખ્યા પછી 11 થશે અને તે G11 તરીકે ઓળખાશે.

➤ ડોનાલ્ડ ટ્રંપ દ્વારા G7ના 46માં શિખર સંમેલનને સ્થગિત કરતા કહયું હતું કે G7 વર્તમાન સ્વરૂપમાં વિશ્વની વિભિન્ન ઘટનાઓનું ખરા અર્થમાં પ્રતિનિધિત્વ કરતું નથી.

➤ 45માં G7 સંમેલનમાં ભારતના પ્રધાનમંત્રી દ્વારા વિશેષ અતિથિના રૂપમાં ભાગ લેવામાં આવ્યો હતો.

### G7 સમૂહમાં અન્ય દેશોના સમાવેશની અસરો

➤ G7 સમૂહ અંતર્ગત વિશ્વની મોટી અર્થવ્યવસ્થાઓનો સમાવેશ કરવામાં આવે છે. અન્ય ચાર દેશોનો સમાવેશ એ ચીનને આપવામાં આવનાર સંકેતના રૂપમાં જોવામાં આવે છે.

➤ હાલમાં અમેરિકા એન ચીન વચ્ચેનો તણાવ, હોંગકોંગની સ્વાયતત્તા, દક્ષિણ ચીન સાગરમાં તણાવ વગેરે જેવા મુદ્દાઓના સમયે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

➤ અમેરિકા દ્વારા ચીનનો મુકાબલો કરવા અન્ય સહભાગીઓને સાથે જોડવામાં આવી રહયા હોય તેવો સંકત આપવામાં આવી રહયો છે.

➤ G20 જેવા સમૂહનો વિકાસ એ G7ના પશ્ચિમી દેશોના વર્ચસ્વ ધરાવતા સમૂહ સામે પડકાર છે આથી તેનું સમાધાન કરવા પણ G7નો વિસ્તાર થઈ શકે છે.

➤ ભારત લાંબા સમયથી વૈશ્વિક રાજકારણમાં પોતાનો પક્ષ રાખી રહયું છે અને સંયુક્ત રાષ્ટ્ર તેમજ WTO જેવી સંસ્થાઓમાં સુધારો કરવા પણ સૂચવી રહયું છે. G7નો વિસ્તાર કરી ભારતનો સમાવેશ વૈશ્વિક સ્તરે ભારતનો સક્રિય ભાગ દર્શાવે છે.

### Back to basics : G7 સમૂહ વિશે

➤ G7 એ દુનિયાની 7 વિકસિત અને ઉન્નત અર્થવ્યવસ્થા ધરાવતા દેશોનો સમૂહ છે.

➤ પ્રારંભમાં આ સમૂહ 6 દેશો ધરાવતો હતો અને તેની પ્રથમ બેઠકનું આયોજન વર્ષ 1975માં કરવામાં આવ્યું હતું.

➤ ત્યારબાદ કેનેડાનો આ સમૂહમાં સમાવેશ કરવામાં આવયો હતો. આમ તેનું નામ G7 પડયું હતું.

➤ વર્ષ 1997માં રશિયાનો G7માં સમાવેશ કરવામાં આવ્યો હતો અને તેનું નામ G8 પડયું હતું. જો કે વર્ષ 2014માં રશિયાને ક્રિમિયા પર કબજો કર્યાના વિવાદને લીધે સમૂહમાંથી બહાર કરવામાં આવ્યું હતું. આથી ફરી તેનું નામ G7 પડયું હતું.

➤ G7નું કોઈ વડુ મથક કે સચિવાલય નથી.

➤ G7ના સદસ્યો આંતરરાષ્ટ્રીય અર્થવ્યવસ્થા અને નાણાંના મુદ્દાઓ પર દર વર્ષે બેઠકનું આયોજન કરે છે.

➤ હાલમાં G7 સમૂહ અંતર્ગત નીચેના દેશોનો સમાવેશ થાય છે.

| G7 સમૂહના સભ્ય દેશો | |
|---|---|
| 1) | કેનેડા |
| 2) | ફ્રાન્સ |
| 3) | જર્મની |
| 4) | ઈટલી |
| 5) | જાપાન |
| 6) | યુનાઈટેડ કિંગ્ડમ (UK) |
| 7) | સંયુક્ત રાજ્ય અમેરિકા (USA) |

## ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર

➤ ચીન–પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર અંતર્ગત ચીન એ ભારતનો વિરોધ હોવા છતાં પાકિસ્તાનના કબજાના કાશ્મીર (Pakistan Occupied Kashmir-PoK)માં 1124 મેગાવોટની કોહલા જળ વિદ્યુત પરિયોજના સ્થાપિત કરી રહયું છે.

➤ ચીનના થ્રી ગોરજેસ કોર્પોરેશન, PoK તથા પ્રાઈવેટ પાવર એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર બોર્ડ વચ્ચે યોજનાના સંબંધે ત્રિ–પક્ષીય કરાર કરવામાં આવ્યો છે.

➤ આ યોજના ઝેલમ નદી પર પ્રસ્તાવિત કરવામાં આવી છે. અને યોજનાનો ઉદ્દેશ્ય 5 બિલિયન યુનિટથી વધુ સ્વચ્છ અને ઓછા ખર્ચની વીજળી આપવાનો છે.

### Back to basics : ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC) વિશે

➤ CPEC એ પાકિસ્તાનના ગ્વાદરથી લઈને ચીનના શિનજિયાંગ પ્રાંતના કાશગર સુધી લગભગ 2442 કિમી. લાંબી વાણિજયક યોજના છે.

- યોજનાનો ઉદ્દેશ્ય ચીન દ્વારા નાણાકીય સહાયતા આપી આંતરમાળખાનું નિર્માણ કરી વિશ્વમાં બિજિંગના પ્રભાવને વધારવાનો છે.
- 3000 કિમી CPECની યોજનામાં રાજમાર્ગ, રેલવે અને પાઈપલાઈનનું નિર્માણ કરવામાં આવશે.
- CPEC અંતર્ગત મોટી સબસિડી ધરાવતા ઋણો દ્વારા નાણાકીય સહાયતા આપવામાં આવશે જે ચીનની વિવિધ સંસ્થાઓ દ્વારા પાકિસ્તાનની સરકારને આપવામાં આવશે.

### CPEC પર ભારતનો વિરોધ

- CPEC એ PoKના ગિલગિટ–બાલ્તિસ્તાન અને પાકિસ્તાનના વિવાદિત ક્ષેત્ર બલૂચિસ્તાનથી પસાર થાય છે.
- આ યોજના PoK પર ભારતના સર્વાભૌમત્ત્વને નુકસાન કરે છે.
- CPECના માધ્યમથી ચીન ગ્વાદર બંદર પર પોતાની સ્થિતિને મજબૂત બનાવી હિંદ મહાસાગરમાં પોતાનું સ્થાન વધુ સુરક્ષિત કરવા માંગે છે.
- ચીનનો હિંદ મહાસાગરમાં વધુ પડતો પ્રભાવ ભારત માટે નકારાત્મક બાબત છે.
- ગ્વાદર એ બલૂચિસ્તાનના અરબસાગર તટ પર સ્થિત છે. પાકિસ્તાનનો આ દક્ષિણ–પશ્ચિમ ભાગ એ દશકોથી અલગાવવાદી વિદ્રોહીઓનો શિકાર રહયો છે. આ યોજનાને કારણે ભારતની આજુ–બાજુના ક્ષેત્રોમાં અશાંતિ ફેલાવાનો ડર રહે છે.

## મ્યુચ્યુઅલ લોજિસ્ટિક્સ સપોર્ટ એગ્રીમેન્ટ

- તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મ્યુચ્યુઅલ લોજિસ્ટિક્સ સપોર્ટ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ કરાર એ બંને દેશોની સેનાઓને એકબીજાના સૈન્ય બેઝનો ઉપયોગ કરવાની મંજૂરી આપશે.
- બંને દેશોના પ્રધાનમંત્રી દ્વારા વર્ચ્યુઅલ દ્વિપક્ષીય સંમેલન દરમિયાન આ કરાર પર સહમતિ થઈ હતી.

### Back to basics : મ્યુચ્યુઅલ લોજિસ્ટિક્સ સપોર્ટ એગ્રીમેન્ટ

- આ કરાર બંને દેશોની સેનાઓને એકબીજાની સૈન્ય સામગ્રીનો ઉપયોગ કરવાની સુવિધા આપે છે, તથા સંયુક્ત સૈન્ય અભ્યાસની મંજૂરી આપશે.
- કરાર દ્વારા દેશોના સૈન્ય સમન્વયને વધુ સુદઢ બનાવી શકાય છે.
- કરાર અંતર્ગત દેશોની સેનાઓને એકબીજાના લોજિસ્ટિકનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવે છે. તેના અંતર્ગત દેશોના સૈનિકો વચ્ચે ભોજન, પાણી અને પેટ્રોલ જેવી સુવિધાઓના આદાન–પ્રદાનનો પણ સમાવેશ કરવામાં આવે છે.
- આ કરાર સંયુકત સૈન્ય અભ્યાસ, શાંતિ અભિયાનો, માનવીય સહાયતા અને આપદા રાહત કાર્યો વગેરે માટે ઉપયોગી બની રહેશે.

## પરમાણુ આપૂર્તિકર્તા સમૂહમાં ભારતી સદસ્યતા માટે ઓસ્ટ્રેલિયાનું સમર્થન

- પરમાણુ આપૂર્તિકર્તા સમૂહ (Nuclear Suppliers Group-NSG)માં ભારતની સદસ્યતા માટે ઓસ્ટ્રેલિયા દ્વારા મજબૂત સમર્થન આપવામાં આવ્યું હતું.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સ્કોટ મોરિસન વચ્ચે થયેલા ઓનલાઈન શિખર સંમેલન પછી જાહેર થયેલા સંયુકત નિવદેનમાં ઓસ્ટ્રેલિયા દ્વારા આ બાબતની જાણકારી આપવામાં આવી હતી.
- આ ઉપરાંત બંને પક્ષો વચ્ચે નાગરિક પરમાણુ સહયોગ ચાલુ રાખવા અને વૈશ્વિક પરમાણુ અપ્રસારને મજબૂત કરવા પોતાની પ્રતિબધ્ધતાનું પુનરાવર્તન કર્યું હતું. ઓસ્ટ્રેલિયા દ્વારા સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતની સ્થાયી સદસ્યતા અને વર્ષ 2021-22માં સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અસ્થાયી બેઠક માટે પણ સમર્થન કર્યું હતું.

### Back to basics : પરમાણુ આપૂર્તિકતા સમૂહ વિશે

- પરમાણુ આપૂર્તિકર્તા સમૂહ (NSG) એ 48 દેશોનો સમૂહ છે જે વૈશ્વિક પરમાણુ વ્યાપારનું નિયંત્રણ કરે છે.
- NSGની સ્થાપના વર્ષ 1975માં કરવામાં આવી હતી.
- પરમાણુ હથિયાર બનાવવા ઉપયોગમાં લેવાતી સામગ્રીની આપૂર્તિથી લઈને નિયંત્રણ એ NSGના ક્ષેત્રમાં આવે છે.
- ભારત દ્વારા વર્ષ 2016માં NSGની સદસ્યતા માટે ઔપચારિક રૂપથી આવેદન કરવામાં આવ્યુ હતુ. મોટા ભાગના સદસ્યો એ ભારતનું સમર્થન કર્યું હતું પરંતુ ચીન દ્વારા ભારતની સદસ્યતાનો વિરોધ કરવામાં આવ્યો હતો.

### શા માટે ચીન દ્વારા વિરોધ કરવામાં આવ્યો ?

- ભારતે પરમાણુ અપ્રસાર સંધિ (Nuclear Non-Proliferation Treaty) પર હસ્તાક્ષર કર્યા નથી. આ બાબતને ઉઠાવી ચીન પાકિસ્તાન સાથે જોડાયને પોતાના હિતોને આગળ વધારે છે.

### ભારત માટે NSGની સદસ્યતા શા માટે જરૂરી છે ?

- ભારતે અમેરિકા અને ફ્રાંસ જેવા દેશો સાથે પરમાણુ કરારો કર્યા છે અને અન્ય દેશો સાથે પણ આવા કરારો થવાની સંભાવના છે.
- NSGની સદસ્યતા પ્રાપ્ત થવાથી ભારત કોઈ વિશેષ કરાર વિના પણ પરમાણુ તકનિક અને યુરેનિયમ પ્રાપ્ત કરી શકશે. પરમાણુ સંયત્રોથી નીકળતા કચરાના નિકાલ માટે ભારતને NSGના સદસ્ય રાષ્ટ્રોથી મદદ પણ મળશે.
- દેશની વધતી ઊર્જાની આવશ્યકતાઓ પૂરી કવા જરૂરી છે કે ભારતને NSGની સદસ્યતા મળે અને પરમાણુ ઊર્જાનો વ્યાપ વધારવા અન્ય દેશોથી સહયોગ પ્રાપ્ત થાય.

## મિશન સાગર અંતર્ગત INS કેસરી

- ભારતીય નૌસેનાનું જહાજ INS કેસરી એ "મિશન સાગર" અંતર્ગત COVID-19 સંબંધિત દવા પ્રદાન કરવા સેશેલ્સના પોર્ટ વિકટોરિયા પર પહોંચ્યું છે.

### મિશન સાગર વિશે

- ભારત સરકાર દ્વારા COVID-19 મહામારી વચ્ચે એક આઉટરીચ કાર્યક્રમ "મિશન સાગર" લોન્ચ કર્યું છે.
- આ મિશનનો ઉદ્દેશ્ય ખાદ્ય પદાર્થો, COVID-19 સંબંધિત આર્યુવેદિક દવાઓ અને HCQ ટેબલેટનો પુરવઠો માલદીવ, મડાગાસ્કર, સેશેલ્સ અને કોમોરોસને આપવાનો છે.
- ભારતીય નૌસેનાના જહાજ "કેસરી"ને આ મિશન માટે રવાના કરવામાં આવ્યું હતું.
- આ ઓપરેશન રક્ષા મંત્રાલય અને વિદેશ મંત્રાલયના સહયોગથી કરવામાં આવશે.
- આ મિશન હિંદ મહાસાગરમાં ભારતના "SAGAR" વિઝનની સાથે ઘનિષ્ઠ સંબંધોને મજબૂત કરવા માટે શરૂ કરવામાં આવ્યું છે.
- SAGARનું પૂરું નામ એ "Security and Growth for All in the Region" છે.

### Back to basics : SAGAR વિઝન વિશે

- 2015માં ભારત દ્વારા હિંદ મહાસાગરમાં પોતાના વિઝનની શરૂઆત કરવામાં આવી જેને "SAGAR" તરીકે ઓળખવામાં આવે છે.
- SAGARનો ઉદ્દેશ્ય ભારતને પોતાના પાડોશી (વિશેષ રૂપથી સમુદ્ર પાડોશી) સાથે આર્થિક અને સુરક્ષા સહયોગ પ્રાપ્ત કરવાનો છે.
- આ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા ભારત સૂચનાઓનું આદાન–પ્રદાન, મૂળભૂત માળખાનું નિર્માણ, તટીય નિરીક્ષણ અને. પરસ્પર ક્ષમતાઓને મજબૂત કરવામાં સહયોગ કરશે.

### મિશન સાગરનું વિશ્લેષણ :

- આ મિશનમાં શામેલ બધા જ 4 દેશોમાં ભારતની નૌસેનાની મજબૂત ઉપસ્થિતિ છે.
- 2019માં ભારત અને માલદીવે માલદીવમાં પહેલેથી જ બંદર તટીય રડાર નિરીક્ષણ પ્રણાલી પૂરી કરવા માટે સહમત થયા છે.
- વર્ષ 2018માં ભારત અને સેશેલ્સ દ્વારા દ્વીપ પર એક નૌસૈનિક અડ્ડા સ્થાપિત કરવા સહમત થયા હતા.
- ઓક્ટોબર, 2019માં ભારત અને કોમોરોસ રક્ષા કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.
- આ ઉપરાંત ભારતે હાઈ–સ્પીડ ઈન્ટરસેપ્ટર બોટની ખરીદી માટે કોમોરેસને 20 મિલિયન અમેરિકી ડોલરની લાઈન ઓફ ક્રેડિટની જાહેરાત કરી હતી.

## આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત (International Criminal Court)

- તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત (International Criminal Court-ICC)ના અમુક અધિકારીઓ વિરુદ્ધ પ્રતિબંધો માટેનો આદેશ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો.
- આ આદેશ દ્વારા ICCના કર્મચારીઓની અમેરિકામાં હોય તેવી સંપત્તિને બ્લોક કરવાની મંજૂરી આપવામાં આવેલી છે. આ ઉપરાતં અમેરિકામાં તેમના પ્રવેશ પર પણ પ્રતિબંધો મૂકવામાં આવેલા છે.

### શા માટે ICCના કર્મચારીઓ પર પ્રતિબંધો ?

- ICCના કર્મચારીઓ અફઘાનિસ્તાન અને અન્ય સ્થાનો પર થયેલા યુદ્ધ ગુનાઓમાં અમેરિકી સેનાના લોકો શામેલ હતા કે નહી તેની તપાસ કરી રહયાં છે.

- ICC ફરિયાદના આધાર પર વર્ષ 2003થી 2014ની વચ્ચે મધ્ય અફઘાનિસ્તનમાં થયેલા યુદ્ધ ગુનાઓની તપાસ કરી રહી છે.
- ICC એ ફરિયાદના પક્ષની પ્રારંભિક તપાસ બાદ અફઘાનિસ્તાનમાં સંભવિત યુદ્ધ ગુનાઓની તપાસ માટે ઉચિત આધાર મેળવ્યો અને વર્ષ 2017માં આ બાબતોની તપાસનો નિર્ણય કર્યો.
- અમેરિકા મુજબ ICC ફકત ત્યારે જ તપાસ કરી શકે જ્યારે કોઈ સદસ્ય દેશ ગુનાઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં અસમર્થ કે ઈચ્છુક ન હોય. આ ઉપરાંત અમેરિકા એ ICCનું સદસ્ય પણ નથી.
- ICC દ્વારા અમેરિકાના આ નિર્ણયની નિંદા કરવામાં આવી હતી અને અમેરિકાના નિર્ણયને કાયદાના શાસન અને ન્યાયાલયની ન્યાયિક કાર્યવાહીમાં હસ્તક્ષેપ કરવાનો અસ્વીકાર પ્રયાસ ગણાવ્યો છે.

### Back to basics : આંતરાષ્ટ્રીય ફોજદારી ન્યાયાલય (ICC) વિશે

- ICC એક આંતરરાષ્ટ્રીય ટ્રીબ્યુનલ છે જે દુનિયાભરમાં થયેલી ગુનાહિત ઘટનાઓની સુનવણી કરે છે.
- ICC મુખ્યત્વે 4 મુદ્દાઓથી સંબંધિત સુનવણી કરે છે જેમાં માનવતા વિરુદ્ધ ગુનાઓ, નરસંહાર, યુદ્ધ દરમિયાન થયેલા ગુનાઓ અને અતિક્રમણના ગુનાઓનો સમાવશે થાય છે.
- વર્ષ 1998માં ICCની રચના રોમ કાયદા (Rome Statute) દ્વારા કરવામાં આવી હતી અને 1 જુલાઈ, 2002માં તેની શરૂ કરવામાં આવી હતી.
- ICCનું વડુંમથક એ નેધરલેન્ડની રાજધાની હેગમાં છે પરંતુ તેની કાર્યવાહી કોઈપણ જગ્યાએ થઈ શકે છે.

### ICCનું સ્વરૂપ

- એ બધા દેશો જેમણે રોમ કાયદા પર હસ્તાક્ષર કર્યા છે તે ICCના સદસ્યો છે. હાલમાં ICCના 123 દેશો સદસ્ય છે.
- ICC એ સંયુકત રાષ્ટ્ર (UN)નો હિસ્સો નથી છતાં UN સાથે તેણે સહયોગ માટેનો કરાર કર્યો છે.
- એ બાબત નોંધવી જરૂરી છે કે આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત (International Court of Justice) અને આંતરરાષ્ટ્રીય ફોજદારી ન્યાયાલય (ICC) એ બંને અલગ છે અને એકબીજા સાથે કોઈ સંબંધ નથી.
- ICCમાં એક અધ્યક્ષ અને બે ઉપાધ્યક્ષ હોય છે તેની ચૂંટણી સદસ્યો દ્વારા 3 વર્ષના કાર્યકાળ માટે કરવામાં આવતી હોય છે.

### ICCનું અધિકાર ક્ષેત્ર

- ICC સુધી કેસને લઈ જવા માટે અમુક શર્તો છે.
- આ શર્તો અનુસાર જ્યારે કોઈ દેશની રાષ્ટ્રીય અદાલતે તે મુદ્દા કે ગુનાને સાંભળવા કે તેની તપાસની મનાઈ કરી હોય ત્યારે ICCમાં કેસ લઈ જઈ શકાય.
- બીજી શર્ત અનુસાર સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા કોઈ મુદ્દાને ICC પાસે મોકલવામાં આવેલ હોય ત્યારે તેની તપાસ કરી શકે.
- ICC ફકત સદસ્ય દેશોના કેસ કે મુદ્દાઓની તપાસ કરી શકે છે.
- ભારત ઉપરાંત અમેરિકા, ચીન, ઈજરાયલ અને રશિયા જેવા દેશો ICCના સદસ્યો નથી.

## વિઝિટિંગ ફોર્સિસ એગ્રીમેન્ટ (VFA)

- સાઉથ ચાઈના સમુદ્રમાં ચીનની વિસ્તારવાદી નીતિને લીધે. ફિલીપીન્સ દ્વારા અમેરિકા સાથે પોતાના સંબંધો વધારવાનો નિર્ણય લીધો છે.
- ફિલિપીન્સના રાષ્ટ્રપતિ રોડ્રિગો ડુટર્ટ દ્વારા અમેરિકા સાથે બે દશક જૂના વિઝિટિંગ ફોર્સિસ એગ્રીમેન્ટને આગળ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### વિઝિટિંગ ફોર્સિસ એગ્રીમેન્ટ વિશે

- વિઝિટિંગ ફોર્સિસ એગ્રીમેન્ટ (VFA) કોઈ દેશ તથા અન્ય વિદેશી રાષ્ટ્ર વચ્ચેનો એક કરાર હોય છે.
- VFA અંતર્ગત વિદેશી રાષ્ટ્રને દેશમાં સૈન્ય અભ્યાસ અને માનવીય કાર્યોમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવે છે.
- VFA અમેરિકી સેના માટે ફિલિપીન્સમાં પોતાના કાર્યોના સંચાલન હેતુ નિયમો, દિશાનિર્દેશો અને કાયદાકીય સ્થિતિનું નિર્ધારણ કરે છે.
- VFA પરસ્પર રક્ષા સંધિ, 1951 સાથે ઉન્નત સંરક્ષણ સહકાર કરારની પૂષ્ટિ કરે છે. આ કરાર અમેરિકી સેનાને ફિલિપીન્સમાં સંયુકત અભ્યાસ તથા પોતાના કાર્યક્રમોને સંચાલન કરવા સક્ષમ બનાવે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

# 4. વિજ્ઞાન અને ટેકનોલોજી

## એલિસા એન્ટિબોડી ટેસ્ટ

➢ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) દ્વારા રાજ્યોને I9G ELISAનો ઉપયોગ કરતા આબાદીમાં કોરોનાવાયરસ જોખમના માપન માટે સીરો સર્વેક્ષણ કરવાની સલાહ આપી છે.

### એલિસા પરીક્ષણ અને પ્રક્રિયા વિશે

➢ એલિસા (ELISA-Enzyme Linke Immunosorbent Assay) જૈવિક નમૂનાઓ/બાયોલોજીકલ સેંપલમાં પ્રોટીન, પેપ્ટાઈડ્સ, હાર્મોન કે રસાયણોના સ્તરને માપવા માટેની એન્ટિબોડી આધારિત તકનિક છે.

➢ એલિસા પરીક્ષણનો ઉપયોગ શરીર દ્વારા એન્ટિજન કે બાહ્ય પદાર્થો વિરુદ્ધ લડવા માટે ઉત્પન્ન એન્ટિબોડીની જાણકારી મેળવવા થાય છે.

➢ એલિસા પરીક્ષણની પ્રક્રિયા :

(i) આ પરીક્ષણમાં વ્યક્તિનું રકત લેવામાં આવે છે.

(ii) રકત નમૂનાને એલિસા પ્લેટના નાના ડબ્બાઓ અંદર રાખવામાં આવે છે.

(ii) આ પ્લેટ એન્ટિજન કે વિષાણુના નિષ્ક્રિય રૂપથી કોટિંગ કરેલી હોય છે.

(iv) જો રકતમાં એન્ટિબોડી હોય તો એ એન્ટિજન સાથે જોડાય છે.

(v) આ પ્રક્રિયામાં એક રંગ પરિવર્તન થાય છે જેના દ્વારા એન્ટિબોડીની માહિતી મેળવવામાં આવે છે.

### I9G એલિસા ટેસ્ટમાં I9G એટલે શું ?

➢ ઈમ્યુનોગ્લોબુલિન જી (Immunoglobulin G-I9G) એક એન્ટિબોડી છે.

➢ શરીર એ રોગજનકની વિરુદ્ધ લડવા માટે ઈમ્યુનોગ્લોબુલિન એમ (Immunoglobulin M-I9G) અને I9G એન્ટિબોડીનું નિર્માણ કરે છે.

➢ રોગજનકોના શરીરમાં પ્રવેશ્યા બાદ 4-7 દિવસની અંદર I9M એન્ટિબોડીનું નિર્માણ થાય છે.

➢ I9G એન્ટિબોડી રોગજનકના 10-14 દિવસો પછી ઉત્પન્ન થાય છે.

➢ જો I9G એન્ટિબોડીની માહિતી મળે તો એ નિષ્કર્ષ કાઢી શકાય કે વ્યકિત SARRS-CoV-2 અર્થાત્ COVID-19ના સંપર્કમાં હતો.

## કેરલ સરકાર દ્વારા ડેટા-સુરક્ષા સંબંધે જાહેર કરાયેલ દિશા-નિર્દેશો :

➢ કેરલ સરકાર દ્વારા COVID-19 સંબંધિત ડેટા સંગ્રહના સંદર્ભે દિશા–નિર્દેશો જાહેર કરવામાં આવેલા છે.

➢ આ દિશા–દિર્નેશો કેરલ સરકાર દ્વારા અમેરિકાની વિશ્લેષક કંપની "સ્પ્રિંકલર"ને ડેટા આપવાને લીધે થયેલા વિવાદનું પરિણામ છે.

➢ કેરલ સરકાર મુજબ સ્પ્રિંકલરને એક આપાતકાલીન રૂપમાં અને સ્થિતિમાં મંજૂરી આપવામાં આવી હતી.

➢ સરકારનો ઉદ્દેશ્ય નાગરિકોના સ્વાસ્થ્ય સંબંધી આંકડાઓ સમજવાનો હતો જેથી કેરલમાં મહામારીના વ્યવહાર વિશે ખ્યાલ આવે.

➢ જો કે વિપક્ષ દ્વારા રાજ્યની જનસંખ્યાની ચિકિત્સા સંબંધિત જાણકારી "મૂડીવાદ અને નાણાકીય લાભ" માટે USAની કંપનીને આપવાનો સરકાર પર આરોપ લગાવવામાં આવ્યો હતો. જેથી આ બાબતને કોર્ટમાં લઈ જવામાં આવી હતી.

### કેરલ સરકાર દ્વારા ડેટા-સુરક્ષા સંબંધે જાહેર કરાયેલ દિશા-નિર્દેશો

➢ સંવેદનશીલ ખાનગી ડેટાની બાબતે ડેટા પ્રિંસિપલની સ્પષ્ટ સહમતિ પ્રાપ્ત કરવી પડશે.

➢ અધિકારી દ્વારા એ બાબત સુનિશ્ચિત કરવી કે COVID-19 નિયંત્રણ પ્રવૃત્તિ પર એકત્રિત કરાયેલ ડેટાને નામરહિત કરવામાં આવે જેથી જેમનો ડેટા હોય તેની ઓળખ ન થાય.

➢ ડેટા આપનાર પ્રત્યેક નાગરિકને સૂચિત કરવામાં આવશે તે તેમનો ડેટા ત્રીજા પક્ષ કે સેવા આપનાર દ્વારા એકસેસ કરવાની સંભાવના છે.

➢ ગોપનીયતા નીતિ સ્પષ્ટ રૂપથી એ ઉદ્દેશ્યને દર્શાવશે જેના માટે ડેટા એકત્ર કરવામાં આવે છે. ડેટાનો ઉપયોગ ફકત એ ઉદ્દેશ્ય માટે જ થવો જોઈએ.

➢ એકત્રિત કરવામાં આવેલ ડેટાને એન્ક્રિપ્ટેડ રૂપમાં સંગ્રહિત કરવામાં આવશે. જો ડેટા કલાઉડમાં સંગ્રહિત કરવામાં

INSTITUTE FOR COMPETITIVE EXAMS

આવે તો કલાઉડ સેવા આપનારને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવશે અને સરકારી વિભાગો દ્વારા કલાઉડની ખરીદી માટે જાહેર કરાયેલ દિશા–નિર્દેશોનું પાલન કરવું પડશે.

➢ જો ડેટા પ્રિંસિપલથી GPS અને બ્લૂટૂથ જેવા સ્વચાલિત ઉપકરોણોનો ઉપયોગ કરી ડેટા એકત્રિત કરવામાં આવતો હોય તો આ ડેટા પ્રિંસિપલની પૂર્વ સ્પષ્ટ સહમતિ પર એકત્રિત કરવો.

➢ જે સોફ્ટવેર કે એપ્લિકેશન દ્વારા ડેટા સંગ્રહિત કરવામાં આવતો હોય તેનું સિક્યોરિટી ઓડિટ કરવું જરૂરી છે.

## હૈડ-4

➢ ચીન દ્વારા એક હાઈ રિઝોલ્યુશન સેટેલાઈટ લોન્ચ કરવામાં આવેલ છે.

➢ આ સેટેલાઈટના માધ્યમથી ચીન દ્વારા જમીનનો સર્વે કરવામાં આવશે અને ઈન્ટરનેટના નેરોબેંડનો ઉપયોગ કરવામાં આવશે.

➢ આ સેટેલાઈટનું નામ હૈડ-4 છે.

➢ હૈડ-4ને માર્ચ-2D રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવેલ છે.

➢ સેટેલાઈટમાં ગોફન-9 02 અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સનો પણ સમાવેશ કરવામાં આવેલો છે.

➢ ગોફન-9 02 એક ઓપ્ટિકલ રિમોટ સેંન્સિગ ઉપગ્રહ છે જે એક મીટરથી ઓછા રિઝોલ્યુશન સાથે ફોટા આપવામાં સક્ષમ છે.

➢ સેટેલાઈટનો ઉપયોગ ભૂમિ સર્વેક્ષણ, શહેરી આયોજન, સડક નેટવર્ક ડિઝાઈન, કૃષિ અને આપદા રાહતમાં કરવામાં આવે છે.

## સૂર્ય કોરોના

➢ તાજેતરમાં વૈજ્ઞાનિકો દ્વારા સૂર્યથી ઉત્સર્જિત થતાં રેડિયો પ્રકાશના નાના ચમકારાની શોધ કરી છે.

➢ આ શોધ એ ‘‘કોરોનાના ગરમ હોવાના કારણ’ને સમજવામાં મદદરૂપ થઈ શકે છે.

➢ શોધ સંબંધિત ડેટાને મર્ચિસન વાઈડફીલ્ડ એરે રેડિયો ટેલિસ્કોપની સહાયતાથી એકત્રિત કરવામાં આવેલ છે.

➢ વૈજ્ઞાનિકોને અભ્યાસ દરમિયાન રેડિયો પ્રકાશ અથવા સંકેત સૂર્ય પર એક ચુંબકીય વિસ્ફોટના પરિણામસ્વરૂપ ઉત્સર્જિત ઈલેક્ટ્રોનિક બીમથી પ્રાપ્ત થયેલ છે.

➢ આ અવલોકન એ આજ સુધીના ‘‘સુક્ષ્મ ચુંબકીય વિસ્ફોટ’’નો સૌથી વિશ્વસનીય પુરાવો છે.

➢ આ સુક્ષ્મ ચુંબકીય વિસ્ફોટને પ્રખ્યાત અમેરિકી સૌર ખગોળ ભૌતિકશાસ્ત્રી યુજીન પાર્કર દ્વારા નેનોફ્લેર્સનું નામ આપવામાં આવ્યું છે.

➢ શોધકર્તાઓ અનુસાર આ ‘સુક્ષ્મ ચુંબકીય વિસ્ફોટ’’ કોરોનાના ગરમ હોવાનું કારણ હોય શકે છે.

### Back to basics : સૂર્યના કોરોના વિશે

➢ કોરોના એ સૂર્યના વાતાવરણનો સૌથી બહારનો ભાગ છે.

➢ આ કોરોના સામાન્ય રીતે સૂર્યની સપાટીના તીવ્ર પ્રકાશથી છૂપાયેલ હોય છે. આ કારણથી કોઈ વિશેષ ઉપકરણ વિના તેને જોવું મુશ્કેલ છે.

➢ જો કે કોરોનાને પૂર્ણ સૂર્ય ગ્રહણના સમયે જોય શકાય છે.

➢ કોરોનાની ઘનતા સૂર્યની સપાટીથી લગભગ 10 મિલિયન ગણી ઓછી છે, ઓછી ઘનતાને કારણે જ કોરોનાની ચમક સૂર્યની સપાટીની સરખામણીએ બહુ ઓછી હોય છે.

➢ કોરોનાના ઉચ્ચ તાપમાનનું એક રહસ્ય છે જે ખગોળ શાસ્ત્રીઓ લાંબા સમયથી ઉકેલવાનો પ્રયત્ન કરી રહયા છે.

➢ આ રહસ્યનું કારણ એ છે કે, કોરોના સૂર્યના વાતાવરણની બહારની સપાટીમાં સૂર્યની સપાટીથી દૂર સ્થિત છે છતાં સૂર્યની સપાટીની સરખામણીએ વધુ ગરમ છે.

### સૌર હવા કઈ રીતે કોરોનાથી ઉત્પન્ન થાય છે ?

➢ સૌર હવા એ કિરણોત્સર્ગના અત્યંત ગરમ પ્રાવહો અને સૂર્યના ચાર્જ કરેલા કણો છે જે સૂર્યના વાતાવરણમાંથી સૌરમંડળમાં ફેલાય છે.

➢ આ સૌર હવા ગરમ અને વધુ હાનિકારક હોય છે.

➢ કોરોના અંતરિક્ષમાં દૂર સુધી વિસ્તૃત છે. સૌર હવા આપણા સૌર મંડળથી પસાર થાય છે.

➢ કોરોનાના તાપમાનને કારણે તેના કણમાં તીવ્ર ગતિ હોય છે. આ કણોની ગતિ એટલી વધુ હોય છે કે તેઓ સૂર્યના ગુરુત્વાકર્ષણને પણ પાર કરી જાય છે.

## સ્પેસએક્સ દ્વારા નાસાના અંતરિક્ષ યાત્રીઓ અંતરિક્ષમાં મોકલાયા

➢ સ્પેસએક્સ એ અંતરિક્ષ યાત્રીઓને અંતરિક્ષમાં મોકલનાર પ્રથમ ખાનગી રોકેટ કંપની બની છે.

- સ્પેસએક્સ દ્વારા ડૌગ હર્લે અને બોબ બેહેનકેન નામના અંતરિક્ષ યાત્રીઓને "આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન" (International Space Station-ISS) ખાતે મોકલવામાં આવ્યા હતા.
- સ્પેસએક્સના "ફ્લ્કોન 9" (Falcon 9) રોકેટના માધ્યમથી અંતરિક્ષ યાત્રીઓને ISSમાં મોકલવામાં આવ્યા હતા.
- અંતરિક્ષ યાત્રીઓને ક્રૂ કૅપ્સૂલના માધ્યમથી લઈ જવામાં આવ્યા હતા જેને "ક્રૂ ડ્રેગન" નામ આપવામાં આવ્યું હતું.
- ISS પર પહોંચવા સાથે યાત્રાનું પ્રથમ ચરણ પૂરું થયું હતું, પરંતુ મિશનને ત્યારે જ સફળ ઘોષિત કરવામાં આવશે જ્યારે અંતરિક્ષ યાત્રીઓ સુરક્ષિત ફરી પાછા પૃથ્વી પર આવશે.
- અંતરિક્ષ યાત્રીઓને મોકલવામાં આવનાર આ મિશનનું નામ એ "Demo-2 મિશન" હતું.

## Back to basics : સ્પેસએક્સ અને આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન (ISS) વિશે

- **સ્પેસએક્સ વિશે**
- સ્પેસએક્સ એ દુનિયાની પ્રથમ ખાનગી કંપની છે જેના દ્વારા રોકેટને પૃથ્વી પર પાછા લેંડ કરાવવામાં આવ્યા હતા.
- સામાન્ય રીતે સેટેલાઈટ/ઉપગ્રહોને તેમની કક્ષામાં સ્થાપિત કર્યા પછી રોકેટ બળી જાય છે અને તેને અંતરિક્ષમાં ફેંકી દેવામાં આવે છે.
- પરંતુ સ્પેસએક્સ દ્વારા રોકેટને અંતરિક્ષમાં સેટેલાઈટ છોડયા બાદ ફરી ધરતી પર લેંડ કરાવવામાં આવ્યા હતા.
- આ પહેલા નાસા (NASA) દ્વારા પોતાના અંતરિક્ષ યાત્રીઓને અંતરિક્ષમાં મોકલવા રશિયા પર આધાર રાખવો પડતો હતો.

### આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન (ISS) વિશે

- ISS એ અંતરિક્ષમાં રહેવા યોગ્ય કૃત્રિમ ઉપગ્રહ છે અને તે પૃથ્વીની નીચેની ભ્રમણકક્ષામાં કાર્યરત છે.
- તેને 1998માં શરૂ કરવામાં આવ્યું હતું.
- ISS એ માઈક્રોગ્રેવીટી અને અવકાશ પર્યાવરણ સંશોધન પ્રયોગશાળા તરીકે સેવા આપે છે. જેમાં અંતરિક્ષ યાત્રીઓ જીવવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, હવામાનશાસ્ત્ર વગેરે સંબંધિત પ્રયોગો કરે છે.
- ISS 90 મિનિટમાં લગભગ 17500 મિલ પ્રતિ કલાકની ઝડપે પૃથ્વીનું ચક્કર લગાવે છે.
- ISSના આ પ્રોજેક્ટમાં વિશ્વની 5 સ્પેસ એજન્સીઓનો સમાવેશ થાય છે તે નીચે મુજબ છે :

| સ્પેસ એજન્સી | દેશ/સમૂહ |
|---|---|
| NASA | અમેરિકા |
| Roscosmos State Corporation | રશિયા |
| European Space Agency | યુરોપ |
| Canadian Space Agency | કેનેડા |
| Japan Aerospace Exploration | જાપાન |

- મહિલાઓમાં અંતરિક્ષમાં સૌથી વધુ સમય રહેવાનો રેકોર્ડ 'ક્રિસ્ટિના કોચ'ના નામે છે. તેણે ISSમાં 328 દિવસો પસાર કર્યા હતા.
- પુરુષોમાં અંતરિક્ષમાં સૌથી વધુ સમય રહેવાનો રેકોર્ડ 'વેલેરી પોલ્યાકોવ'ના નામે છે. તેણે 438 દિવસો સ્પેસમાં પસાર કર્યા હતા.

## નવી રાષ્ટ્રીય વિજ્ઞાન, તકનિક અને નવીનતા નીતિ-2020 (New National Science Technology and Innovation Policy-2020)

- નવી રાષ્ટ્રીય વિજ્ઞાન, તકનિક અને નવીનતા નીતિ-2020 માટે મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારના કાર્યાલય તથા વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ તરફથી સંયુક્ત રૂપથી વિકેન્દ્રીત, વ્યાપક અને સમાવેશી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.
- ભારત સરકાર દ્વારા પાંચમી વિજ્ઞાન અને તકનિક નીતિ એવા સમય પર બનાવવામાં આવી છે જ્યારે પૂરી દુનિયા COVID-19 મહામારીના સંકટથી પસાર થઈ રહી છે.
- જેવી રીતે નવા સંકટોનો દુનિયા સામનો કરી રહી છે તેવી સ્થિતિમાં આ નવી નીતિ પોતાની વિકેન્દ્રીકૃત રીતોથી પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રો નક્કી કરશે.
- નીતિ દ્વારા નક્કી કરવામાં આવશે કે કયાં ક્ષેત્રો પર ધ્યાન આપવાની જરૂરિયાત છે. આ ઉપરાંત એ બાબત પર નક્કી કરવામાં આવશે કે સંશોધનની રીતો કેવી હોવી જોઈએ તથા સામાજિક અને આર્થિક કલ્યાણ માટે ટેક્નોલોજીનો મોટા પ્રમાણમાં કેવી રીતે ઉપયોગ કરી શકાય છે.

### નવી નીતિ નિર્માણના મહત્ત્વપૂર્ણ તથ્યો

➤ નવી નીતિ બનાવવાની પ્રક્રિયામાં મુખ્ય ચાર ચરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ચાર ચરણોની માહિતી નીચે મુજબ છે :

**ચરણ-1 :**

➤ પ્રથમ ચરણ અંતર્ગત વિજ્ઞાન નીતિ ફોરમના માધ્યમથી એક વ્યાપક જાહેર અને વિશેષજ્ઞ સલાહ પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે.

➤ વિજ્ઞાન નીતિ ફોરમ એ નવી નીતિના નિર્ધારણ દરમિયાન અને ત્યાર બાદ મોટા જાહેર અને વિશેષજ્ઞ પૂલથી ઈનપુટ પ્રાપ્ત કરવા એક સમર્પિત મંચ છે.

**ચરણ-2 :**

➤ બીજા ચરણમાં પુરાવા આધારિત ભલામણો સ્વીકાર કરવા વિશેષજ્ઞોની વિષયવાર સલાહનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેના માટે 21 કેન્દ્રિત વિષયવાર સમૂહોનું ગઠન કરવામાં આવ્યું છે.

**ચરણ-3 :**

➤ ત્રીજા ચરણમાં મંત્રાલયો અને રાજ્યો સાથે સલાહની પ્રક્રિયાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**ચરણ-4 :**

➤ ચોથા ચરણમાં ટોચના સ્તરે વિભિન્ન હિતધારકો સાથે સલાહની વ્યવસ્થા કરવામાં આવી છે.

### નવી નીતિ સંબંધિત અન્ય માહિતી

➤ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના સચિવ પ્રોફેસર આશુતોષ શર્મા દ્વારા જણાવવામાં આવ્યુ હતુ કે, "ન્યુ ઈન્ડિયા માટે બનાવવામાં આવતી નવી વિજ્ઞાન અને ટેક્નોલોજી નીતિમાં COVID-19 મહામારીથી શીખવામાં આવેલી બાબતોનો સમાવેશ કરવામાં આવશે.

➤ વિજ્ઞાન અને ટેક્નોલોજી તથા નવીનતાના માધ્યમથી સંશોધન અને વિકાસ તથા વિશાળ બજારો અને જનસંખ્યાનો લાભ ઉઠાવતા એક આત્મનિર્ભર ભારતના નિર્માણના લક્ષ્યને સમાવવામાં આવેલ છે.

➤ નીતિ નિર્માણની 6 મહિનાની પ્રક્રિયામાં દેશમાં વૈજ્ઞાનિક પારિસ્થિતિકી તંત્રની બહાર અને અંદર બધા હિત સમૂહો ઉપરાંત શિક્ષા, ઉદ્યોગ, સરકાર, વૈશ્વિક સહભાગીઓ, યુવા વૈજ્ઞાનિકો, નાગરિક સંસ્થાઓ અને સામાન્ય જનતાનો સલાહ માટે સમાવેશ કરવામાં આવશે.

➤ આ નીતિ દ્વારા ફેલોશિપ પ્રાપ્તકર્તાઓની કેડરનો સમાવેશ કરતા ઈનહાઉસ પોલિસી નોલેજ અને ડેટા સપોર્ટ યુનિટ સાથે એક સચિવાલયની સ્થાપના કરવામાં આવી છે જેથી ચાર ચરણોની સલાહકારી પ્રક્રિયા વચ્ચે સંકલન સ્થાપી શકાય.

## "અલ્ટ્રા સ્વચ્છ" બૂથ

➤ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા "અલ્ટ્રા સ્વચ્છ" નામના જીવાણુનાશક એકમ વિકસિત કરેલ છે.

➤ વ્યકિતગત રક્ષણાત્મક ઉપકરણો (PPE), ઈલેક્ટ્રોનિક વસ્તુઓ, કપડાં વગેરેને જીવાણુનાશક કરવા તેનો ઉપયોગ કરવામાં આવશે.

➤ આ એકમ વસ્તુઓને જીવાણુનાશક કરવા ઓઝોનેટેડ સ્પેસ ટેક્નોલોજી નામે એક ઉન્નત ઓકિસડેટિવ પ્રક્રિયાનો ઉપયોગ કરે છે.

➤ આ ડિવાઈસમાં ઓઝોન સીલેંટ ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

➤ "અલ્ટ્રા સ્વચ્છ" એકમમાં એક ઉત્પ્રેરક કન્વૅટર હોય છે જે તેને પર્યાવરણથી અનુકૂળ બનાવે છે.

➤ અલ્ટ્રા સ્વચ્છમાં અનેક સુરક્ષા વિશેષતાઓ જેવી કે ડોર ઈન્ટરલોક, આપાતકાલીન શટડાઉન, વિલંબ ચક્ર, બે દરવાજાઓ સ્ત્રાવ (લીક) મોનિટર વગેરે છે.

➤ આ પ્રણાલી ઔદ્યોગિક, વ્યકિતગત, વ્યવસાયો અને પર્યાવરણીય સુરક્ષા માટે આંતરરાષ્ટ્રીય માપદંડોનું પાલન કરે છે.

## ભારતનો પ્રથમ ઈન્ટરનેટ-નિયંત્રિત રોબોટ

➤ થાણે (મહારાષ્ટ્ર)ના એક એન્જિનિયર દ્વારા ઈન્ટરનેટ નિયંત્રિત રોબોટ વિકસિત કરવામાં આવ્યો છે.

➤ આ રોબોટ COVID-19 રોગીઓના ઈલાજ કરતા હોસ્પિટલોની જરૂરિયાતોને સંબોધિત કરે છે.

➤ આ રોબોટને "કોરો–બોટ" નામ આપવામાં આવ્યું છે.

### કોરો-બોટની અન્ય માહિતી

➤ તે સ્વતંત્ર રૂપથી ભોજન, પ્રવાહી પદાર્થ, પાણી, દવા વગેરેનું વિતરણ કરી શકે છે.

➤ આ રોબોટ નર્સો, કર્મચારીઓ અને કાળજી લેતા લોકોની સહાયતા વિના દર્દીઓને સારી સલાહ આપે છે.
➤ કોરો–બોટમાં ત્રણ ટ્યૂબ છે. પ્રથમ ટ્યૂબનો ઉપયોગ રોબોટના પોતાના જીવાણુનાશક સ્નાન માટે કરવામાં આવે છે.
➤ બીજી ટ્યૂબનો ઉપયોગ ચાલવાના માર્ગની બંને બાજુ અને સેનિટાઈઝનો સ્પ્રે કરવા કરવામાં આવે છે. ત્રીજી ટ્યૂબનો ઉપયોગ યૂવી પ્રકાશની સાથે જમીનને કિટાણુનાશિત કરવા માટે કરવામાં આવે છે.
➤ રોબોટમાં ચા, કોફી અને પાણી માટે ડિસ્પેંસર પણ છે.

## AI આધારિત સોશિયલ ડિસ્ટન્સ મોનિટરિંગ સિસ્ટમ

➤ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT), ખડગપુરના શોધકર્તાઓ દ્વારા જાહેર સ્થળો પર સામાજિક અંતર (Social Distance)ના મોનિટરિંગ માટે એક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત સાયબર–ફિઝિકલ પ્રણાલી વિકસિત કરેલ છે.

### AI આધારિત સોશિયલ ડિસ્ટન્સ મોનિટરિંગ સિસ્ટમની મુખ્ય બાબતો

➤ શોધકર્તાઓ દ્વારા વિકસિત આ ડિવાઈસ સામાજિક અંતરના માપદંડોનું ઉલ્લંઘન થવા પર એલર્ટ જાહેર કરે છે.
➤ આ ડિવાઈસ ફિલ્ડ વ્યૂને કેપ્ચર કરે છે અને સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નિર્ધારિત માપદંડો અનુસાર અંતરની ગણતરી કરે છે.
➤ શોધકર્તાઓ દ્વારા સસ્તા અને સરળતાથી ઉપલબ્ધ હાર્ડવેરની સામગ્રીનો ઉપયોગ કરી આ ડિવાઈસની ડિઝાઈન કરેલ છે.

## કૃત્રિમ બુદ્ધિમત્તા પર વૈશ્વિક ભાગીદારી (Global Partnership on Artificial Intelligence-GPAI)

➤ ભારત એ "કૃત્રિમ બુદ્ધિમત્તા પર વૈશ્વિક ભાગીદારી"માં એક સંસ્થાપક સદસ્ય તરીકે સામેલ થયું છે.
➤ ભારત સિવાય શામેલ થયેલા અન્ય દેશો એ અમેરિકા, બ્રિટન, યુનાઈટેડ કિંગ્ડમ, યુરોપિયન સંઘ, ઈટલી, રિપબ્લિક ઓફ કોરિયા, સિંગાપોર, ન્યૂઝીલેન્ડ ઓસ્ટ્રેલિયા, ફ્રાંસ, જર્મની, જાપાન, મેકિસકો વગેરે છે.

### કૃત્રિમ બુદ્ધિમત્તા પર વૈશ્વિક ભાગીદારી વિશે

➤ કૃત્રિમ બુદ્ધિમત્તા પર વૈશ્વિક ભાગીદારી (GPAI) એક આંતરરાષ્ટ્રીય અને બહુ–હિતધારી પહેલ છે જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના જવાબદારીપૂર્ણ વિકાસ અને માનવાધિકારો, સમાવેશીતા, વિવિધતા, નવીનતા અને આર્થિક વિકાસના ઉપયોગમાં માર્ગદર્શન કરવા પર આધારિત છે.
➤ AIથી જોડાયેલ પડકારો અને અવસરો વધુ સારી રીતે સમજીને વિકસિત કરવાના પોતાના પ્રકારનો પ્રથમ પ્રયાસ છે.
➤ આ પહેલ દ્વારા AI સંબંધિત પ્રાથમિકતાઓ પર અત્યાધુનિક સંશોધન અને લાગુ કરવામાં આવતી પ્રવૃત્તિઓની સહાયતાથી AIના સંબંધે સિદ્ધાંત અને વ્યવહાર વચ્ચેના અંતરને સમાપ્ત કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

### Back to basics : કૃત્રિમ બુદ્ધિમત્તા (Artificial Intelligence-AI)નું વિશ્લેષણ

■ **કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) એટલે શું ?**
➤ AI એક એવી તકનિક છે જેમાં કમ્પ્યુટર પોતાના પ્રોગ્રામમાં આપવામાં આવતા નિર્દેશોને સમજવા અને તેના આધારે નિર્ણય લઈ કામ કરે છે.
➤ AIના માધ્યમથી મશીનો વચ્ચે સંવાદ શકય બન્યો છે.
➤ વાસ્તવમાં AI એ રોબોટિકસની સંપૂર્ણ દુનિયાને બદલી નાખી છે. આ તકનિકના માધ્યમથી રોબોટમાં શીખવાની ક્ષમતા આવી ગઈ છે.
➤ હવે રોબોટ કાર્યો પોતે કરીને જાતે નિર્ણયો લે છે તેને મશીન લર્નિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે.
➤ AIમાં સ્પીચ રેકોગ્નિશન, વિઝ્યુલ પરશેપ્શન, ભાષા ઓળખ, નિર્ણય પ્રક્રિયા વગેરેનું વર્ણન કરી શકાય છે.

### AIનું મહત્ત્વ અને વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગ

➤ AIનો ફાયદો ચિકિત્સા ક્ષેત્રને મળે છે. ઓપરેશન જેવા કાર્યો માટે AI વધુ લાભકારી બને છે. ગ્રામીણ ક્ષેત્રોમાં સંસાધનોની અછત હોવાને લીધે ત્યાં AIનો ઉપયોગ કરી સ્વાસ્થ્ય સેવાઓ સુધારી શકાય છે.
➤ AI મશીનો દ્વારા ઉત્પાદનના ક્ષેત્રોમાં ભૂલો થવાની સંભાવના નહિવત છે અને તેને લાંબા સમય સુધી કામ પર લગાવી શકાય છે.
➤ સુરક્ષા દષ્ટિકોણથી પણ AIનું મહત્ત્વ વધી જાય છે : દા.ત. સેનાના જવાનોના સ્થાને રોબોટનો ઉપયોગ કરી શકાય છે.
➤ સાયબર સુરક્ષા જેવા ક્ષેત્રોમાં છેતરપિંડી રોકવા અને નાણાકીય વ્યવહારોને વધુ સુદઢ બનાવવા AIનો ઉપયોગ થઈ શકે છે.

- શાળાઓમાં શિક્ષણ પ્રણાલીમાં AIના માધ્યમથી સુધારા કરી શિક્ષણનો વ્યાપ વધારી શકાય છે.
- નાણાકીય સંસ્થાઓ અને બેંન્કિંગ સંસ્થાઓ ડેટાના વ્યવસ્થિત સંચાલન માટે AIનો ઉપયોગ કરે છે.
- AIના મદદથી અનેક કઠિન કાર્યો સંભવ છે જે સામાન્ય રીતે મનુષ્ય નથી કરી શકતો. જેમકે સમુદ્ર તળની ઊંડાઈમાં ખનીજની શોધ, પેટ્રોલ અને ઈંધણની શોધ વગેરે કાર્ય AIથી સરળ બનશે.
- કૃષિ ક્ષેત્રે જમીનની ફળદ્રપતા તપાસવા, કયો પાક યોગ્ય રહેશે તેની જાણકારી, હવામાન આધારિત કૃષિ વગેરેની માહિતી માટે AI ઉપયોગી છે.
- નવા સ્માર્ટ સિટીમાં ટેક્નોલોજી વધારવા તથા શહેરના આયોજન માટે AI ઉપયોગી છે.


**■ AIના જોખમો તથા ગેરફાયદાઓ :**

- મોટા પ્રમાણમા ઓટોમેશન થવાથી બેરોજગારી વધી શકે છે. વિશ્વ આર્થિક મંચ (World Economic Forum-WEF) અનુસાર AIને લીધે વર્ષ 2025 સુધીમાં 50%થી વધુ નોકરીઓ પર સ્વચાલિત મશીનોનો કબ્જો હશે.
- તેના વ્યાપક ઉપયોગથી એવું પણ શકય છે કે માનવજાત સંપૂર્ણ રીતે મશીનો પર નિર્ભર બને અને તેમની વૈચારિક ક્ષમતા અને રચનાત્મકતા પર પ્રતિકૂળ અસર થાય.
- મશીન લર્નિંગના માધ્યમથી મશીનો પોતે સ્વચાલિત હથિયારો બનાવે તો સમગ્ર માનવજાત માટે જોખમ છે.
- મશીનો અંતર્ગત ભાવનાઓ કે નૈતિકતાના મૂલ્યો હોતા નથી. આથી સાચાં અને ખોટા વચ્ચેનો અંતર કે ભેદ તે ન કરી શકે.

**■ AI સંબંધ આગળનો માર્ગ :**

- ભારત સરકાર દ્વારા AI સંબંધે એવુ પ્લેટફોર્મ તૈયાર કરવું જરૂરી છે. જેથી શોધની સાથે નવી નોકરીઓનું નિર્માણ પણ થઈ શકે.
- AIથી ઉત્પન્ન થતાં જોખમોને ધ્યાનમાં રાખી તેનું વિવેચનાત્મક મૂલ્યાંકન કર્યા પછી તેના પાસાંઓ અનુસાર સંતુલન બનાવી રાખવું જરૂરી છે અને તેના સંભર્દે AI પર વધુ અભ્યાસની જરૂર છે.


દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે




SAVE & SHARE
Join Telegram : t.me/icerajkotofficial

# 5. યોજના / પોર્ટલ / રિપોર્ટ

## પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના

- આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ''પ્રધાનમંત્રી સ્વનિધિ'' અથવા 'પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેંડર આત્મનિર્ભર નિધિ'' યોજના શરૂ કરવામાં આવી છે.
- આ યોજનાની ઘોષણા નાણામંત્રી દ્વારા 14 મે, 2020ના રોજ કરવામાં આવી હતી.
- આ યોજનાનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય લોકડાઉનને કારણે મુશ્કેલીમાં આવેલ રસ્તા પર રેકડી/લારી ધરાવતા લોકોને પોતાની આજીવિકા ફરીથી શરૂ કરવા સક્ષમ બનાવવાનો છે.

### પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાની મુખ્ય બાબતો

- આ યોજના અતંર્ગત રૂ. 10,000 સુધીના સસ્તા ઋણ માટે એક માઈક્રો ક્રેડિટ સુવિધા આપવામાં આવશે.
- આ ઋણ એ 24 માર્ચ, 2020 અથવા તેના પહેલા વ્યાપાર કરતા 50 લાખથી વધુ લારી પર વ્યાપાર કરતા લોકોને આપવામાં આવશે.
- આ યોજના એ વર્ષ 2022 સુધી ચાલુ રહેશે.
- સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (SIDBI) આ યોજનાના અમલીકરણ માટે તકનિકી ભાગીદાર છે.
- યોજના અતંર્ગત સુક્ષ્મ અને લઘુ ઉદ્યમો માટે ક્રેડિટ ગેરેંટી ફંડ ટ્રસ્ટના માધ્યમથી ઋણ આપનાર સંસ્થાઓને ક્રેડિટ ગેરેંટી આપવામાં આવશે.

### પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત આપવામાં આવતું ઋણ

- યોજના અંતર્ગત સ્ટ્રીટ વેંડરને રૂ. 10,000 સુધીની કાર્યશીલ મૂડી આપવામાં આવશે જેને 1 વર્ષમાં માસિક હપ્તાઓમાં ચૂકવવાનું રહેશે.
- આ ઋણ સમય પર ચુકાવનાર સ્ટ્રીટ વેંડરને 7% વાર્ષિક વ્યાજ સબસિડીના રૂપમાં તેમના ખાતામાં સરકાર તરફથી ટ્રાન્સફર કરવામાં આવશે.
- આ યોજના અતંર્ગત કોઈપણ દંડ માટેની જોગવાઈ નથી.

### પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાનો લાભ કોને મળશે

- આ યોજના અંતર્ગત શહેરી/ગ્રામીણ ક્ષેત્રોની આસ–પાસ રસ્તા પર માલ વેચનાર, સડક કિનારે દુકાન ચલાવનાર, ફળ–શાકભાજી, લોન્ડ્રી, સલુન, પાનની દુકાન તથા વસ્તુઓ અને સેવાની આપૂર્તિ કરનારને ઋણ આપવામાં આવશે.

### પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાની જરૂરિયાત

- લોકડાઉન દરમિયાન રોજિંદી રોજગારી મેળવનાર મજદૂરો તથા સડક કિનારે દુકાન ચલાવનાર લોકોના જીવન પર પ્રતિકૂળ અસર પડી છે.
- સ્ટ્રીટ વેંડર અસંગઠિત માધ્યમોથી લોન/ઋણ લઈને વ્યાજ પર નાણાં લે છે અને પોતાની કાર્યશીલ મૂડી એકઠી કેર છે.
- લોકડાઉનના લીધે તેમની બચત અને મૂડી સમાપ્ત થવાથી પુનઃ રોજગાર આરંભ કરવાનો સંકટ તેમની સામે છે.
- આથી વ્યાપાર ફરીથી શરૂ કરવા સ્ટ્રીટ વેંડર માટે સંગઠિત બેંકિંગ સ્ત્રોતના માધ્યમથી કાર્યશીલ મૂડી પ્રદાન કરવાની આવશ્યકતા છે.

## ઈલેક્ટ્રોનિક્સ પ્રોત્સાહન માટે યોજનાઓ

- ભારત સરકાર દ્વારા દેશમાં ઈલેક્ટ્રોનિકસના ઉત્પાદનને વ્યાપક સ્તર પર પ્રોત્સાહન વધારવા લગભગ રૂ. 48,000 કરોડના કુલ ખર્ચ સાથે ત્રણ પ્રોત્સાહન યોજનાની શરૂઆત કરેલી છે.

### ઈલેક્ટ્રોનિક્સ પ્રોત્સાહન યોજનાની માહિતી :

1) ઉત્પાદન લિંકડ પ્રોત્સાહન યોજના :
- આ યોજના મોબાઈલ ફોન નિર્માણ અને ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો સાથે જોડાયેલી છે.
- સરકાર શરૂઆતમાં 10 કંપનીઓને ઈન્સેન્ટિવ (પ્રોત્સાહન) આપવાની યોજના બનાવી રહી છે. જેમાં 5 સ્થાનિક અને 5 વૈશ્વિક કંપનીઓનો સમાવેશ થાય છે.
- આ યોજના ભારતમાં ઉત્પાદિત થયેલી વસ્તુના વૃદ્ધિશીલ વેંચાણ પર 4-6%ની પ્રોત્સાહન રકમ આપશે.
- આ પ્રોત્સાહન રકમ કંપનીઓને લક્ષિત ક્ષેત્રોમાં ઉત્પાદન કરવા પર આધાર વર્ષ પછીના 5 વર્ષ માટે આપવામાં આવશે.

2) ઈલેક્ટ્રોનિક ઉપકરણો સેમીકંડકટરોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની યોજના :
- તેના અંતર્ગત ચિન્હિત ઈલેક્ટ્રોનિક સામગ્રી જેમકે ઈલેક્ટ્રોનિક ઉપકરણો, સેમીકંડકટર, એસેમ્બલ, ટેસ્ટ, માર્કિંગ અને

પેકેજિંગ એકમો વગેરે મૂડીગત વસ્તુના નિર્માણ માટે મૂડીગત ખર્ચ પર 25% નાણાકીય પ્રોત્સાહન આપવામાં આવશે.

3) સુધારેલ ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્લસ્ટર (Electronics Manufacturing Cluster-2.0)

➤ આ યોજના અંતર્ગત ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્લસ્ટર સાથે અન્ય સુવિધા કેન્દ્રોની સ્થાપના માટે સહયોગ આપવામાં આવશે.

➤ યોજના અનુસાર ઈલેક્ટ્રોનિક ઉત્પાદન ક્લસ્ટર અંતર્ગત ઉદ્યોગની ખામીઓ દૂર કરવામાં આવશે અને વૈશ્વિક સ્તરના મૂળભૂત માળખાને સમર્થન આપવામાં આવશે.

➤ આ યોજના આપૂર્તિ શ્રેણીમાં જવાબદેહી વધારીને આપૂર્તિકર્તાને એકીકરણ અને લોજિસ્ટિક ખર્ચ ઓછો કરી ઘરેલું અને આંતરરાષ્ટ્રીય બજારના મધ્ય સંબંધોને મજબૂત કરશે.

## ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનને પ્રોત્સાહન આપતી યોજનાઓનું મહત્ત્વ :

➤ આ યોજનાઓ ઘરેલું ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનની અછતને દૂર કરવામાં મદદરૂપ બનશે.

➤ યોજનાઓ દ્વારા દેશમાં ઈલેક્ટ્રોનિક ઉત્પાદન તંત્રને મજબૂત બનાવવામાં આવશે.

➤ ત્રણેય યોજનાઓ સાથે મળીને મોટા પાયે ઈલેક્ટ્રોનિક ઉત્પાદન, ઉપકરણોની ઘરેલું આપૂર્તિ શ્રેણી આધુનિક માળખું અને મોટા પાયે ઉત્પાદનને સક્ષમ બનાવશે.

➤ યોજના દ્વારા 1 ટ્રિલિયન ડોલર ડિજિટલ અર્થવ્યવસ્થા અને 2025 સુધી 5 ટ્રિલિયન ડોલરની ભારતીય અર્થવ્યવસ્થા બનાવવામાં મદદ મળશે.

➤ ત્રણેય યોજનાઓના માધ્યમથી રોકાણને આકર્ષિત કરવામાં તથા મોબાઈલ ફોનના ઉત્પાદનમાં વધારો થવાથી વર્ષ 2025 સુધીમાં રૂ. 10 લાખ કરોડ સુધી થવા સાથે લગભગ 5 લાખ પ્રત્યક્ષ અને 15 લાખ અપ્રત્યક્ષ રોજગારી નિર્માણ થવાની સંભાવના છે.

➤ આ યોજનાઓ ઈલેક્ટ્રોનિક્સમાં આત્મનિર્ભર ભારત બનવા માટેનું એક પગલું છે.

# ગ્લોબલ ઈકોનોમિક પ્રોસપેક્ટ્સ

➤ તાજેતરમાં વિશ્વ બેંક (World Bank) દ્વારા પોતાનો અહેવાલ/રિપોર્ટ “ગ્લોબલ ઈકોનોમિક પ્રોસપેક્ટ્સ (Global Economic Prospects) પ્રકાશિત કર્યો હતો.

## ગ્લોબલ ઈકોનોમિક પ્રોસપેક્ટ્સની મુખ્ય બાબતો

➤ COVID-19ના કારણે મોટા ભાગના લોકોએ ગરીબીની રેખા નીચે આવી શકે છે. અર્થવ્યવસ્થા પર COVID-19ના પ્રભાવને ધ્યાનમાં રાખતા એવું અંદાજવામાં આવ્યું છે કે વર્ષ 2020માં 60 મિલિયન લોકો ગરીબી રેખા નીચે આવી શકે છે.

➤ COVID-19 મહામારીને કારણે આર્થિક વિકાસ પર લાંબાગાળા તથા ટૂંકાગાળા પર ખરાબ/ગંભીર અસર પડવાની શકયતા છે. આ ઉપરાંત આવી મંદી પાછલા આઠ દશકોમાં જોવા મળી નથી.

➤ દેશો એ સ્વાસ્થ્ય સંકટ, નિકાસ, વ્યાપાર, પર્યટનમાં ઘટાડો અને અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં ઘટાડો થયો છે. આ અસર ખાસ કરીને ઉભરતા બજાર અને વિકાસશીલ અર્થવ્યવસ્થા પર વધુ છે.

➤ આયાત કરતા દેશોની સરખામણીએ નિકાસ કરતા દેશોનો વૃદ્ધિદર ધીમો થવાની સંભાવના છે.

➤ આગામી 5 વર્ષ માટે ઉત્પાદનમાં ઘટાડાના સંદર્ભનો પણ રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

➤ ઉત્પાદનમાં ઘટાડાની બાબતે ઉભરતા બજાર અને વિકાસશીલ અર્થવ્યવસ્થામાં નાણાકીય સંકટ સાથે ઉત્પાદનમાં 8% ઘટાડો થઈ શકે છે. આ ઉપરાંત આવી અર્થવ્યવસ્થામાં તેલની કિંમતોના ઘટાડાને લીધે ઉત્પાદનમાં 11%નો ઘટાડો થઈ શકે છે.

## Back to basics : ગ્લોબલ ઈકોનોમિક પ્રોસપેક્ટ્સ વિશે

➤ આ રિપોર્ટ એ વિશ્વ બેંક દ્વારા વર્ષમાં બે વખત અર્થાત્ જાન્યુઆરી અને જૂનમાં પ્રકાશિત કરવામાં આવે છે.

➤ રિપોર્ટ અંતર્ગત ઉભરતા બજાર અને વિકાસશીલ અર્થવ્યવસ્થાઓ પર વિશેષ ધ્યાન આપવા સાથે વૈશ્વિક આર્થિક વિકાસ અને સંભાવનાઓની ઓળખ કરવામાં આવે છે.

➤ રિપોર્ટની જાન્યુઆરી આવૃત્તિમાં વર્તમાન નીતિ પડકારોનું ઉંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવે છે જ્યારે જૂનની આવૃત્તિમાં સંક્ષિપ્ત વિશ્લેષણાત્મક પાસાંઓનો સમાવેશ કરવામાં આવે છે.

# TULIP

➤ દેશમાં બધી શહેરી સ્થાનિક સંસ્થાઓ અને સ્માર્ટ શહેરોમાં નવા સ્નાતકોને પ્રશિક્ષણની અવસર આપવા હેતુ “TULIP (ટ્યૂલિપ) – શહેરી અધ્યયન પ્રશિક્ષણ કાર્યક્રમ”નો આરંભ કરવામાં આવ્યો છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

## TULIP કાર્યક્રમ વિશે

- ધ અર્બન લર્નિંગ ઈન્ટર્નશીપ પ્રોગ્રામ (TULIP) કાર્યક્રમ શહેરોમાં સ્નાતકોને પ્રશિક્ષણની અવસર આપશે.
- શહેરી આયોજન, પરિવહન એન્જિનિયરીંગ, પર્યાવરણ, નગરપાલિકા ફાયનાન્સ જેવા ક્ષેત્રોમાં સંભવિત પ્રતિભા પૂલ બનાવવા TULIP મદદરૂપ બનશે.
- આ કાર્યક્રમથી શહેરોમાં રહેલા પડકારોનું સમાધાન કરવું સરળ બનશે.
- TULIP અંતર્ગત શહેરી સ્થાનિક સંસ્થા અને સ્માર્ટ શહેરોની ભાગીદારી સક્ષમ બનાવવા રાજ્ય સરકારો સાથે ભાગીદારી કરવામાં આવશે.
- આ પહેલ વર્ષ 2025 સુધી MHRD અને AICTEના 1 કરોડ સફળ ઈન્ટર્નશીપ લક્ષ્યને પૂરા કરવા માટેનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

## TULIP કાર્યક્રમનો લાભ અને જરૂરિયાત

- આ કાર્યક્રમથી ભારતની જનસંખ્યાના લાભ લેવામાં મદદ મળશે, કારણ કે આવનારા વર્ષોમાં આ જ જનસંખ્યા દુનિયામાં કામ કરનાર ઉંમરની મોટી આબાદી હશે.
- ભારતમાં તકનિકી સ્નાતકો પર્યાપ્ત માત્રામાં છે, જેથી તેમના વ્યાવસાયિક વિકાસ માટે વાસ્તવિક દુનિયાની યોજનાના અમલીકરણ અને આયોજનને તેમના સુધી પહોંચાડવું જરૂરી છે.
- ભારતમાં "અભ્યાસથી કાર્ય"ના બદલે "કાર્યથી અભ્યાસ" નો અભિગમ વિકસાવવાની જરૂર છે.
- TULIP સામુદાયિક ભાગીદારી અને સરકાર–શિક્ષા–ઉદ્યોગ –નાગરિક સમાજમાં સંબંધોને પ્રોત્સાહન આપવા સરકારના પ્રયાસોને આગળ વધારશે.
- આ પહેલ ભારતના શહેરી પડકારોના સમાધાનના સહ–નિર્માણમાં યુવાઓને જોડવા સાથે નવા વિચારો અને ઊર્જાના પ્રસારને પ્રોત્સાહન આપશે.

## સ્વદેશ (SWADES - Skilled workers Arrival Database for Employment Support)

- દેશમાં ફેલાયેલી મહામારીને કારણે દેશ પાછા આવેલા કુશળ કર્મચારીઓના સર્વશ્રેષ્ઠ ઉપયોગ કરવા ભારત સરકારે "વંદે ભારત મિશન" અંતર્ગત પાછા આવતા નાગરિકોના કૌશલ્યને મેપિંગ કરવા "સ્વદેશ" નામની નવી પહેલ શરૂ કરી છે.

## સ્વદેશ વિશે

- સ્વદેશનું પૂરું નામ એ "SWADES - Skilled Worker Arrival Database for Employment Support) છે.
- સ્વદેશ એ કૌશલ્ય વિકાસ અને ઉદ્યમ મંત્રાલય, નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને વિદેશ મંત્રાલયની એક સંયુક્ત પહેલ છે.
- સ્વદેશનો ઉદ્દેશ્ય ભારતીય અને વિદેશી કંપનીઓની માંગ સમજવા અને તેને પૂરી કરવા તેમના કૌશલ્ય અને અનુભવના આધાર પર નાગરિકોનો એક ડેટાબેઝ બનાવવાનો છે.
- પાછા આવતા નાગરિકોને એક ઓનલાઈન સ્વદેશ કૌશલ્ય કાર્ડ ભરવું આવશ્યક છે.
- કૌશલ્ય વિકાસ અને ઉદ્યમ મંત્રાલયની શાખા "રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ" (National Skill Development Corporation-NSDC) આ યોજનાના અમલીકરણમાં સહયોગ કરશે.
- યોજના અંતર્ગત એકત્રિત કરવામાં આવેલી માહિતી દેશમાં કંપનીઓ સાથે વહેંચવામાં આવશે.
- સ્વદેશ કૌશલ્ય કાર્ડ રાજ્ય સરકારો, ઉદ્યોગ સંઘો અને નોકરી આપનાર સહિત પ્રમુખ હિતધારકો સાથે વિચાર–વિમર્શના માધ્યમથી રોજગાર માટેના અવસરો સાથે પાછા આવતા નાગરિકો માટે એક વ્યૂહાત્મક માળખું પૂરું પાડશે.

## વર્તમાન સ્થિતિ

- સ્વદેશ કૌશલ્ય ફોર્મને 30 મે, 2020ના રોજ પ્રકાશિત કરવામાં આવ્યું હતું અને 3 જૂન, 2020 સુધી લગભગ 7,000 લોકોની માહિતી નોંધવામાં આવી હતી.
- એકત્રિત માહિતીના આંકડાઓમાં જ્યાંથી નાગરિકો પાછા આવી રહયા છે તે શીર્ષ દેશોમાં સંયુક્ત અરબ અમીરાત, ઓમાન, કતાર, કુવૈત અને સાઉદી અરેબિયાનો સમાવેશ થાય છે.
- આ નાગરિકો મુખ્ય રૂપથી તેલ અને ગેસ, બાંધકામ, પર્યટન, મોટર વાહન અને ઉડ્ડયન જેવા ક્ષેત્રો સાથે જોડાયેલા હતા.
- આંકડાઓની માહિતી પરથી જાણવા મળે છે કે સૌથી વધુ શ્રમિકો પાછા આવ્યા છે તેમાં કેરળ, તમિલનાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને તેલંગાણાના છે.

## સામાયિક મજૂરવર્ગ સર્વે (Periodic Labour Force Survey-2018-19)

- તાજેતરમાં રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય (National Statistical Office-NSO) દ્વારા જુલાઈ 2018-જૂન 2019 સુધીને સામાયિક મજૂરવર્ગ સર્વે પ્રકાશિત કર્યો હતો.
- સર્વે મુજબ નીચેની વ્યાખ્યાઓના સંદર્ભે આંકડાઓ પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

1) શ્રમબળ ભાગીદારી દર : કુલ જનસંખ્યામાં શ્રમબળ માટે પ્રકાશિત કરવામાં આવે છે. શ્રમબળમાં કામ કરી રહયા હોય, કામની શોધમાં હોય અથવા કામ માટે ઉપલબ્ધ હોય તેનો સમાવેશ કરવામાં આવે છે.
2) કામદાર વસતી પ્રમાણ (Worker Population Ratio) : કુલ જનસંખ્યામાં રોજગારી ધરાવતા લોકોની ટકાવારી દર્શાવે છે.
3) બેરોજગારી દર : કુલ શ્રમ બળમાં બેરોજગારીના દરને દર્શાવે છે. જે વ્યકિત કામ માંગવા છતાં પાછલા 7 દિવસોમાં એક કલાકનું પણ કામ મેળવવામાં અસમર્થ હોય તેને બેરોજગાર માનવામાં આવે છે.

## સર્વેની મુખ્ય બાબતો

- સર્વે અનુસાર નાણાકીય વર્ષ 2018-19માં શ્રમ બળ ભાગીદારી દરમાં 37.5%ની સાથે સામાન્ય સુધારો થયો છે. વર્ષ 2017-18માં આ દર 36.9% હતો.
- વર્ષ 2018-19માં બેરોજગારીના દરમાં ઘટાડો થયો છે. આ દર 5.8%નો રહયો હતો. જ્યારે વર્ષ 2017-18માં આ દર 6.1% હતો.
- કામદાર વસતી પ્રમાણમાં વધારો થયો છે અને વર્ષ 2018-19 માટે તે 35.3% રહયો હતો. જ્યારે વર્ષ 2017-18માં આ દર 34.7% હતો.
- શ્રમ બળમાં મહિલાઓની ભાગીદારીના દરમાં સુધારો થયો છે. વર્ષ 2018-19માં તે 18.6% રહયો હતો. જ્યારે વર્ષ 2017-18માં આ દર 17.5% હતો.
- શહેરી બેરોજગારી દર વર્ષ 2018-19માં 7.8%થી ઘટીને 7.7% થઈ હતી અને ગ્રામીણ બેરોજગારી 5.3%થી ઘટીને 5% થઈ હતી.
- નાણાકીય વર્ષ 2018-19માં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST)ની બેરોજગારી દરમાં વધારો થયો છે.

| માપદંડ | વર્ષ 2018-19માં દર (ટકામાં) | વર્ષ 2017-18માં દર (ટકામાં) |
|---|---|---|
| શ્રમ બળ ભાગીદારી | 37.5 | 36.9 |
| બેરોજગારી | 5.8 | 6.1 |
| કામદાર વસ્તી પ્રમાણ | 35.3 | 34.7 |
| મહિલા શ્રમ બળ ભાગીદારી | 18.6 | 17.5 |
| શહેરી બેરોજગારી | 7.7 | 7.8 |
| ગ્રામીણ બેરોજગારી | 5 | 5.3 |

## Back to basics : સામાયિક મજૂરવર્ગ સર્વે વિશે

- સામાયિક મજૂરવર્ગ સર્વે એ ભારતનો પ્રથમ કમ્પ્યુટર આધારિત સર્વે છે. જે આંકડા અને પ્રોગ્રામ અમલીકરણ મંત્રાલય (Ministry of Statistics and Programme Implementation-MOSPI) દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.
- આ સર્વે એ રોજગાર અને બેરોજગારી સંકેતકો, શ્રમ બળની ભાગીદારી, કામદાર વસતી પ્રમાણ, બેરોજગારી દર વગેરેની ગણતરી કરવામાં આવે છે.
- આ ગણતરી એ ગ્રામીણ પરિવારોમાં વાર્ષિક ધોરણે અને શહેરી પરિવારો માટે ત્રિમાસિક ધોરણે કરવામાં આવે છે.
- સર્વે અંતર્ગત શિક્ષિત અને બેરોજગાર લોકોની પણ માહિતી આપવામાં આવે છે.
- આ સર્વેને વર્ષ 2017માં શરૂ કરવામાં આવ્યો હતો અને મે, 2019માં પ્રથમ વાર્ષિક રિપોર્ટ (જુલાઈ 2017-જૂન 2018) પ્રકાશિત કરવામાં આવ્યો હતો. તેમાં ગ્રામીણ અને શહેરી બંને ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવે છે.

# નગર વન યોજના

- વિશ્વ પર્યાવરણ દિવસ, 2020ના અવસર પર પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા શહેરી વન વિકાસ કરવા માટેની યોજનાના અમલીકરણની ઘોષણા કરી છે.
- આ યોજના અંતર્ગત આવનારા 5 વર્ષોમાં 200 શહેરી વન વિકસિત કરવા માટેની ઘોષણ કરવામાં આવી છે.
- આ યોજનાની શરૂઆત વર્ષ 2015માં પુણે (મહારાષ્ટ્ર) ખાતે કરવામાં આવી હતી. તેના અંતર્ગત પુણેમાં 16.8 હેકટર "વારજે શહેરી વન ક્ષેત્ર"ને લીલા જંગલમાં બદલવામાં આવ્યુ હતું તે પહેલા આ વિસ્તાર બંજર હતો.
- પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ, 2020 દરમિયાન નગર વનની થીમ પર ધ્યાન કેન્દ્રિત કરતા પર્યાવરણ દિવસનું વર્ચ્યુઅલ રૂપથી આયોજન કર્યું હતું.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

### નગર વન યોજનાની અન્ય માહિતી

- આ યોજના અંતર્ગત શહેરી વન પર વધુ ધ્યાન આપવામાં આવશે.
- યોજના એ શહેરી સંસ્થાઓ, બિન સરકારી સંગઠનો તથા સમુદાયો (સ્થાનીય નાગરિકો) વચ્ચેની ભાગીદારી અને સહયોગ પર આધારિત હશે.
- આ યોજના માટેની નાણાકીય સહાય એ "વળતર વનીકરણ ભંડોળ અધિનિયમ, 2016" (Compensatory Afforestation Fund Act, 2016) દ્વારા આપવામાં આવશે.

### નગર વન યોજનાની જરૂરીયાત અને તેનું મહત્ત્વ

- પારંપરિક રૂપથી જૈવ વિવિધતા સંરક્ષણ દૂરના વન ક્ષેત્રો સુધી જ સીમિત માનવામાં આવતુ હોય છે, પરંતુ વધતા શહેરીકરણ સાથે શહેરી ક્ષેત્રોમાં પણ જૈવ વિવિધતા સુરક્ષિત રાખવા અને બચાવવાની આવશ્યતા જરૂરી બની છે. શહેરી વન આ અંતર ઓછું કરવા મદદરૂપ બનશે.
- ભારત જંતુઓ અને છોડની પ્રજાતિઓથી સમૃદ્ધ જૈવ વિવિધતાનું ક્ષેત્ર છે. આ ઉપરાંત વિશ્વના 35 હોટસ્પોટ વિસ્તારોમાંથી 4 હોટસ્પોટ વિસ્તારો ભારતમાં છે. આથી, શહેરો દ્વારા જૈવ વિવિધતાનું રક્ષણ પણ જરૂરી છે.
- વધતી જનસંખ્યા, વૃક્ષો કાંપવા ઔદ્યોગિકરણ વગેરે દ્વારા પ્રાકૃતિક સંસાધનો પર દબાણ વધ્યું છે. આથી જૈવ વિવિધતામાં સતત ઘટાડો થઈ રહયો છે.
- ઈંધણથી ઉત્પન્ન થતો કાર્બન ડાયોકસાઈડ શોષાય એવા ક્ષેત્રોને કાર્બન સિંક તરીકે ઓળખવામાં આવે છે. આ યોજના કાર્બન સિંકને વધારવામાં મદદરૂપ બની શકે છે.

## પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક-2020

- તાજેતરમાં દર બે વર્ષે પ્રકાશિત થતાં પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક (Environment Performance Index-EPI)ની 12મી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છે.
- આ સૂચકાંક અંતર્ગત પર્યાવરણીય સ્વાસ્થ્ય અને પારિસ્થિતિકી તંત્રની ક્ષમતાથી સંબંધિત 11 શ્રેણીઓ અને 32 પ્રદર્શન સંકેતકોના આધાર પર 180 દેશોને રિન્કિંગ આપવામાં આવે છે.
- આ સૂચકાંક દેશોની નીતિઓ અને પર્યાવરણીય પ્રદર્શનનું આકલન કરવાની એક વિધિ છે.

### કોના દ્વારા પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક પ્રકાશિત થાય છે ?

- પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક યેલ યુનિવર્સિટીના સેન્ટર ફોર એનવાયરમેન્ટલ લો એન્ડ પોલિસી તથા કોર્લંબિયા યુનિવર્સિટીના "સેન્ટર ફોર ઈન્ટરનેશનલ અર્થ સાયન્સ ઈર્ન્ફોમેશન નેટવર્ક" દ્વારા "વિશ્વ આર્થિક મંચ" (World Economic Forum-WEF)ના સહયોગથી તૈયાર કરવામાં આવે છે.

### પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક-2020માં ભારતનું પ્રદર્શન :

- પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક-2020માં 180 દેશોમાંથી ભારતનો ક્રમ 168મો રહયો હતો. ભારતનો સ્કોર એ 27.6 હતો. વર્ષ 2018માં ભારતનું સ્થાન 177મું હતું.
- પર્યાવરણીય સ્વાસ્થ્ય સંબંધી બધા 5 પ્રમુખ માપદંડો વાયુ ગુણવત્તા, સ્વચ્છતા અને પીવાનું પાણી, ભારે ધાતુ અને કચરો વ્યવસ્થાપનમાં ભારતનો સ્કોર એ દક્ષિણ એશિયાની ક્ષેત્રીય સરેરાશથી નીચે રહયો હતો.
- ભારતનો જૈવ વિવિધતા અને પારિસ્થિતિકી તંત્રની સેવાઓ સંબંધિત માપદંડોમાં પણ સ્કોર દક્ષિણ એશિયાની સરેરાશથી ઓછો હતો.
- પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક-2020માં ભારતથી પાછળ ફકત 11 દેશો છે.

**પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક-2020ના વિવિધ સૂચકોમાં ભારતનો ક્રમ**

| પર્યાવરણ પ્રદર્શન સૂચકાંકના વિવિધ સૂચકો | ભારતનો ક્રમ |
|---|---|
| સ્વાસ્થ્ય | 172 |
| હવાની ગુણવત્તા | 179 |
| સ્વચ્છતા અને પીવાનું પાણી | 139 |
| ભારે ધાતુ | 174 |
| કચરો વ્યવસ્થાપન | 103 |
| પારિસ્થિતિકી જીવતંતા | 150 |
| જૈવ વિવિધતા | 148 |
| પારિસ્થિતિકી સેવાઓ | 93 |
| મત્સ્ય | 35 |
| આબોહવા પરિવર્તન | 106 |
| પ્રદૂષણ ઉત્સર્જન | 148 |
| કૃષિ | 108 |
| જળ સ્ત્રોત | 94 |

### પર્યાવરણ પ્રદર્શ સૂચકાંક-2020માં અન્ય દેશોનું પ્રદર્શન

- આ સૂચકાંકમાં ડેનમાર્કનો ક્રમ પ્રથમ રહયો હતો.

- અમેરિકાનો ક્રમ 24મો તથા ચીનનો ક્રમ 120મો રહયો હતો.
- દક્ષિણ એશિયાના દેશોમાં ભૂતાન (107), શ્રીલંકા (109), માલદીવ (127), પાકિસ્તાન (142), નેપાલ (145), બાંગ્લાદેશ (162) તથા અફઘાનિસ્તાન (178)માં ક્રમે રહયા હતા.

## ચેમ્પિયન્સ પોર્ટલ

- 1 જૂન, 2020ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ચેમ્પિયન્સ નામનું તકનિકી પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું હતું.
- ચેમ્પિયન્સ (CHAMPIONS)નું પૂરું નામ એ "Creation and Harmonious Application of Modern Processes for Increasing the Output and National Strength" છે.

### ચેમ્પિયન્સ પોર્ટલની મુખ્ય બાબતો

- આ પોર્ટલ એ નાના એકમોને પ્રોત્સાહિત કરશે અને તેમની ફરિયાદોનું સમાધાન કરી તેમને મદદ કરશે.
- પોર્ટલ એ MSME ક્ષેત્રની બધી સંસ્થાઓ માટે વન–સ્ટોપ શોપ સમાધાનના રૂપમાં કાર્ય કરશે.
- આ પોર્ટલ તકનિક આધારિત એક પ્રબંધન સૂચના પ્રણાલી છે.
- આ પોર્ટલ એક "Control Room-Cum-Management Information System" છે. જેને ટેલિફોન, ઈન્ટરનેટ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા એનાલિટિક્સ અને મશીલ લર્નિંગ દ્વારા સક્ષમ બનાવવામાં આવેલ છે.
- પોર્ટલને ભારત સરકારની મુખ્ય કેન્દ્રીય જાહેર ફરિયાદ નિવારણ અને નિરીક્ષણ પ્રણાલી અને MSME મંત્રાલયની અન્ય વેબ પ્રણાલી સાથે જોડવામાં આવેલ છે.

### ચેમ્પિયન્સ પોર્ટલના ઉદ્દેશ્યો

- પોર્ટલ MSMEની સમસ્યાઓ તથા ફરિયાદ નિવારણનું કાર્ય કરશે. તેમાં મુખ્ય રૂપથી કાચું તેલ, નાણાં, શ્રમ, નિયામક મંજૂરી વગેરેનો સમાવેશ થાય છે.
- પોર્ટલ MSME ક્ષેત્રને નવા અવસરોના લાભ ઉઠાવવામાં મદદ કરશે. તેમાં સહાયક ઉપકરણ, ચિકિત્સા ઉપકરણ, વ્યક્તિગત સુરક્ષા ઉપકરણ, માસ્ક વગેરેના નિર્માણનો સમાવેશ થાય છે.

## ડેરી ખેડૂતો માટે કિસાન ક્રેડિટ કાર્ડ યોજના

- ભારત સરકાર દ્વારા ડેરી ખેડૂતોને મદદ કરવા માટે કિસાન ક્રેડિટ કાર્ડ અભિયાન લોન્ચ કર્યુ છે.
- આ યોજના અંતર્ગત લગભગ 1.5 કરોડ ડેરી ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવશે.
- આ યોજના અંતર્ગત ભારત સરકાર એવા ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપશે જેઓ દૂધ ઉત્પાદક કંપનીઓ સાથે જોડાયેલ છે.
- ભારતમાં દૂધ સંઘથી જોડાયેલ લગભગ 1.7 કરોડ ખેડૂતો છે. જેઓ ડેરી સહકારી આંદોલન અંતર્ગત નોંધાયેલ છે.

### કિસાન ક્રેડિટ કાર્ડ અભિયાન વિશે

- આ અભિયાનના પ્રથમ ચરણમાં, એ ખેડૂતો જે ડેરી સહકારી સમિતિના સદસ્ય છે અને દૂધ સંઘોથી જોડાયેલા છે તેમનો સમાવેશ કરવામાં આવશે.
- જે ખેડૂતો પાસે જમીન માલિકીના આધાર પહેલેથી જ કિસાન ક્રેડિટ કાર્ડ છે તેમની ઋણ માટેની સીમા વધારી દેવામાં આવશે.
- આ અભિયાન એ આત્મનિર્ભર ભારત અભિયાનનો ભાગ છે. આ યોજના એ ખેડૂતો માટે પણ રૂ. 5 લાખ કરોડની વધારાની રોકડ તરલતા આપશે જેઓ COVID-19ના આર્થિક સંકટથી પસાર થઈ રહયા છે.

## વન નેશન, વન રાશન કાર્ડ યોજના

- તાજેતરમાં વન નેશન, વન રાશન કાર્ડ યોજના અંતર્ગત ઓડિશા, સિક્કિમ તથા મિઝોરમ એમ ત્રણ રાજ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- નવા ત્રણ રાજ્યો જોડાવાથી આ યોજના હવે કુલ 20 રાજ્યો/કેન્દ્ર–શાસિત પ્રદેશો અંતર્ગત લાગુ કરવામાં આવેલી છે.

### Back to basics : વન નેશન, વન રાશન કાર્ડ યોજના વિશે

- આ યોજના અંતર્ગત રાશન કાર્ડને આધાર કાર્ડથી જોડી પોઈન્ટ ઓફ સેલ સાથે જોડવામાં આવશે.
- જે રાજ્યો/કેન્દ્ર–શાસિત પ્રદેશો યોજનામાં જોડાયા છે તેમના લાભાર્થીઓ જાહેર વિતરણ (Public Distribution)ની કોઈપણ દુકાનેથી અનાજ પ્રાપ્ત કરી શકશે.
- યોજના દ્વારા "રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ-2013'ના લાભાર્થીઓને અન્ય રાજ્યોમાંથી અનાજ મેળવવામાં કોઈ તકલીફ નહીં થાય.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

- આ યોજનાનું મુખ્ય કારણ એ છે કે ગરીબ અને મજદૂર લોકો પોતાની આજીવિકા અને રોજગાર માટે અન્ય રાજ્યોમાં સ્થળાંતર કરતા હોય છે. આથી તેમને અનાજ વિતરણની બાબતને આ યોજનાથી સુનિશ્ચિત કરવામાં આવશે.
- આ યોજનાથી દુકાનદારો/માલિકો પર લાભાર્થીઓની નિર્ભરતા ઓછી થશે અને ભ્રષ્ટાચાર પર અંકુશ લાગશે.

### વન નેશન, વન રાશન કાર્ડ યોજનાના માપદંડો માટે માળખું

- વિભિન્ન રાજ્યો દ્વારા ઉપયોગ કરવામાં આવતા માળખાને ધ્યાનમાં રાખી એક માપદંડોનું માળખું તૈયાર કરવામાં આવેલું છે. જેમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.

a) નેશનલ પોર્ટેબિલિટી હેતુ, રાજ્ય સરકારોને દ્વિ–ભાષી માળખામાં રાશન કાર્ડ જાહેર કરવા માટે કહેવામાં આવેલ છે. જેમાં સ્થાનીય ભાષા સાથે અન્ય ભાષા હિન્દી અથવા અંગ્રેજી હોય શકે છે.

b) રાજ્યોને 10 આંકડાનો રાશન કાર્ડ નંબર જાહેર કરવામાં કહેવામાં આવ્યું છે, જેમાં પ્રથમ બે આંકડાઓ રાજ્યનો કોડ હશે અને આગળના 2 આંકડાઓ રાશન કાર્ડ નંબર હશે.

c) રાશન કાર્ડમાં પરિવારના પ્રત્યેક સદસ્ય માટે યુનિક સદસ્ય ઓળખ પત્ર બનાવવા રાશન કાર્ડ નંબર સાથે એક અને બે આંકડાઓના સેટને જોડવામાં આવશે.

## રાજ્ય ખાદ્ય સુરક્ષા સૂચકાંક 2019-20

- ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) દ્વારા તાજેતરમાં વર્ષ 2019-20 માટે ખાદ્ય સુરક્ષા સૂચકાંક લોન્ચ કરવામાં આવ્યો છે.

### રાજ્ય ખાદ્ય સુરક્ષા સૂચકાંક 2019-20ની મુખ્ય બાબતો

- મોટા રાજ્યોમાં વર્ષ 2019-20ના ખાદ્ય સુરક્ષા સૂચકાંકમાં ગુજરાત ટોચના સ્થાને રહયું હતુ. તેના પછી તમિલનાડુ અને મહારાષ્ટ્ર બીજા અને ત્રીજા સ્થાને રહયા હતા.
- નાના રાજ્યોમાં વર્ષ 2019-20ના ખાદ્ય સુરક્ષા સૂચકાંકમાં ગોવા પ્રથમ સ્થાન પર જ્યારે મણિપુર અને મેઘાલય બીજા અને ત્રીજા સ્થાન પર રહયા હતા.
- કેન્દ્ર–શાસિત પ્રદેશોની યાદીમાં ચંદીગઢને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયુ હતુ જ્યારે દિલ્હી અને અંડમાન દ્વીપ સમૂહ બીજા અને ત્રીજા સ્થાન પર રહયા હતા.
- આ સૂચકાંકને 7 જૂન, 2020ના રોજ "વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ"ના અવસર પર એક વેબિનારના માધ્યમથી જાહેર કરવામાં આવ્યો હતો. આ આયોજનનો વિષય એ "Food Safety is Everyone's Business" રાખવામાં આવ્યો હતો.
- FSSAI દ્વારા આ સૂચકાંક બીજી વખત જાહેર કરવામાં આવ્યો હતો. સૌ પ્રથમ વખત તે 2019માં જાહેર કરવામાં આવ્યો હતો.
- FSSAI દ્વારા "COVID-19 દરમિયાન ઈટ રાઈટ" પર એક ઈ–બુક પણ જાહેર કરવામાં આવી હતી. આ ઈ–બુકમાં સુરક્ષિત ખાદ્ય પ્રથાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. જેનું પાલન કરવું જરૂરી છે.

### રાજ્ય ખાદ્ય સુરક્ષા સૂચકાંકના માપદંડો

- આ સૂચકાંક એ ખાદ્ય સુરક્ષાના 5 માપદંડોના આધાર પર રાજ્યોના પ્રદર્શનનું મૂલ્યાંકન કરે છે.

| રાજ્ય ખાદ્ય સુરક્ષા સૂચકાંકના માપદંડો | |
|---|---|
| 1) | ખાદ્ય પરીક્ષણ સુવિધાઓ |
| 2) | માનવ સંસાધન અને સંસ્થાગત ડેટા |
| 3) | પાલન |
| 4) | તાલીમ |
| 5) | સુરક્ષા માટે ક્ષમતા નિર્માણ ઉપભોક્તા |

### Back to basics : ફૂટ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) વિશે

- FSSAIની સ્થાપના એ ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ, 2006 અંતર્ગત વર્ષ 2008માં કરવામાં આવી હતી. તેની સ્થાપના એ કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગત કરવામાં આવી છે.
- FSSAI એ પૌષ્ટિક ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને આયાતના સંદર્ભમાં આવશ્યક દિશા–નિર્દેશો જાહેર કરવાનું કાર્ય કરે છે.
- FSSAI એ ખાદ્ય સુરક્ષાના સંદર્ભે જાગૃકતા ફેલાવવાનું પણ કાર્ય કરે છે.

## મર્સર 2020 કોસ્ટ ઓફ લિવિંગ સર્વે

- મર્સરના "2020 કોસ્ટ ઓફ લિવિંગ સર્વે" અનુસાર પ્રવાસીઓ માટે મુંબઈ ભારતનું સૌથી મોંઘુ શહેર છે. વૈશ્વિક

સ્તરે આ સર્વેમાં મુંબઈનું સ્થાન 60માં ક્રમ પર છે. એશિયાના સ્તર પર મુંબઈનું સ્થાન 19માં સ્થાન પર છે.

- ભારતના અન્ય શહેરોમાં વૈશ્વિક સ્તરે દિલ્હીનો ક્રમ 101મો અને ચેન્નઈનો ક્રમ 143મો છે.
- વૈશ્વિક યાદીમાં હોંગકોંગ ટોચના ક્રમ સાથે સૌથી મોંઘુ શહેર છે. ત્યારબાદ બીજા સ્થાને અશ્ગાબાતનો સમાવેશ થાય છે. જ્યારે ટોકયો અને ઝ્યૂરિક ક્રમશ : ત્રીજા અને ચોથા સ્થાન પર છે.
- આ સર્વેમાં 209 શહેરોને રેન્કિંગ આપવામાં આવ્યા હતા.
- શહેરોને આવાસ, ભોજન, પરિવહન, કપડા, મનોરંજન અને ઘરેલુ સામાનના આધાર પર રેન્કિંગ આપવામાં આવ્યો હતો.
- આ સર્વે અનુસાર ભારતીય શહેરોના રેન્કિંગમાં સમગ્ર ઉછાળો જોવા મળ્યો છે. નવી દિલ્હીના ક્રમમાં 17 સ્થાનોનો ઉછાળો જોવા મળ્યો છે.

**સર્વે અંતર્ગત વૈશ્વિક સ્તરે દેશોનો ક્રમાંક**

| ક્રમ | શહેર |
|---|---|
| 1 | હોંગકોંગ |
| 2 | અશ્ગાબાત |
| 3 | ટોકયો |
| 4 | ઝ્યુરિક |
| 5 | સિંગાપોર |

**સર્વે અંતર્ગત ભારતના શહેરોનો વૈશ્વિક સ્તરે ક્રમ**

| ક્રમ | શહેર |
|---|---|
| 60 | મુંબઈ |
| 101 | ન્યુદિલ્હી |
| 143 | ચેન્નઈ |
| 171 | બેંગ્લોર |
| 185 | કલકત્તા |

## સહકાર મિત્ર યોજના

- કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા "રાષ્ટ્રીય હસકારી વિકાસ નિગમ"ની પહેલ "સહકાર મિત્ર : ઈન્ટર્નશીપ કાર્યક્રમ પર યોજના"ની શરૂઆત કરવામાં આવી હતી.

### સહકાર મિત્ર યોજનાની મુખ્ય બાબતો

- દેશને આત્મનિર્ભર બનાવવા સ્વદેશી ઉત્પાદનોના પ્રચાર સંબંધી મુદ્દાઓને ધ્યાનમાં રાખતા 'સહકાર મિત્ર : ઈન્ટર્નશીપ કાર્યક્રમ પર યોજના"ની શરૂઆત કરવામાં આવી છે.
- તેનો ઉદ્દેશ્ય કૃષિ ઉત્પાદન, ખાદ્ય પદાર્થો, ઔદ્યોગિક વસ્તુઓ, પશુધન અને સહકારી સિદ્ધાંતો પર ઉત્પાદિત અન્ય નક્કી કરવામાં આવેલી વસ્તુઓ અને સેવાનું ઉત્પાદન, પ્રોસેસિંગ માર્કેટિંગ, સંગ્રહ, નિકાસ અને આયાત વગેરેની યોજનાઓ બનાવવી તથા તેને પ્રોત્સાહન આપવાનો છે.
- આ યોજના અંતર્ગત "રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમે" ક્ષમતા વિકાસ, યુવાઓને વેતન સાથે ઈન્ટર્નશીપ અને સ્ટાર્ટ–અપ મોડમાં યુવા સહકારી કાર્યકર્તાઓને ઉદાર શર્તો પર સુનિશ્ચિત યોજના ઋણના માધ્યમથી સહકારી ક્ષેત્ર સંબંધી ઉદ્યમિતા વિકાસ માટે અનેક પહેલ કરવામાં આવી છે.
- આ યોજના શૈક્ષણિક સંસ્થાના વ્યાવસાયિકોને "કિસાન ઉત્પાદક સંગઠનો"ના રૂપમાં સહકારી સમિતિના માધ્યમથી નેતૃત્ત્વ અને ઉદ્યમશીલતાની ભૂમિકા વિકસિત કરવામાં મદદ કરશે.
- આ યોજના વ્યાવસાયિકોની નવીન વિચારો સુધી સહકારી સંસ્થાઓની પહોંચ બનાવવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે.
- રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ આ યોજનાના ઈન્ટર્નશીપ કાર્યક્રમ માટે રકમની ફાળવણી કરી છે. તેના અંતર્ગત પ્રત્યકે ઈન્ટર્નને 4 માસની ઈન્ટર્નશીપ દરમિયાન નાણાકીય સહાયતા આપવામાં આવશે.
- કૃષિ અને સંબંધિત ક્ષેત્રો અને ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજી જેવા વિષયોના સ્નાતક "ઈન્ટર્નશીપ" માટે લાયક હશે.
- આ ઉપરાંત કૃષિ વ્યવસાય, સહયોગ, નાણા, આંતરરાષ્ટ્રીય વ્યાપાર, વન, ગ્રામીણ વિકાસ, યોજના વ્યવસ્થાપન વગેરેમાં MBAની ડિગ્રી માટે અભ્યાસ કરતા કે પૂરો કરેલા યુવાઓ પણ યોજના માટે લાયક હશે.

### રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ વિશે

- રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમની સ્થાપના વર્ષ 1963માં સંસદના એક અધિનિયમ દ્વારા કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય અંતર્ગત કરવામાં આવી હતી.
- તેનો ઉદ્દેશ્ય કૃષિ ઉત્પાદન, ખાદ્ય પદાર્થો, ઔદ્યોગિક વસ્તુઓ, પશુધન અને સહકારી સિદ્ધાંતો પર ઉત્પાદિત અન્ય નક્કી કરવામાં આવેલી વસ્તુઓ અને સેવાનું ઉત્પાદન, પ્રોસેસિંગ, માર્કેટિંગ, સંગ્રહ, નિકાસ અને આયાત વગેરેની યોજનાઓ બનાવવી તથા તેને પ્રોત્સાહન આપવાનો છે.

## આપાતકાલીન ક્રેડિટ લાઈન ગેરેંટી યોજના

- નાણા મંત્રાલયે ઘોષણા કરી છે કે જાહેર ક્ષેત્રની બેંકોને હજી સુધી MSME માટે "આપાતકાલીન ક્રેડિટ લાઈન ગેરેંટી યોજના" અંતર્ગત રૂ. 14,690 કરોડનું વિતરણ કરવામાં આવ્યું છે.
- આ યોજના નાણા મંત્રી દ્વારા જાહેર કરેલ આત્મનિર્ભર ભારત અભિયાનનું સૌથી મોટું ઘટક છે.
- નાણા મંત્રીએ ઘોષણા કરી હતી કે MSME માટે રૂ. 29,490 કરોડનું ઋણ સ્વીકૃત કરવામાં આવ્યું છે.

### આપાતકાલીન ક્રેડિટ લાઈન ગેરેંટી યોજનાના લાભ

- મે, 2020માં મંત્રીમંડળ દ્વારા MSME ક્ષેત્ર માટે 9.25%ના વ્યાજદર પર આ યોજનાના માધ્યમથી રૂ. 3 લાખ કરોડની વધુ નાણાકીય સહાયતાને મંજૂરી આપી હતી.
- યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ઋણ સંસ્થાઓને પ્રોત્સાહન આપવાનો, ધનની ઉપલબ્ધતાને સક્ષમ બનાવવી અને MSME સુધી નાણાકીય સહાયતાની પહોંચને વધારવાનો છે.

### યોજનાની અસરો

- આ યોજનાથી COVID-19ને કારણે થતા તણાવને ઓછો કરવાની આશા છે જેણે ઉત્પાદન ક્ષેત્ર અને MSMEની અન્ય પ્રવૃત્તિ પર પ્રતિકૂળ અસર કરેલ છે.
- યોજના દ્વારા ઓછા ખર્ચ પર ઋણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની આશા છે અને MSMEને ફરીથી પોતાનો વ્યવસાય શરૂ કરવામાં મદદ થશે.

### Back to basics : ભારતમાં MSMEનું મૂલ્યાંકન

- સુક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (Micro, Small and Medium Enterprises-MSME) એ અર્થતંત્રમાં ઉત્પાદન તેમજ રોજગારીના સંદર્ભે વિશેષ ભાગ ભજવે છે.
- તાજેતરમાં સરકાર દ્વારા MSME ઉદ્યોગોને નિર્ધારિત કરતી તેની પરિભાષા/વ્યાખ્યામાં ફેરફારો કર્યા હતા. આ મુજબ નીચેના ઉદ્યોગો/સેવાઓને MSME તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

**MSMEનું વર્ગીકરણ**

| વર્ગીકરણ | મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ ક્ષેત્રમાં રોકાણ અને ટર્નઓવર |
|---|---|
| સુક્ષ્મ (Micro) | રોકાણ રૂ. 1 કરોડથી ઓછું અને ટર્નઓવર રૂ. 5 કરોડથી ઓછું |
| લઘુ (Small) | રોકાણ રૂ. 10 કરોડથી ઓછું અને ટર્નઓવર રૂ. 50 કરોડથી ઓછું |
| મધ્યમ (Medium) | રોકાણ રૂ. 50 કરોડથી ઓછું અને ટર્નઓવર રૂ. 200 કરોડથી ઓછું |

### ભારતમાં MSMEની સ્થિતિ

- નાણાકીય વર્ષ 2018-19ના આંકડાઓ અનુસાર, MSME અંતર્ગત ભારતમાં લગભગ 6.33 કરોડ ઉદ્યોગો સક્રિય છે. તેમાંથી મોટાભાગના ઉદ્યોગો એ ગ્રામીણ ક્ષેત્રોમાં સ્થિત છે.
- MSME ક્ષેત્રના મોટા ભાગના ઉદ્યોગો એ "સુક્ષ્મ" શ્રેણીમાં આવે છે.
- ભારતમાં વિભિન્ન વર્ગોમાં સ્થિત અનેક MSMEના લગભગ 11 કરોડ લોકો રોજગાર પ્રાપ્ત કરતા હોય છે.
- દેશના શહેરી અને ગ્રામીણ ક્ષેત્રોમાં "સુક્ષ્મ ઉદ્યોગોની સંખ્યા સમાન છે પરંતુ "લઘુ અને મધ્યમ" શ્રેણીના મોટાભાગના ઉદ્યોગો શહેરી ક્ષેત્રોમાં સ્થિત છે, જે લગભગ 5 કરોડ કામદારો માટે રોજગાર ઉપલબ્ધ કરાવે છે.

### MSMEનું મહત્ત્વ

- MSME એ ઉત્પાદન GDPમાં આશરે 6.11% હિસ્સો ધરાવે છે. અને સેવા ક્ષેત્રના GDPમાં 24.63% હિસ્સો ધરાવે છે. આ ઉપરાંત ભારતની નિકાસમાં MSMEનો ફાળો આશરે 50% જેટલો છે.

નેશનલ સેમ્પલ સર્વેના 73માં રાઉન્ડ અંતર્ગત MSMEની નીચે મુજબની બાબતોનું અવલોકન કરવામાં આવ્યું હતું :

1) 31% MSME એ ઉત્પાદન પ્રવૃત્તિ સાથે, 36% વ્યાપાર સાથે અને 33% અન્ય સેવાઓ સાથે જોડાયેલ છે.
2) પુરુષો 79.33% અને મહિલાઓ 20.37% MSMEની માલિકી ધરાવે છે.

3) સમાજના પછાત વર્ગો એ MSMEમાં 66.27% હિસ્સો ધરાવે છે તેમાં અન્ય પછાત વર્ગો (OBC) 49.72%, અનુસૂચિત જાતિ (SC)એ 12.45% અને ST એ 4.10% હિસ્સો ધરાવે છે.
4) MSME 11.10 કરોડ રોજગારીનું નિર્માણ કરે છે જેમાં થી 76% રોજગારી પુરુષોને અને 24% રોજગારી મહિલાઓને પ્રાપ્ત થાય છે.

### ભારતમાં MSME સંબંધિત મુખ્ય પડકારો

- આર્થિક સર્વે 2017-18 અનુસાર પર્યાપ્ત અને સમય પર બેંકિંગ નાણાકીય સહાયતા MSMEને પ્રાપ્ત થતી નથી આથી નાણાકીય મર્યાદા મુખ્ય પડકાર છે.
- વિભિન્ન કારણોને લીધે MSMEને કરવામાં આવતી ચૂકવણીમાં વિલંબ થાય છે. આથી તેના વ્યવસાય સંચાલન સમક્ષ નાણાકીય સંકટ ઉત્પન્ન થાય છે.
- ઉત્પાદન ક્ષમતા ઓછી હોવી તથા આંતરિક ક્ષમતાઓના અભાવને લીધે MSMEને પોતાના ઉત્પાદનોના વેચાણ માટે યોગ્ય બજાર પ્રાપ્ત થતું નથી.
- મોટા ભાગના MSME એ અસંગઠિત ક્ષેત્રો સાથે જોડાયેલા છે આથી તેમના માટેની યોજનાઓનો લાભ તેમને પ્રાપ્ત થતો નથી.
- ટેક્નોલોજીનો ઓછો ઉપયોગ તથા અભાવને કારણે ઉત્પાદકતા ઓછી અને ખર્ચ વધુ આવે છે.
- જળ, વીજળી પુરવઠો, રસ્તાઓ તથા રેલવે કનેક્ટિવિટી જેવી માળખાકીય સુવિધાઓનો અભાવ.
- સંશોધન સંસ્થાઓ તથા MSMEની વ્યવસાયની આવશ્યકતા વચ્ચે વિશાળ અંતર જોવા મળે છે.

### MSME માટે આગળનો માર્ગ

- MSME માટે નાણાકીય સમસ્યા દૂર કરવા પગલાઓ લેવામાં આવ્યા છે પરંતુ અન્ય માળખાકીય સુવિધાઓનો વિકાસ કર્યા પછી જ તેમની ક્ષમતાઓ પ્રાપ્ત કરી શકાશે.
- સરકાર એ કરમાં ઘટાડો, રિફંડ પ્રક્રિયામાં ઝડપ વગેરે જેવી યોજનાઓના માધ્યમથી MSMEને સેવાઓ પહોંચાડી શકે છે.

## COVID-19 અને બાળ મજૂરી

- આંતરરાષ્ટ્રીય બાળ મજૂરી વિરુદ્ધ દિવસના અવસર પર આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (International Labour Organization-ilo) અને યૂનિસેફ (UNICEF) દ્વારા, "COVID-19 and Child Labour : A time of Crisis, a time to act" નામનો રિપોર્ટ જાહેર કર્યો હતો.

### રિપોર્ટની મુખ્ય બાબતો

- ભારત, બ્રાઝિલ અને મેકિસકો જેવા દેશોમાં COVID-19 મહામારીને કારણે લાખો બાળકો મજૂરી તરફ ધકેલાઈ રહયા છે.
- રિપોર્ટ અનુસાર વર્ષ 2000થી બાળ શ્રમિકોની સંખ્યા 9.4 કરોડ સુધી ઓછી થઈ છે પરંતુ હવે આ સફળતા એ જોખમમાં છે.
- જો COVID-19ને લીધે બાળકો મજૂરીમાં ધકેલાશે તો 20 વર્ષમાં પ્રથમ વખત આવું થશે જ્યારે બાળ મજૂરોની સંખ્યામાં વધારો થશે.
- જે બાળકો પહેલેથી શ્રમિક છે તેમણે લાંબા સમય સુધી કે પછી હાલમાં હોય તેનાથી વધારે ખરાબ પરિસ્થિતિમાં કામ કરવું પડી શકે છે. તેમાંથી અમુક તો એવી પરિસ્થિતિથી પસાર થઈ શકે છે જે તેમના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે જોખમ હશે.
- રિપોર્ટ અનુસાર જે પરિવારોને વધુ નાણાકીય સહાયતાની જરૂર હોય છે તેઓ બાળકોની મદદ લે છે.
- બ્રાઝિલમાં માતા–પિતાએ રોજગારી ગુમાવ્યા હોવાને લીધે બાળકોની અસ્થાયી ધોરણે મદદ લેવી પડી. ગ્વાટેમાલા, ભારત, મેકિસકો તથા તાન્ઝાનિયામાં પણ આવું જોવા મળ્યું હતું.
- વૈશ્વિક મહામારીને કારણે શાળાઓ બંધ થવાથી બાળ મજૂરીમાં વધારો થયો છે. શાળા અસ્થાયી રૂપથી બંધ થવા પર 130થી વધુ દેશોમાં 1 અબજથી વધુ બાળકો પ્રભાવિત થયા છે.
- જ્યારે શાળાઓ શરૂ થશે ત્યારે પણ કેટલાક માતા–પિતા ખર્ચ પૂરો ન કરી શકવાને કારણે બાળકોને શાળામાં મોકલી નહીં શકે. રિપોર્ટ અનુસાર તેના પરિણામે બાળકો વધુ મહેનતવાળું અને શોષણ થતું હોય તેવું કામ કરવા પર મજબૂર બનશે.
- આ પરિસ્થિતિને કારણે જાતીય અસમાનતા વધુ થશે અને કૃષિમાં મહિલાઓનું શોષણ વધશે.

## NIRF રેન્કિંગ, 2020

- તાજેતરમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF) 2020ના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા.
- તેનો ઉપયોગ વિભિન્ન શ્રેણીઓ તથા જ્ઞાન ક્ષેત્રોમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને રેન્કિંગ આપવા માટે કરવામાં આવે છે.

### કયા માપદંડોના આધારે રેનિકંગ આપવામાં આવે છે ?

- NIRF રેન્કિંગ એ નીચેના માપદંડોના આધારે આપવામાં આવે છે :

| NIRF રેન્કિંગના માપદંડો |
|---|
| ➤ શિક્ષણ, અભ્યાસ અને સંસાધન |
| ➤ સંશોધન અને વ્યાવસાયિક ક્રિયાઓ |
| ➤ સ્નાતક પરિણામ |
| ➤ પહોંચ અને સમાવેશિતા |
| ➤ ધારણા |

## NIRF રેન્કિંગ, 2020ના પરિણામો

➤ વિભિન્ન શ્રેણીઓ અંતર્ગત NIRFના પરિણામો નીચે મુજબના છે.

| સમગ્ર શ્રેણીમાં રેન્કિંગ | |
|---|---|
| ક્રમ | શૈક્ષણિક સંસ્થા |
| 1 | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી–મદ્રાસ |
| 2 | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ |
| 3 | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી–દિલ્હી |
| 4 | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી–બોમ્બે |
| 5 | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી–ખડગપુર |

➤ વર્ષ 2020ના NIRF રેન્કિંગમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગરનો ક્રમ 35મો રહયો છે જ્યારે ગુજરાત યુનિવર્સિટીનો ક્રમ 60મો રહયો છે.

## NIRF રેન્કિંગ, 2020ની આવૃત્તિમાં કરવામાં આવેલા ફેરફારો

➤ વર્ષ 2020માં "ડેન્ટલ" શ્રેણીનો પ્રથમ વખત સમાવેશ કરવામાં આવ્યો છે. આથી, આ વર્ષથી કુલ શ્રેણીઓની સંખ્યા 10 થઈ છે.

## Back to basics : NIRF રેન્કિંગ વિશે

➤ NIRFની શરૂઆત એ વર્ષ 2015માં કરવામાં આવી હતી.

➤ NIRF રેન્કિંગ એ માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

➤ આ રેન્કિંગ એ શૈક્ષણિક સંસ્થાઓને પરસ્પર સ્પર્ધા કરવા તથા એકસાથે વિકાસ કરવાની દિશામાં કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

➤ NIRF અંતર્ગત રેન્કિંગ, ઈન્સ્ટિટ્યૂશન ઓફ એમિનન્સ યોજના અતંર્ગત ખાનગી સંસ્થાઓની આકરણી માટે પણ માપદંડ હોય છે.

➤ આ રેન્કિંગ એ ભારતમાં ઉચ્ચ શિક્ષાના વિકાસ માટે "સ્ટડી ઈન ઈન્ડિયા" કાર્યક્રમ માટે મજબૂત આધાર પૂરો પાડે છે, તથા વિદેશી છાત્રોને ભારતમાં અભ્યાસ કરવા આકર્ષિત કરે છે.

# પ્રાકૃતિ સૂચકાંક, 2020

➤ પ્રકૃતિ સૂચકાંક એ સ્વતંત્ર રૂપથી પસંદ કરેલ 82 ઉચ્ચ ગુણવત્તા ધરાવતી વિજ્ઞાન જર્નલમાં પ્રકાશિત શોધ લેખોની જાણકારી સંબંધિત એક ડેટાબેઝ છે.

➤ આ ડેટાબેઝનું સંકલન એ "નેચર રિસર્ચ" દ્વારા કરવામાં આવે છે.

➤ સૂચકાંક અંતર્ગત રેન્કિંગ એ કુલ સંશોધન આઉટપુટ પર આધારિત હોય છે જેમાં સંસ્થાનોને 1 એપ્રિલ, 2019થી 31 માર્ચ, 2020 સુધી પ્રકાશિત કરવામાં આવ્યા હોય.

➤ આ સૂચકાંક એ પ્રાકૃતિક અને ભૌતિક વિજ્ઞાનમાં ઉચ્ચ ગુણવત્તાવાળા સંશોધનના સંકેતના રૂપમાં કાર્ય કરે છે.

➤ સૂચકાંક એ સંશોધન પરિણામો અને સુમેળ વિશે અનેક મેટ્રિક્સ પ્રદાન કરે છે.

## પ્રકૃતિ સૂચકાંક, 2020 અંતર્ગત, દેશોનું પ્રદર્શન

➤ પ્રકૃતિ સૂચકાંક, 2020 અંતર્ગત ટોચની 5 સંસ્થાઓ સંયુકત રાજ્ય અમેરિકા (USA), ચીન, જર્મન, યુનાઈટેડ કિંગ્ડમ અને જાપાનની છે.

➤ ભારતીય સંસ્થાઓ અંતર્ગત વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગની 3 સ્વાયત્ત સંસ્થાઓએ ટોચના 30 સ્થાનમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેના ક્રમ નીચે મુજબ છે :

**પ્રકૃતિ સૂચકાંક, 2020માં ટોચની 30 સંસ્થાઓમાં ભારતનું પ્રદર્શન**

| સંસ્થા | ક્રમ |
|---|---|
| ઈન્ડિયન એસોસિએશન ફોર ધ કલ્ટીવેશન ઓફ સાયન્સ | 7 |
| જવાહરલાલ નહેરૂ સેન્ટર ફોર એડવાન્સ સાયન્ટિફિક રિચર્સ | 14 |
| એવ એસ એન બોસ નેશનલ સેન્ટર ફોર બેઝિક સાયન્સ, કલકત્તા | 30 |

➤ ઉપરોકત સંસ્થાઓ ઉપરાંત ભારતીય સંસ્થાઓમાં "વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ" (CSIR) એ 160માં સ્થાન પર અને ભારતીય વિજ્ઞાન સંસ્થા (IISc) બેંગલોર એ 184માં સ્થાન પર રહી છે.

# આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા રિપોર્ટ

➤ તાજેતરમાં અમેરિકી વિદેશ વિભાગે પોતાનો વાર્ષિક આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા રિપોર્ટ જાહેર કર્યો હતો.

➢ અમેરિકી આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા આયોગ દ્વારા અમેરિકી કોંગ્રેસમાં રજૂ કરવામાં આવતા વાર્ષિક રિપોર્ટને આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા રિપોર્ટના રૂપમાં ઓળખવામાં આવે છે.

➢ આ રિપોર્ટ અંતર્ગત ધાર્મિક સ્વતંત્રતાની સ્થિતિ, ધાર્મિક વિશ્વાસ તથા સમુદાયોની પ્રથાઓનું ઉલ્લંઘન કરનારી સરકારી નીતિઓ, ધાર્મિક સંપ્રદાયો તથા ધાર્મિક સ્વતંત્રતાને પ્રોત્સાહન આપતી નીતિઓનું વિવરણ આપવામાં આવે છે.

➢ આ રિપોર્ટમાં વિશ્વમાં ધાર્મિક સ્વતંત્રતાની સ્થિતિના સર્વેક્ષણનો પણ સમાવેશ કરવામાં આવે છે.

### રિપોર્ટ અંતર્ગત ભારતની સ્થિતિ વિશે માહિતી

➢ રિપોર્ટ અંતર્ગત નાગરિકતા સુધારણા અધિનિયમ, રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર તથા જમ્મુ–કશ્મીર સંબંધિત મુદ્દાઓને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે.

➢ રિપોર્ટ મુજબ ધાર્મિક લઘુમતી વિરુદ્ધ ઉત્પીડન, મોબલિન્ચિંગ તથા સાંપ્રદાયિક હિંસા સંબંધિત બાબતોને કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા નકારવામાં આવી છે.

➢ આ રિપોર્ટ અંતર્ગત ગાય સતર્કતા (Cow Vigilance) તથા અન્ય પ્રકારની સામૂહિક હિંસાની ઘટનાઓનું વિવરણ આપવામાં આવ્યું હતું.

➢ સુપ્રીમ કોર્ટ દ્વારા બાબરી મસ્જિદ સંદર્ભે આપવામાં આવેલો નિર્ણય. સબરીમાલામાં મહિલાઓના પ્રવેશનો નિર્ણય વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવી હતી.

### રિપોર્ટ પર ભારતનો પ્રતિસાદ

➢ ભારત દ્વારા આ રિપોર્ટને પક્ષતાપૂર્ણ માનવામાં આવેલ છે.

➢ રિપોર્ટ અંતર્ગત કહેવામાં આવેલી બાબતોને ભારત દ્વારા નકારવામાં આવી છે. અને ભારતની આંતરિક બાબતો પર દખલગીરી કરવા પર સવાલ ઉઠાવવામાં આવ્યો છે.

## QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2021

➢ તાજેતરમાં QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગની 17મી આવૃત્તિ જાહેર કરવામાં આવી હતી.

➢ QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ એ બ્રિટિશ સંસ્થા “ક્વૈકેરેલી સાયમંડસ” (QS) દ્વારા જાહેર કરવામાં આવે છે.

➢ QS રેન્કિંગ અંતર્ગત વૈશ્વિક સ્તર પર ટોચની 100 યુનિવર્સિટીઓને રેન્કિંગ આપવામાં આવે છે.

### QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ અંતર્ગત ધ્યાનમાં લેવામાં આવતા માપદંડો

➢ નીચે મુજબના 6 સંકેતકોના આધાર પર યુનિવર્સિટીના રેન્ક નિર્ધારિત કરવામાં આવે છે.

**QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગના માપદંડો**

1) શૈક્ષણિક પ્રતિષ્ઠા
2) એમ્પ્લોયરની પ્રતિષ્ઠા
3) આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનું પ્રમાણ
4) આંતરરાષ્ટ્રીય ફેકલ્ટીનું પ્રમાણ
5) ફેકલ્ટી–છાત્ર ગુણોત્તર
6) પ્રતિ ફેકલ્ટી પ્રકાશિત સંશોધનો

### QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ, 2021 અંતર્ગત પ્રદર્શન

➢ વર્ષ 2020ના રેન્કિંગ અંતર્ગત MIT યુનિવર્સિટી, USA એ ટોચના સ્થાને રહી હતી.

➢ બીજા અને ત્રીજા સ્થાને અનુક્રમે સ્ટેનફોર્ડ યુનિવર્સિટી, USA અને હાવર્ડ યુનિવર્સિટી, USA રહી હતી.

➢ ચોથા ક્રમે કેલિફોર્નિયા ઈન્સ્ટ્યૂટ ઓફ ટેક્નોલોજી, USA અને પાંચમા ક્રમે યુનિવર્સિટી ઓફ ઓકસફોર્ડ, UK રહી હતી.

### QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ, 2021 અંતર્ગત ભારતીય સંસ્થાઓ

➢ QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ, 2021 અંતર્ગત ટોચની 200 યુનિવર્સિટીમાં ભારતની 3 સંસ્થાઓનો સમાવેશ થાય છે.

**QS રેન્કિંગ, 2021 અંતર્ગત ટોચના 200 ક્રમોમાં ભારતીય સંસ્થાઓ**

| સંસ્થા | ક્રમ |
|---|---|
| ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી–બોમ્બે | 172 |
| ભારતીય વિજ્ઞાન સંસ્થા, બેંગલોર | 185 |
| ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી–દિલ્હી | 193 |

➢ કુલ 1000 શૈક્ષણિક સંસ્થાઓમાં ભારતની 21 સંસ્થાઓનો સમાવેશ થયો છે. પાછલા વર્ષે 24 સંસ્થાઓ હતી.

➢ ભારતીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ સંશોધન ગુણવત્તામાં સારૂ પ્રદર્શન કર્યુ છે, તેમ છતાં વૈશ્વિક હરીફોની સરખામણીમાં શૈક્ષણિક ધોરણો, શૈક્ષણિક ક્ષમતા અને આંતરરાષ્ટ્રીયકરણમાં વધારો કરવામાં નિષ્ફળ રહયા છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

## SIPRI ચર બુક

- 15 જૂન, 2020ના રોજ મુખ્ય ડિફેન્સ થિંક–ટેંક ‘‘સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ’’ (SIPRI) દ્વારા ચર બુક, 2020 લોન્ચ કરવામાં આવી હતી.

### SIPRI ચર બુક, 2020ની મુખ્ય બાબતો

- ભારત અને ચીને 2019ની સરખામણીએ પોતાના પરમાણુ શસ્ત્રાગારમાં વૃદ્ધિ કરી છે.
- ચીન પોતાના પરમાણુ શસ્ત્રાગારનું આધુનિકીકરણ કરી રહયું છે.
- ભારતની સરખામણીએ ચીન અને પાકિસ્તાન પાસે વધારે પરમાણુ વોરહેડ છે.
- ભારત પાસે 150 પરમાણુ વોરહેડ છે જ્યારે ચીન પાસે 320 અને પાકિસ્તાન પાસે લગભગ 160 વોરહેડ છે.
- ભારત પોતાના પરમાણુ હથિયાર સ્ટોક અને પરમાણુ મૂળભૂત માળખાનો વિસ્તાર કરી રહયું છે. ભારતે પોતાના વિમાનોને 48 પરમાણુ બોમ્બ સોંપ્યા છે. આ ઉપરાંત ભારત પોતાના પરમાણુ પરીક્ષણના નૌસેના ઘટકનો પણ વિકાસ કરી રહયું છે.
- ચીન પ્રથમ વખત પરમાણુ ત્રિકોણ પરીક્ષણ કરી રહયું છે. તેનાથી નવી સમુદ્ર આધારિત મિસાઈલ અને પરમાણુ સક્ષમ વિમાનો તૈયાર કર્યા છે. ચીને પોતાની જમીન અને સમુદ્ર આધારિત બેલિસ્ટિક મિસાઈલનું સંચાલન કરવા 240થી વધુ વોરહેડ સોંપ્યા છે.
- રશિયા પાસે 6375 પરમાણુ હથિયાર છે અને USA પાસે 5800 પરમાણુ હથિયારો છે. આ બંને દેશોની વૈશ્વિક સ્તરે પરમાણુ હથિયારોમાં 90%થી વધારે ભાગીદારી છે.
- જાન્યુઆરી 2020 સુધી 9 પરમાણુ હથિયાર ધરાવતા દેશો અમેરિકા, રશિયા, યુનાઈટેડ કિંગ્ડમ, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઈઝરાયેલ અને ઉત્તર કોરિયા પાસે એક સાથે કુલ 13400 પરમાણુ હથિયારો છે.


સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન



# 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ

## તીડ નિયંત્રણ

➤ કૃષિ પેદાશો પર તીડ દ્વારા કરવામાં આવતો હુમલો એ ભારત માટે એક નવો પડકાર છે.

➤ તીડ એ પાક અને પાંદડાઓને નષ્ટ કરી દે છે. હાલમાં તીડો દ્વારા કરવામાં આવેલો હુમલો છેલ્લા 26 વર્ષમા સૌથી વધુ ખતરનાક છે.

હુમલો કરનાર તીડની પ્રજાતિ એ રણપ્રદેશના તીડોની છે.

### રણપ્રદેશના તીડ વિશે :

➤ રણપ્રદેશના તીડ (શિસ્ટોસેરેકા ગ્રીજિયા) જે તીડના પરિવારથી સંબંધિત છે. તેઓ સામાન્ય રૂપથી અર્ધ–શુષ્ક કે રણપ્રદેશના ક્ષેત્રોમાં નિવાસ કે પ્રજનન કરે છે.

➤ રણપ્રદેશના તીડોને ઈંડા આપવા માટે ખાલી જમીનની જરૂરિયાત હોય છે. આવી ખાલી જમીન ગીચ વનસ્પતિ ધરાવતા ક્ષેત્રોમાં ઓછી જોવા મળે છે.

### તીડના સમૂહો :

➤ તીડ એકલા હોય કે નાના સમૂહમાં હોય તો એ બાબત જોખમી નથી. પરંતુ જ્યારે તે મોટા સમૂહમાં હોય છે ત્યારે તેમના વ્યવહારમાં પરિવર્તન આવે છે અને તે જોખમી બને છે.

➤ એક મોટા સમૂહ કે ઝૂંડમાં એક ચો.કિમીમાં 40-80 મિલિયન પુખ્ત તીડો હોય શકે છે.

➤ તીડનો આ મોટો સમૂહ એ 150 કિમી સુધીની યાત્રા કરી શકે છે.

➤ તીડમાં મોટા પ્રમાણમાં પ્રજનન ત્યારે જ થઈ શકે જ્યારે સ્થિતિ તેમના પ્રાકૃતિક આવાસ, રણપ્રદેશ અથવા અર્ધ–શૂષ્ક ક્ષેત્રોમાં વધુ અનુકૂળ થઈ જાય છે.

➤ જો કોઈ વખત વરસાદ પડે તો તેના લીધે વનસ્પતિ પણ ઉત્પન્ન થાય છે અને તે તીડને ઈંડા આપવા અનુકૂળ પરિસ્થિતિ બનાવે છે.

➤ તીડને અનિયંત્રિત રીતે છોડી દેવાથી એક સમૂહ પ્રથમ પેઢીમાં મૂળ વસ્તી કરતા 20 ગણી વૃદ્ધિ કરી શકે છે ત્યારબાદ આગળ ની પેઢીમાં ગુણાત્મક વૃદ્ધિ કરે છે.

### વર્ષ 2020માં તીડની વૃદ્ધિનું કારણ :

➤ આ તીડ સામાન્ય રીતે આફ્રિકાના પૂર્વી તટ સાથે ઈથોપિયા, સોમાલિયા, ઈરીટ્રિયાની આસપાસના સૂકા ક્ષેત્રોમાં પ્રજનન કરે છે. તેને હોર્ન ઓફ આફ્રિકાના રૂપમાં ઓળખવામાં આવે છે.

➤ તીડના અન્ય પ્રજનન સ્થળો યમન, ઓમાન, દક્ષિણ ઈરાન અને પાકિસ્તાનના બલૂચિસ્તાન અને ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતોની આસપાસના એશિયાઈ ક્ષેત્રો છે.

➤ ઉપરોક્ત ક્ષેત્રોમાં માર્ચ અને એપ્રિલમાં અસામાન્ય રૂપથી સારો વરસાદ થયો હોય અને તેના લીધે મોટા પ્રમાણમાં તીડનું પ્રજનન અને વિકાસ થયો છે.

➤ આ તીડો એપ્રિલ મહિનાના પ્રથમ પખવાડિયાની આસપાસ રાજસ્થાન પહોંચી ગયા જે સામાન્ય રૂપથી જુલાઈ–ઓક્ટોબરમાં પહોંચે છે.

➤ ચક્રવાતી તોડાન મેકુનુ અને લુબાન આ વર્ષે ઓમાન અને યમન પર હુમલો કર્યો હતો. તેના પરિણામે ભારે વરસાદને લીધે. રણપ્રદેશમાં મોટા તળાવ બન્યા જેમાં તીડનું પ્રજનન થાય છે.

### તીડ દ્વારા થતું નુકસાન :

➤ તીડનું જોખમ એ તેમના પ્રજનનથી શરૂ થાય છે.

➤ 90 દિવસના જીવન ચક્ર દરમિયાન એક યુવા માદા ત્રણ વખત 60-80 ઈંડા આપી શકે છે.

➤ જો એમનો પ્રજનન સમય ખરીફ પાકના સમયે થાય તો ભારત, કેન્યા, ઈથોપિયા, સોમાલ્યિા વગેરે દેશોમાં થયેલા પાકને નુકસાન પહોંચાડે છે.

### તીડના નિયંત્રણ માટેના ઉપાયો :

■ **પ્રચલિત પદ્ધતિઓ અને રાસાયણિક ઉપાયો :**

➤ વર્તમાનમાં સૌથી વધારે ઉપયોગ થતી પદ્ધતિ એ "કીટનાશક" દવાઓનો પ્રયોગ છે. તેને જમીન પર અથવા વાયુયાન દ્વારા છાંટવામાં આવે છે.

➤ પોલીસ દ્વારા સાયરનનો ઉપયોગ કરીને પણ તીડને ભગાડવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

➤ અમુક સ્થળો પર વાંસણોનો અવાજ કરીને તીડને ભગાડવામાં આવે છે.

### બિન-રાસાયણિક ઉપાયો :

➤ તીડ ઉડતા પહેલા પ્રજનનના મેદાનમાં તીડના લાર્વાને નષ્ટ કરી દેવામાં આવે.

➤ તીડને મારવા માટે ઓઈલ ટાર્ડ સ્કીનનો ઉપયોગ કરવામાં આવે.

➤ નેટ સિસ્ટમના માધ્યમથી ખેતરમાં તેને પાથરી દેવામાં આવે જેનાથી તણીડ તેમાં ફંસાય જાય.

➤ પાકૃતિક શિકારીઓ જેમકે ભમરી, પક્ષી અને સરીસૃપ એ તીડના સમૂહને ભગાડવામાં ઉપયોગી બને છે.

➤ સરકારોના સંકલનથી તીડ નિયંત્રણનું કાર્ય શકય બને છે. તેમાં રાજ્ય, કેન્દ્ર તથા આંતરરાષ્ટ્રીય સહકાર જરૂરી છે.

### તીડ ચેતવણી સંગઠન (Locust Warning Organization-LWO)

➤ તીડની જાણકારી મેળવવા અને તેને નિયંત્રણ કરવાની જરૂરિયાત પડી કારણ કે વર્ષ 1927-29 બાદ ભારતના મધ્ય અને પશ્ચિમી વિસ્તારોમાં તીડને લીધે ખૂબ ખુકસાન થયું હતું.

➤ તેના પરિણામે વર્ષ 1929માં તીડ સમિતી અને ક્ષ્ઠઘડમાં કેન્દ્રીય તીડ બ્યૂરોનું ગઠન કરવામાં આવ્યું.

➤ વર્ષ 1939માં તીડ ચેતવણી સંગઠન (LWO)ની સ્થાપના કરવામાં આવી.

➤ LWO એ "કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય" અંતર્ગત કાર્ય કરે છે.

➤ LWO મુખ્ય રીતે રાજસ્થાન અને ગુજરાત જેવા રાજ્યોમાં તીડનું નિયંત્રણ, સર્વેક્ષણ અને નિરીક્ષણ માટે જવાબદાર છે.

## નિસર્ગ ચક્રવાત

➤ મધ્ય–પૂર્વ અરબ સાગર ઉપર બનેલા ચક્રવાતી તૂફાનને "નિસર્ગ" નામ આપવામાં આવેલ છે. આ નામ "બાંગ્લાદેશ" દ્વારા સૂચવવામાં આવ્યું છે.

➤ ભારતના હવામાન વિભાગ અનુસાર અરબ સાગરમાં ભારતના મધ્યમ–પશ્ચિમ તટીય ક્ષેત્રમાં દબાણના ક્ષેત્રનો વિકાસ થવાથી "નિસર્ગ" ચક્રવાતનું નિર્માણ થયું છે.

➤ નિસર્ગ ચક્રવાત મુંબઈ તટની પાસેથી પસાર થતા દેશમાં પ્રવેશ કરશે. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં પૂર્વ ચક્વતીય "રેડ એલર્ટ" જાહેર કરવામાં આવેલ છે. ચક્વાતથી અમુક હિસ્સામાં ભીષણ વર્ષા થવાની સંભાવના છે.

### Back to basics : ચક્રવાત વિશે :

➤ ઉષ્ણકટિબંધીય ચક્રવાત આક્રમક વાવાઝોડા હોય છે જેની ઉત્પતિ ઉષ્ણકટિબંધીય ક્ષેત્રોના મહાસાગરો પર થાય છે અને તટીય ક્ષેત્રો તરફ ગતિમાન થાય છે.

➤ ચક્રવાતના કેન્દ્રમાં હલકુ દબાણ હોય છે અને કેન્દ્રથી દૂર જતાં દબાણ ભારે (વધતું) જાય છે.

➤ પૃથ્વીની ધરીભ્રમણ ગતિને લીધે પવનો મધ્યના હલકા દબાણ તરફ ધસી આવીને ચકરાવો લઈને જમીનસપાટી ઉપરથી ઊંચે ચડે છે.

➤ ચક્રવાતમાં પવનોની ગતિ ઉત્તર–ગોળાર્ધમાં ઘડિયાળના કાંટાના ફરવાની વિરુદ્ધ દિશામાં અને દક્ષિણ ગોળાર્ધમાં ઘડિયાળના કાંટાની ફરવાની દિશામાં હોય છે.

### ઉષ્ણકટિબંધીય ચક્રવાત નિર્માણ માટે અનુકૂળ પરિસ્થિતિ :

➤ ચક્રવાતની ઉત્પત્તિ અને વિકાસ માટે નીચેની પરિસ્થિતિઓ અનુકૂળ રહે છે.

1) સમુદ્રની સપાટીનનું તાપમાન $27^0$ સે.થી વધુ હોવું જોઈએ.

2) કોરિયોલિસ બળ (Coriolis Force)ની હાજરી હોવી.

3) લંબરૂપ પવનનો ગતિ અંતર ઓછું હોવું.

4) નબળા નીચા દબાણવાળા ક્ષેત્ર અથવા નીચલા સ્તરનું ચક્રવાત પરિભ્રમણ

### ભારતમાં ચક્રવાત :

➤ ભારતમાં અરબ સાગર અને બંગાળની ખાડી પરથી વધારે ચક્રવાતોની ઉત્પતિ થતી હોય છે, જેને ઉષ્ણકટિબંધીય ચક્રવાત તરીકે ઓળખવામાં આવે છે.

➤ અરબ સાગર કરતા વધુ ચક્રવાતો એ બંગાળની ખાડીમાં જોવા મળે છે.

### બંગાળની ખાડી ચક્રવાતો માટે શા માટે વધુ અનુકૂળ ?

➤ અરબ સાગરની સરખામણીએ બંગાળની ખાડીમાં તાપમાન વધુ છે જે ચક્રવાત માટે જરૂરી નીચા દબાણને જાળવવા થર્મલ ઊર્જા પ્રદાન કરે છે.

➤ સમુદ્ર સપાટીનું તાપમાન અને ભેજ બંને મળીને ચક્રવાત નિર્માણની સંભાવનાને વધુ બનાવે છે.

- બંગાળની ખાડીમાં સતત થતો વરસાદ અને ગંગા અને બ્રહ્મપુત્રા નદીઓ દ્વારા નિર્માણ થતાં મુખત્રિકોણ પ્રદેશ તેની સપાટી પર ઠંડા પાણીના પ્રવાહને ભળવા દેતા નથી. પરિણામે બંગાળની ખાડીમાં ગરમ રહેતુ પાણી સપાટી પરનું તાપમાન ઊંચું રાખે છે.
- અરબ સાગરમાં તેનાથી વિરુદ્ધ ઝડપથી હવા ચાલે છે અને તાજા પાણીના અભાવમાં ગરમ પાણીની સપાટી અને ઠંડા પાણીની સપાટી ભળી જાય છે જે ચક્રવાતના નિર્માણને અવરોધે છે.
- બંગાળની ખાડી અને પ્રશાંત મહાસાગર વચ્ચે સ્થળના અવરોધોના અભાવથી ચક્રવાતીય પવનો બંગાળની ખાડી સુધી સરળતાથી પહોંચી જાય છે.

**ચક્રવાતો સંદર્ભે હવામાન વિભાગની ચેતવણી :**

| ચક્રવાત ચેતવણી | સંબંધિત માહિતી |
|---|---|
| યેલો વોર્નિંગ | તેને સાયકલોન એલર્ટ પણ કહે છે. |
| | તટીય ક્ષેત્રમાં પ્રતિકૂળ હવામાનની સંભાવનાથી ઓછામાં ઓછા 48 કલાક પહેલા જાહેર કરવામાં આવે છે. |
| ઓરેન્જ અલર્ટ | તેને સાયકલોન વોર્નિંગ પણ કહે છે. |
| | તટીય ક્ષેત્રોમાં પ્રતિકૂળ હવામાનની સંભાવનાથી ઓછામાં ઓછા 24 કલાક પહેલા જાહેર કરવામાં આવે છે. |
| રેડ અલર્ટ | તે ચક્રવાતના લેન્ડફોલ પછી ચક્રવાતની ગતિની સંભવિત દિશા અને ભૌગોલિક ક્ષેત્રમાં પ્રતિકૂળ હવામાનની સંભાવના દર્શાવે છે. |

**ચક્રવાતોનું નામકરણ :**

- હિંદ મહાસાગર ક્ષેત્રના 8 દેશો બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલેન્ડ સાથે મળીને ચક્રવાતોના નામની સૂચિ નક્કી કરે છે.
- નામકરણથી ચક્રવાતને સરળતાથી ઓળખી શકાય છે અને બચાવના અભિયાનોમાં મદદ મળે છે.

## વિશ્વ પર્યાવરણ દિવસ-2020

- પ્રત્યેક વર્ષ 5 જૂનના દિવસને ‘‘વિશ્વ પર્યાવરણ દિવસ’’ના રૂપમાં મનાવવામાં આવે છે.
- આ દિવસનો ઉદ્દેશ્ય એ પર્યાવરણ વિશે જાગૃકતા ફેલાવવાનો છે.
- વર્ષ 2020ના ‘‘વિશ્વ પર્યાવરણ દિવસ’’ની થીમ : જૈવ વિવિધતા (Biodiversity)
- આ દિવસનું આયોજન એ ‘‘સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ’’ (UNEP) દ્વારા કરવામાં આવે છે.
- દર વર્ષે અલગ–અલગ દેશો આ દિવસની યજમાની કરતા હોય છે. વર્ષ 2020માં તેની યજમાની એ કોલંબિયા અને જર્મની સાથે મળીને કરી રહયા છે.
- આ દિવસ મનાવવાની ચર્ચા એ વર્ષ 1972માં માનવ પર્યાવરણ પર આયોજિત સંયુકત રાષ્ટ્રના સંમેલન દરમિયાન કરવામાં આવી હતી. વર્ષ 1974થી પ્રત્યેક વર્ષે આ દિવસનું આયોજન કરવામાં આવે છે.
- વર્ષ 2020ના વિશ્વ પર્યાવરણ દિવસના દિવસે જૈવ વિવિધતાના સંરક્ષણ માટે UNEP અને તેના સહયોગી "UN Decade on Ecosystem Restoration" નામની પહેલની શરૂઆત કરવામાં આવશે.
- ઉપરોકત પહેલ માનવ અને પ્રકૃતિ વચ્ચે સંબંધો પુનઃસ્થાપિત કરવાની પહેલ છે અને તેનો સમયગાળો વર્ષ 2021-2030 સુધીનો રહેશે.

## 163348 (2002 NN4) એસ્ટરોઈડ

- તાજેતરમાં નાસા (NASA) દ્વારા ઘોષણા કરવામાં આવી હતી કે એક વિશાળ એસ્ટરોઈડ પૃથ્વીથી સુરક્ષિત અંતરે પસાર થવાની સંભાવના છે.
- આ એસ્ટરોઈડને 163348 (2002 NN4) નામ આપવામાં આવ્યું છે.
- આ એસ્ટરોઈડ 5.2 કિમી/સેકંડની ગતિથી પૃથ્વીની કક્ષા પાસેથી પસાર થશે. તે પૃથ્વીથી 5.1 મિલિયન કિમી.ના અંતરથી પસાર થવાનો અનુમાન છે.
- આ એસ્ટરોઈડને ‘‘સંભવિત જોખમી એસ્ટરોઈડ’’ અને ‘‘નીયર અર્થ ઓબ્જેકટ’’ના રૂપમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

- આ એસ્ટરોઈડનો વ્યાસ એ 250-570 મીટર વચ્ચે હોય શકે છે.

### Back to basics : એસ્ટરોઈડ વિશે

- એસ્ટરોઈડ એ સૂર્યની આસપાસ ફરતા નાના ખડકાળ પદાર્થો છે.
- અન્ય ગ્રહોની જેમ જ સૂર્યની પરિક્રમા એ એસ્ટરોઈડ દ્વારા કરવામાં આવતી હોય છે. પરંતુ ગ્રહોની સરખામણીએ તેનો આકાર નાનો હોય છે.
- મોટા ભાગના એસ્ટરોઈડ એ મુખ્ય એસ્ટરોઈડ બેલ્ટમાં મળે છે. તે મુખ્ય એસ્ટરોઈડ બેલ્ટ મંગળ અને ગુરુ ગ્રહોની કક્ષાઓ વચ્ચેના ક્ષેત્રમાં સ્થિત છે.

## રશિયાના આર્કટિક ક્ષેત્રમાં તેલનો સ્ત્રાવ

- રશિયાના આર્કટિક ક્ષેત્રમાં એક પાવર પ્લાન્ટથી 20 હજાર ટન ડીઝલના સ્ત્રાવ બાદ સ્થાનીય નદીનો રંગ સફેદથી લાલ થઈ ગયો હતો.
- પાવર પ્લાન્ટથી તેલ વહીને અંબરનાયા નદીમાં ભળી ગયું હતું. આ નદી પર્યાવરણીય સંવેદનશીલ આર્કટિક મહાસાગરમાં પ્રવાહિત થતા નેટવર્કનો એક ભાગ છે.
- રશિયાના ક્રાસ્નોયાર્સ્ક ક્ષેત્રમાં કટોકટીના ઉપાયોની ઘોષણા કરવામાં આવી હતી. આ ક્ષેત્ર વિશાળ અને ઓછી આબાદી ધરાવતા દ્વીપકલ્પમાં સ્થિત છે.
- થર્મોઈલેક્ટ્રિક પાવર પ્લાન્ટ પર્માફ્રોસ્ટ (Perrmafrost) પર નિર્મિત છે. પર્માફ્રોસ્ટ હાલના વર્ષોમાં આબોહવા પરિવર્તનને લીધે નબળો પડયો છે. આ કારણે ઈંધણ ટેંકને સંભાળતા થાંભલાઓ નીચે ધસી ગયા અને તેના પરિણામે તેલનો સ્ત્રાવ શરૂ થઈ ગયો.
- સતત બે થી વધુ વર્ષો સુધી જામી રહેતી સપાટીને પર્માફ્રોસ્ટ માનવામાં આવે છે.

## છઠ્ઠી સામૂહિક લુપ્તતા (Sixth Mass Extinction)

- એક નવી શોધ અનુસાર વર્તમાનમાં ચાલતી છઠ્ઠી સામૂહિક લુપ્તતા એ સૌથી ગંભીર પર્યાવરણીય જોખમમાંથી એક હોય શકે છે.
- આ શોધને "પ્રોસીડિંગ્સ ઓફ ધ નેશનલ એકેડમી ઓફ સાયન્સ" USAની જર્નલમાં પ્રકાશિત કરવામાં આવી હતી.

### સામૂહિક લુપ્તતા એટલે શું ?

- સામૂહિક લુપ્તતાની ઘટનાનો સંબંધ પ્રજાતિઓના વિલુપ્ત થવાના દરની સાથે છે.
- તેમાં એક નાના ભૌગોલિક સમયમાં પૃથ્વીની 3/4થી વધુ પ્રજાતિઓ વિલુપ્ત થઈ જાય છે. હજી સુધી પૃથ્વીના સંપૂર્ણ ઈતિહાસમાં 5 વખત સામૂહિક લુપ્તતાની ઘટના બની ચૂકી છે.

### સામૂહિક લુપ્તતાની ઘટનાનું કારણ અને તેનો પ્રભાવ

- પાછલા 450 મિલિયન વર્ષોમાં 5 વખત થયેલી સામૂહિક લુપ્તતાની ઘટનાને લીધે છોડ, પ્રાણીઓ અને સુક્ષ્મજીવોનો 70-95% વિનાશ થયો હતો.
- તેના કારણોના રૂપમાં પર્યાવરણમાં થયેલા વિનાશકારી પરિવર્તનો, જવાળામુખી વિસ્ફોટ, સમુદ્ર ઓકિસજનમાં ઘટાડો અથવા એસ્ટરોઈડ અથડાવવાની ઘટનાઓ વગેરે છે.
- પ્રત્યેક સામૂહિક લુપ્તતાની ઘટના પછી પ્રજાતિઓ ફરીથી ઉત્પન્ન થવામાં લાખો વર્ષોનો સમય લાગે છે.
- વર્તમાનમાં ચાલી રહેલા છઠ્ઠી સામૂહિક લુપ્તતાને એન્થ્રોપોસીન લુપ્તતાના રૂપમાં માનવામાં આવે છે.
- શોધકર્તાઓ દ્વારા છઠ્ઠી સામૂહિક લુપ્તતાને સૌથી ગંભીર પર્યાવરણીય સમસ્યાના રૂપમાં એટલે વ્યકત કરવામાં આવી છે કારણ કે તેનાથી લુપ્ત થતી પ્રજાતિઓમાં કાયમી રીતે જોખમ થશે.
- માનવ પોતાની વધતી સંખ્યાને કારણે ઘણી જીવિત પ્રજાતિઓ માટે એક અભૂતપૂર્વ જોખમ બનેલ છે.
- પ્રજાતિઓને નુકસાન, માનવ પૂર્વજો દ્વારા 11000 વર્ષ પૂર્વે કૃષિના વિકાસ કરવા પછીથી ચાલુ છે. તે સમયથી માનવની વસ્તી એ 1 મિલિયનથી 7.7 બિલિયન સુધી વધી ગઈ છે.

## BS-VI વાહનો માટે અલગ-અલગ કલર બેંડ

- સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા BS VI વાહનોની નંબર પ્લેટ માટે અલગ–અલગ કલર બેંડ જાહેર કર્યા છે.

### BS-VI વાહનોના કલર બેંડની મુખ્ય બાબતો

- આ આદેશ અનુસાર BS VI વાહનોના હાલના સ્ટીકરો ઉપર 1 સેમી પહોળાઈની લીલા રંગની પટ્ટી મારવી અનિવાર્ય છે.
- સ્ટીકરમાં BS-VI વાહનોની નોંધણી અને તેના ઈંધણના પ્રકારનું વિવરણ હોવું જોઈએ.

- પેટ્રોલ ઈંધણ વાહનોમાં સ્ટીકર નારંગી રંગનું હોવું જોઈએ અને ડીઝલ ઈંધણ વાહનોમાં સ્ટીકર વાદળી રંગનું હોવું જોઈએ.

### Back to basics : BS માપદંડો વિશે

- BS અર્થાત્ ભારત સ્ટેજ. તેને વર્ષ 2000થી ભારતમાં લાગુ કરવામાં આવ્યા છે. આ પહેલા ભારતમાં કાર્બન ઉત્સર્જનના સંદર્ભ કઈ માપદંડો નક્કી કરવામાં આવ્યા ન હતા.
- BSને યુરોપિયન કાર્બન ઉત્સર્જન માપદંડો "યૂરો"ના આધાર પર ભારતમાં લાગુ કરવામાં આવ્યા છે.
- BS માપદંડોનું નિર્ધારણ એ પર્યાવરણ મંત્રાલય અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કરવામાં આવે છે.
- ભારતમાં એપ્રિલ, 2020 પહેલા BS4 કાર્બન ઉત્સર્જન માપદંડો લાગૂ હતા.
- એપ્રિલ, 2020થી ભારતમાં BS6 માપદંડો લાગુ પડે છે.
- ભારત સરકાર દ્વારા BS 4 બાદ સીધા BS 6 માપદંડો લાગુ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તેનું મુખ્ય કારણ વાહનોથી નીકળતું પ્રદૂષણ ઓછું કરવાનું છે.
- BSનો ક્રમ જેટલો વધારે એમ વાહનોથી થતુ પ્રદૂષણ ઓછું હોય છે.

### BS 6 વિશેની મુખ્ય બાબતો :

- BS 4ની સરખામણીએ BS 6 ડીઝલમાં પ્રદૂષણ ફેલાવતા જોખમી પદાર્થ 70-75% ઓછા થઈ જાય છે.
- હવામાં PM 2.5નું મહત્તમ સ્તર 60 mg/cm હોવું જોઈએ. BS6માં આ માત્રા 20-40 mg/cm હોય છે.
- BS 6 બળતણમાં BS 4ની સરખામણીએ સલ્ફરનું પ્રમાણ 5 ગણુ ઓછું હોય છે. તેના ઉપયોગથી સલ્ફરના ઉત્સર્જનમાં 80% ઘટાડો થવાની સંભાવના છે.
- BS 6 અપનાવવા માટે કંપનીઓએ પોતાના એન્જિનમાં સુધારો કરવો પડશે.

## ઉત્તરાખંડમાં જૈવ વિવિધતા પાર્ક

- 5 જૂન, 2020 "વિશ્વ પર્યાવરણ દિવસ"ના અવસર પર ઉત્તરાખંડ વન વિભાગ દ્વારા હલ્દ્વાનીમાં ઉત્તરાખંડનો સૌથી મોટા જૈવ વિવિધતા પાર્કનું ઉદ્દઘાટન કર્યું હતું.

### ઉત્તરાખંડના જૈવ વિવિધતા પાર્કની મુખ્ય બાબતો

- આ જૈવ વિવિધતા પાર્કને ઉત્તરાખંડ વન વિભાગ દ્વારા 2 વર્ષમાં તૈયાર કરવામાં આવેલ છે.
- પાર્કની અંદર અતિ આધુનિક "સ્વચાલિત હવામાન સ્ટેશન" પણ સ્થાપિત કરવામાં આવ્યું છે.
- આ સ્ટેશનમાં આગામી વર્ષોમાં આબોહવા પરિવર્તનના અવલોકન હેતુ પર્યાવરણના 9 અલગ–અલગ માપદંડોની દરેક મિનિટે નોંધણી કરવામાં આવશે.
- જૈવ વિવિધતા પાર્કમાં આધ્યાત્મિક અને ધાર્મિક, વૈજ્ઞાનિક, માનવ સ્વાસ્થ્ય અને સૌંદર્ય સંબંધી છોડની પ્રજાતિઓને અલગ–અલગ ભાગોમાં વિભાજીત કરવામાં આવેલ છે.

## ચેલેંજર ડીપ

- અંતરિક્ષ યાત્રી અને સમુદ્ર વિજ્ઞાની કૈથી સુલિવન હાલમાં સમુદ્રના સૌથી ઊંડાણવાળા બિંદુ ચેલેંજર ડીપમાં પહોંચી છે.
- આ સાથે જ પૃથ્વીના સૌથી ઊંડા બિંદુ સુધી પહોંચનારી તે પ્રથમ મહિલા બની ગઈ છે.

### ચેલેંજર ડીપ વિશે

- ચેલેંજર ડીપ પૃથ્વીના સમુદ્ર તળમાં સૌથી ઊંડું બિંદુ છે. તે 10,902 મીટરની ઊંડાઈ પર છે. તેનું નામ બ્રિટિશ રોયલ નેવી સર્વેશિપ HMS ચેલેંજરના નામ પર રાખવામાં આવેલ છે, જેના દ્વારા પ્રથમ વખત તેની ઊંડાઈ માપવામાં આવી હતી.
- લેફટનન્ટ ડોન વાલ્શ અને સ્વિસ વૈજ્ઞાનિક જેકસ પિકકાર્ડે 1960માં ચેલેંજર ડીપમાં પ્રથમ વખત ડુબકી લગાવી હતી.
- વર્ષ 2012માં ટાઈટેનિક ફિલ્મના ડાયરેકટર જેમ્સ કૈમરન આ સ્થાન પર સોલો સબમરીન દ્વારા ગયા હતા.
- ચેલેંજર ડીપ પશ્ચિમી પ્રશાંત મહાસાગરમાં મારિયાના ટ્રેંચના દક્ષિણ ભાગ પર સ્થિત છે. મારિયાના ટ્રેંચ પૃથ્વી પરની સૌથી ઊંડી સમુદ્ર ખાઈ છે.

### કૈથી સુલિવન વિશે

- વર્ષ 1984માં કૈથી સુલિવન દ્વારા પોતાના અંતરિક્ષ વોકની શરૂઆત કરી હતી અને અંતરિક્ષમાં ચાલનાર પ્રથમ મહિલા બની હતી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

- ચેલેંજર ડીપ પર પહોંચી તેણે નવો રેકોર્ડ બનાવ્યો છે. તે અંતરિક્ષમાં પણ ગયેલી છે અને પૃથ્વીના સૌથી ઊંડા બિંદુ પર પણ પહોંચી છે.
- તે મહાસાગરમાં સૌથી ઊંડા બિંદુ સુધી પહોંચનાર પ્રથમ મહિલા છે.

## IFLOWS-એકીકૃત પૂર ચેતવણી પ્રણાલી

- IFLOWS એ એકીકૃત પૂર પૂર ચેતવણી પ્રણાલી છે.
- તે બૃહન્મુંબઈ નગર નિગમની એક સંયુકત પહેલ છે. મુંબઈ એ આ પ્રણાલીને અપનાવનાર દેશનું બીજું શહેર બન્યું છે. આ પહેલા ચેન્નઈ શહેર દ્વારા આ પ્રણાલીનો પ્રયોગ કરવામાં આવ્યો હતો.

### IFLOWSની મુખ્ય બાબતો

- IFLOWS એ મોડયુલર સંરચના પર બનાવવામાં આવેલ છે. તેના અંતર્ગત કુલ 7 મોડયુલોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ 7 મોડયુલ અંતર્ગત પૂર, ડેટા સમાવેશીતા, જળપ્રલય, સંવેદનશીલતા, જોખમ, પ્રસાર મોડયુલર તથા નિર્ણય સપોર્ટ સિસ્ટમનો કરવામાં આવ્યો છે.
- હવામાન મોડેલના ઈનપુટના આધાર પર, વરસાદને વહેતા પાણીમાં બદલવા અને નદી પ્રણાલીઓમાં પ્રવાહ ઈનપુટ માટે હાઈડ્રોલોજિકલ મોડેલનો ઉપયોગ કરવામાં આવે છે.
- IFLOWSએ પૂરગ્રસ્ત વિસ્તારમાં 6-72 કલાક વચ્ચે થનારા સંભવિત પૂર વિશે પૂર્વ ચેતવણી આપવામાં સક્ષમ હશે.
- IFLOWS અંતર્ગત શહેરની અંદર શહેરી પાણીના નિકાલને શોધવાની તથા પૂરગ્રસ્ત વિસ્તારના પૂર્વાનુમાનની જોગવાઈ છે. તેનો ફાઈનલ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે.
- મુંબઈમાં જૂનથી સપ્ટેમ્બરના મધ્ય સુધી પૂરની ઘટનાઓ સામાન્ય છે. તેના પરિણામે રેલવે, એરલાઈન અને પરિવહનની અન્ય સેવાઓ પર પ્રતિકૂળ અસર પડે છે. આથી, પૂરની પૂર્વ તૈયારીઓની આ પ્રણાલી નાગરિકોને ચેતવણી આપવામાં મદદ કરશે.

## એશિયાઈ સિંહોની ગણતરી

- તાજેતરમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા એશિયાઈ સિંહોની વસ્તી ગણતરી કરી હતી અને તેના આંકડાઓ જાહેર કર્યા છે.
- ભારતમાં દર 5 વર્ષે સિંહોની ગણતરી કરવામાં આવતી હોય છે.

### એશિયાઇ સિંહોની ગણતરીની મુખ્ય બાબતો

- દેશમાં સિંહોની વસ્તીમાં 29%નો વધારો થયો છે.
- વર્ષ 2015માં ગીર ક્ષેત્રમાં સિંહોની સંખ્યા એ 523 હતી જે વધીને વર્ષ 2020માં 674 થઈ છે.
- એશિયાઈ સિંહો એ સૌરાષ્ટ્રના સંરક્ષિત ક્ષેત્રોમાં જોવા મળે છે અને તે 9 જિલ્લાઓમાં ફેલાયેલ છે.
- ભૌગોલિક રીતે એશિયાઈ સિંહોના વિતરણ ક્ષેત્ર અને તેના ફેલાવામાં 36%નો વધારો થયો છે. વર્ષ 2015માં એશિયાઈ સિંહોના પ્રવાસનું ક્ષેત્રફળ એ 22000 વર્ગ કિમી. હતું જે વધીને 30000 વર્ગ કિમી. થયું છે.
- વર્ષ 2020ની સ્થિતિએ સિંહોની સંખ્યાનું વર્ગીકરણ.

**એશિયાઈ સિંહ, 2020ની સ્થિતિ**

| પુખ્ત | | પાઠડા | | | બચ્ચાં | કુલ |
|---|---|---|---|---|---|---|
| નર | માદા | નર | માદા | વણઓળખાયેલ | | |
| 161 | 260 | 45 | 49 | 22 | 139 | 674 |

### સિંહોની ગણતરી માટેની પદ્ધતિ

- વર્ષ 2020માં એશિયાઈ સિંહોની ગણતરીનો અંદાજ વસ્તી ગણતરીથી નહીં પરંતુ "પૂનમ અવલોકન" નામની એક નિરીક્ષણ પ્રક્રિયાઓના માધ્યમથી કરવામાં આવી છે.
- પૂનમ અવલોકન પદ્ધતિને સીધી બીટ ચકાસણી / બ્લોક કાઉન્ટ મેથડ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- પૂનમ અવલોકન પ્રત્યેક મહિનામાં પૂર્ણિમાની તારીખે આયોજિત કરવામાં આવતો કાર્યક્રમ છે.
- પૂનમ અવલોકન અંતર્ગત વન વિભાગના અધિકારી તથા ક્ષેત્રીય કર્મચારી 24 કલાક દરમિયાન પોતાના કાર્યક્ષેત્રમાં સિંહોની સંખ્યા અને તેની સ્થિતિના આંકડાઓ નોંધે છે.
- વર્ષ 2020ની ગણતરી દરમિયાન 1400 કર્મચારીઓ અને વિશેષજ્ઞોનો સમાવેશ કરવામાં આવ્યો હતો જ્યારે તેના પહેલાની વસ્તી ગણતરી દરમિયાન 2000 લોકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### એશિયાઈ સિંહ વિશે

- એશિયાઈ સિંહની વસ્તી ભારતમાં ગુજરાત સુધી જ મર્યાદિત છે.
- IUCN દ્વારા જાહેર કરવામાં આવતા રેડ લિસ્ટ અંતર્ગત એશિયાઈ સિંહને સંકટગ્રસ્ત (Endangered) સ્થિતિમાં સૂચિબદ્ધ કરવામાં આવેલ છે.

# 7. ઈતિહાસ અને સંસ્કૃતિ

## ઓડિશાનો રજ-પર્વ ઉત્સવ

- ➢ ઓડિશામાં "રજ–પર્વ" ઉત્સવ મનાવવામાં આવી રહયો છે.
- ➢ ઓડિશામાં 3 દિવસો સુધી મનાવવામાં આવતો આ ઉત્સવ, ધરતી માતા તથા મહિલાઓને સમર્પિત છે.
- ➢ આ ઉત્સવ પ્રતિ વર્ષ મિથુન સંક્રાંતિના એક દિવસ પહેલાથી આરંભ થઈને બે દિવસ સુધી મનાવવામાં આવે છે.
- ➢ આ ઉત્સવ મનાવવા પાછળની માન્યતા છે કે ભગવાન વિષ્ણુ ની પત્ની ભૂમા દેવી (પૃથ્વી)ને "રાજસ્વલા" પ્રક્રિયાથી પસાર થવું પડે છે. તેમનો માસિક ધર્મ 3-4 દિવસ સુધીનો હોય છે.
- ➢ આ દરમિયાન ઓડિયા લોકો જમીન ખોદવાને લગતા કોઈપણ પ્રકારનું બાંધકામ અથવા ખેતી કામ કરતા નથી.
- ➢ આ પ્રકારની પ્રવૃત્તિઓને આરામ આપી તેઓ ધરતી માતાને સમ્માન આપે છે તથા રોજના કામોથી વિશ્રામ આપે છે.

### રજ-પર્વ ઉત્સવની મુખ્ય બાબતો

- ➢ તે ઓડિશાનો મુખ્ય તહેવાર છે જે મહિલાઓના માસિક ધર્મના તહેવારના રૂપમાં મનાવવામાં આવે છે.
- ➢ આ ઉત્સવના પ્રથમ દિવસને "પહિલો રજો", બીજા દિવસને "મિથુન સંક્રાંતિ" તથા ત્રીજા દિવસને "ભૂદાહ" અથવા "બાસી રજા" કહેવામાં આવે છે.
- ➢ આ ઉત્સવમાં અવિવાહિત મહિલાઓ વધુ ભાગ લે છે અને સારા જીવનસાથીની ઈચ્છા માટે ઉત્સવ મનાવે છે.
- ➢ આ ઉત્સવ દરમિયાન વિભિન્ન રીતિ–રિવાજોનું પાલન કરવામાં આવે છે. જેમ કે પોદપીઠા જેવા પૌષ્ટિક ભોજનનું સેવન, નંગા પગે ચાલવું, પ્રથમ દિવસનું સ્નાન વગેરેનો સમાવેશ થાય છે.
- ➢ ઉત્સવનું સમાપન વસુમતી સ્નાન અથવા ભૂમા દેવીના સ્નાનના રૂપમાં થાય છે.
- ➢ આ ઉત્સવને ગરમીની ઋતુનો અંત અને ચોમાસાના આગમનનો સંકેત મનાવામાં આવે છે. આ પ્રકારે આ ત્યોહાર કૃષિ સંબંધિત સમુદાયો સાથે જોડાયેલ છે.

## તલા-મદ્દૃલે

- ➢ COVID-19 મહામારી દરમિયાન યક્ષગાન રંગમંચની એક પારંપરિક કલા "તલા–મદ્દૃલે"નું પ્રદર્શન એ વર્ચ્યુઅલ રૂપથી કરવામાં આવ્યું હતું.
- ➢ સોશિયલ મીડિયાના માધ્યમથી આ કલાનું પ્રદર્શન ઓનલાઈન કરવામાં આવ્યું હતુ.

### Back to basics : તલા-મદ્દૃલે વિશે

- ➢ તલા મદ્દૃલે એ દક્ષિણ ભારતના કર્ણાટક તથા કેરલના કરાવલી અને મલનાડ ક્ષેત્રોમાં પ્રચલિત પ્રદર્શન કલાનું એક પ્રાચીન રૂપ છે. તેના અંતર્ગત "સંવાદ પ્રદર્શન" અથવા વાદ–વિવાદ પ્રદર્શનનું આયોજન કરવામાં આવતું હોય છે.
- ➢ આ પ્રદર્શન અંતર્ગત કથાનો વિષય એ પૌરાણિક કથાઓમાં થી લેવામાં આવતો હોય છે.

  પ્રદર્શન દરમિયાન કલાકાર એ વ્યંગનો ઉપયોગ પણ કરતા હોય છે.
- ➢ આ પ્રદર્શન એ યક્ષગાનથી અલગ છે. પારંપરિક તલા બદ્દૃલે અંતર્ગત કલાકાર એ કોઈ વિશેષ વેશભૂષા ધારણ કરતા નથી.
- ➢ પ્રદર્શન દરમિયાન મંચ પર એક સ્થાન પર બેસીને કથાકાર પોતાની બોલવાની કલાને પ્રદર્શિત કરતાં હોય છે. તાલ–મદ્દૃલે દરમિયાન ફક્ત સંવાદોનો પ્રયોગ કરવામાં આવતો હોય છે.

## મહાનદીમાં જળમગ્ન 500 વર્ષ જૂનું મંદિર


- ➢ પુરાતત્ત્વ સર્વેક્ષણ ટીમ દ્વારા તાજેતરમાં દાવો કરવામાં આવ્યો છે કે મહાનદીના પાણીમાં ડૂબેલો એક 500 વર્ષ જૂના મંદિરની શોધ કરવામાં આવી છે.
- ➢ પૂરના કારણે 150 વર્ષમાં પોતાનો માર્ગ બદલનાર મહાનદીએ પદ્માવતી ગામડામાં સ્થિત આ મંદિરને ડૂબાડી દીધું હતું.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot
INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ક્ષેત્રમાં 22થી વધારે ગામડાઓ છે જે મહાનદીના પાણીમાં ડૂબેલા છે. જો કે ગોપીનાથ દેબા દેખાઈ રહયું છે કારણ કે તે સૌથી ઊંચું છે.
- આ મંદિરને "મસ્તક" કહેવામાં આવે છે. મસ્તકા 11 વર્ષ પહેલા જોવા મળ્યું હતું જ્યારે પાણીનું સ્તર બહુ ઓછું થયું હતું.

### Back to basics : મહાનદી વિશે

- મહાનદી એ છત્તીસગઢ અને ઓડિશા ઝોનની સૌથી મોટી નદી છે. આ નદીને મહાનંદા અને નીલોત્પલા નામથી પણ ઓળખવામાં આવે છે.
- મહાનદીનો પ્રવાહ દક્ષિણથી ઉત્તરની તરફ છે.
- મહાનદીનું ઉદ્દગમ સ્થાન છત્તીસગઢના રાયપુરની નજીક સિહાવા નામના પર્વત શ્રેણીમાં છે.
- સંભલપુર જિલ્લામાં પ્રવેશ કરતાની સાથે તે ઓડિશામાં વહેવા લાગે છે. તથા બાલાગીર અને કટકથી થઈને બંગાળ ની ખાડીમાં વહી જાય છે. મહાનદીનો મોટા ભાગનો પ્રવાહ છત્તીસઢમાંથી વહે છે.
- પ્રસિદ્ધ હીરાકુંડ બાંધ એ મહાનદી પર સ્થિત છે.



# 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો

## માય લાઈફ માય યોગા (My Life My Yoga)

- તાજેતરમાં 31 મે, 2020ના રોજ ભારતના પ્રધાનમંત્રી દ્વારા "મન કી બાત" સંબોધન દરમિયાન "માય લાઈફ માય યોગા" નામની વીડિયો બ્લોગિંગ હરિફાઈની ઘોષણા કરી હતી.
- આ હરિફાઈ એ આયુષ મંત્રાલય અને ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદનો સંયુક્ત પ્રયાસ છે.
- આ હરિફાઈ/સ્પર્ધા વ્યક્તિના જીવનમાં યોગના પરિવર્તનકારી પ્રભાવ પર કેન્દ્રિત છે. 21 જૂન, 2020ના રોજ છઠ્ઠા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી રૂપે તે શરૂ કરાયેલ છે.
- આ સ્પર્ધમાં વિશ્વભરથી કોઈપણ ભાગ લઈ શકે છે.
- સ્પર્ધા અંતર્ગત ભાગ લેનારે આસન, ક્રિયાબંધ, પ્રાણાયમ અને મુદ્રા પર એક 3 મિનિટનો વીડિયો અપલોડ કરવાનો રહેશે.
- 3 મિનિટના વીડિયોમાં ભાગ લેનારે યોગ દ્વારા તેમના જીવન પર કેવો પ્રભાવ પડયો તેના સંદેશનો પણ સમાવેશ કરવાનો રહેશે.
- આ સ્પર્ધાતમાં પ્રથમ 3 વિજેતાઓને ક્રમશઃ 1 લાખ, 50 હજાર અને 25 હજાર રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવશે.

## વિશ્વ દૂધ દિવસ

- વૈશ્વિક સ્તર પર દૂધના મહત્ત્વને દર્શાવવા પ્રતિવર્ષ 1 જૂનને વિશ્વ દૂધ દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.
- વર્ષ 2001માં પ્રથમ વખત વિશ્વ દૂધ દિવસ મનાવવામાં આવ્યો હતો. આ દિવસની શરૂઆત ખાદ્ય અને કૃષિ સંગઠન દ્વારા કરવામાં આવી હતી.
- વિશ્વ દૂધ દિવસ, 2020 માટે "વિશ્વ દૂધ દિવસની 20મી વર્ષગાંઠ"ને થીમના રૂપમાં પસંદ કરવામાં આવેલ છે.
- આ દિવસ એ ડેરી ક્ષેત્રથી જોડાયેલ પ્રવૃત્તિઓ પર ધ્યાન આપવા એક અવસર આપે છે.

### ભારતમાં દૂધ ઉત્પાદન :

- ભારત એ 150 મિલિયન ટનથી વધુ દૂધ ઉત્પાદન સાથે વિશ્વમાં દૂધનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.
- ભારતમાં પ્રત્યેક વર્ષે 26 નવેમ્બરને "રાષ્ટ્રીય દૂધ દિવસ"ના રૂપમાં મનાવવામાં આવે છે. આ દિવસ ભારતમાં સફેદ ક્રાંતિના જનક ડો. વર્ગીસ કુરિયનના જન્મદિનના રૂપમાં મનાવવામાં આવે છે.

### ખાદ્ય અને કૃષિ સંગઠન (Food and Agriculture Organisation FAO) વિશે

- FAO એ સંયુક્ત રાષ્ટ્રની એક સંસ્થા છે. તે સંયુક્ત રાષ્ટ્ર આર્થિક અને સામાજિક પરિષદ અંતર્ગત કાર્ય કેર છે.
- તેની સ્થાપના 16 ઓકટોબર, 1945ના રોજ કરવામાં આવી હતી.
- તેનું મુખ્યાલય ઈટલીના રોમમાં સ્થિત છે. વર્તમાનમાં FAOના કુલ 194 સદસ્ય દેશો છે.

## રોહિત શર્મા રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર માટે નામાંકિત

- તાજેતરમાં BCCI દ્વારા રોહિત શર્માને રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવેલ છે.
- આ પુરસ્કાર એ ભારતમાં સર્વોચ્ચ ખેલ સમ્માન પુરસ્કાર માનવામાં આવે છે.
- કોઈ વ્યકિતને નામાંકિત કરવાનો સમયગાળો જાન્યુઆરી 2016 – ડિસેમ્બર 2019 દરમિયાન કરવામાં આવેલા ઉત્કૃષ્ટ પ્રદર્શન માટેનો હોય છે.
- આ ઉપરાંત BCCI દ્વારા અર્જુન એવોર્ડ માટે શિખર ધવન, ઈશાંત શર્મા અને દિપ્તી શર્માને નામાંકિત કરવામાં આવ્યા છે.

### રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર વિશે :

- આ પુરસ્કાર ભારતમાં સર્વોચ્ચ ખેલ સમ્માન છે.
- આ પુરસ્કારને યુવા બાબતો અને ખેલ મંત્રાલય દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે.
- આ પુરસ્કાર એ 4 વર્ષના સમય દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે આપવામાં આવે છે.
- પુરસ્કાર અંતર્ગત રૂ. 7.5 લાખનું નકદ ઈનામ, એક પદક અને એક પ્રશસ્તિ પત્ર આપવામાં આવે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

### અર્જુન પુરસ્કાર વિશે :

- અર્જુન પુરસ્કાર એ ખેલાડીઓને આપવામાં આવતો એક પુરસ્કાર છે. આ પુરસ્કાર એ ભારત સરકાર દ્વારા રમતના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ આપવામાં આવે છે.
- આ પુરસ્કારનો પ્રારંભ એ વર્ષ 1961માં કરવામાં આવ્યો હતો.
- પુરસ્કાર અંતર્ગત રૂ. 5 લાખનું નકદ ઈનામ, અર્જુનની કાંસ્ય પ્રતિમા અને એક પ્રશસ્તિ પત્ર આપવામાં આવે છે.

## ઓવર ધ ટોપ (OTT) સ્ટ્રીમિંગ

- મલયાલમ ફિલ્મ ઉદ્યોગમાં મોટા ભાગના નિર્માતાઓ દ્વારા ઘોષણા કરવામાં આવી છે કે તેઓ COVID-19 મહામારી દરમિયાન પોતાની ફિલ્મને ઓવર ધ ટોપ સ્ટ્રીમિંગ અંતર્ગત પ્રાથમિકતા આપશે નહીં.
- COVID-19 મહામારીને કારણે થિયેટર બંધ રહેતા હોવાથી ફિલ્મની રિલીઝને 3 મહિના માટે સ્થગિત કરી દેવામાં આવી હતી.
- ફિલ્મ રિલીઝ સ્થગિત થવાને લીધે. ઘણા ફિલ્મ નિર્માતાઓ દ્વારા ઓવર–ધ–ટોપ (OTT) રિલીઝ કરવાની ઘોષણા કરવામાં આવી હતી.
- જો કે આ નિર્ણયનો ઘણા થિયેટર માલિકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો અને જણાવ્યું હતું કે જો ફિલ્મ નિર્માતા OTT માધ્યમથી ફિલ્મ રિલીઝ કરશે તો એ અભિનેતા અને નિર્માતાની ફિલ્મનો બહિષ્કાર કરવામાં આવશે.

### Back to basics : ઓવર ધ ટોપ (OTT) સ્ટ્રીમિંગ વિશે

- OTT મીડિયા સેવા ઓનલાઈન પૂરી પાડવામાં આવતી હોય છે.
- આ શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે વીડિયો–ઓન–ડિમાંડ પ્લેટફોર્મના સંબંધમાં કરવામાં આવતો હોય છે. પરંતુ ઓડિયો સ્ટ્રીમિંગ, મેસેજ સર્વિસ કે ઈન્ટરનેટ આધારિત વોઈસ કોલિંગ સોલ્યુશનના સંબંધે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે.
- OTT સેવાઓ અંતર્ગત પારંપરિક મીડિયા વિતરણ ચેનલો જેવી કે દૂરસંચાર નેટવર્ક કે કેબલની જરૂરિયાત રહેતી નથી.
- જો ઈન્ટરનેટ ઉપલબ્ધ હોય તો OTT માધ્યમનો ઉપયોગ કરી શકાય છે.
- ઓછી કિંમત પર ઉપલબ્ધતા, ઓરિજિનલ વસ્તુઓ આપવી (અમેઝોન પ્રાઈમ, હોટસ્ટાર વગેરે) અને વિવિધ ઉપકરણો સાથેની સંગતતાને લીધે OTT માધ્યમનો વ્યાપક સ્તરે ઉપયોગ કરવામાં આવે છે.

## વૈશ્વિક રસી સંમેલન
## Global Vaccine Summit

- તાજેતરમાં ભારતના પ્રધાનમંત્રી દ્વારા બ્રિટનના પ્રધાનમંત્રી બોરિસ જોનસન દ્વારા આયોજિત વર્ચ્યુઅલ ગ્લોબલ વેકિસન સંમેલનને સંબોધિત કર્યું હતું.
- આ સંમેલનમાં 50થી વધુ દેશો, વ્યાપારિક નેતાઓ, સંયુકત રાષ્ટ્રની સંસ્થાઓ, નાગરિક સમાજ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.
- આ સંમેલનનું આયોજન GAVI, રસી સંગઠન માટે ઓછામાં ઓછા 7.4 બિલિયન અમેરિકી ડોલરનું ફંડ એકત્રિત કરવા માટે કરવામાં આવ્યું હતું.
- ભારતે GAVIને 15 મિલિયન અમેરિકી ડોલરનું ભંડોળ આપવાનું વચન આપ્યું છે.
- આ વર્ચ્યુઅલ સંમેલનનું આયોજન ઓકસફોર્ડ યુનિવર્સિટી દ્વારા કોરોના વાયરસના બચાવ માટે સંભવિત રસીના માટે કરાયેલ ફાસ્ટ ટ્રેક પરીક્ષણોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.

### GAVI : રસી સંગઠન વિશે

- GAVI સંગઠન વર્ષ 2000માં યુનિસેફ, WHO, બિલ એન્ડ મિલિંદા ગેટ્સ ફાઉન્ડેશન, વિશ્વ બેંક, સંશોધન એજન્સીઓ, રસી નિર્માતાઓ અને અન્ય ખાનગી ક્ષેત્રોની ભાગીદારી અંતર્ગત સ્થાપવામાં આવ્યું હતું.
- આ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રાથમિક સ્વાસ્થ્ય કાળજીને વધુ મજબૂત કરવાનો છે અને દેશોને સતત વિકાસ લક્ષ્યો (SDG) પાસે લાવવાનો છે.
- GAVI, ગરીબ દેશોમાં રસીકરણની પહોંચ વધારી, બાળકોનું જીવન બચાવી તથા લોકોના સ્વાસ્થ્યની રક્ષા કરવાના મિશનને સંચાલિત કરે છે.
- સંગઠન એ સહયોગી સ્વાસ્થ્ય સેવાઓના આધુનિકીકરણ હેતુ રસી તથા બૌદ્ધિક સંસાધનો માટે નાણા ઉપલબ્ધ કરાવે છે.

## સાલ ભર 60 અભિયાન

- હવાની સારી ગુણવત્તા જાળવવા માટે "સાલ ભર 60 અભિયાન"નો આરંભ કરવામાં આવ્યો હતો.
- આ અભિયાન એ રિધિમાં પાંડે નામના પર્યાવરણવાદી દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.

### સાલ ભર 60 અભિયાન વિશે :

- આ અભિયાન અંતર્ગત સરકારથી શહેરોમાં PM 2.5ના સ્તરને 60 માઈક્રોગ્રામ પ્રતિ કયૂબિક મીટર સુનિશ્ચિત કરવાના ઉપાયની માંગ કરવામાં આવી રહી છે.
- PM 2.5નું ઉપરોકત સ્તર એ 24 કલાક માટે સુરક્ષિત માનવામાં આવે છે અને તેનું નિર્ધારણ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કરવામાં આવ્યું છે.

## વર્લ્ડ ઈકોનોમિક ફોરમ સંમેલન

- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા ઘોષણા કરવામાં આવી છે કે તેઓ "ધ ગ્રેટ રિસેટ" થીમ અંતર્ગત દાવોસમાં આવનાર શિખર સંમેલનની યજમાની કરશે.
- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા આ સંમેલનને "આ યૂનિક ટ્વિન સમિટ" (A Unique Twin Summit) નામ આપવામાં આવ્યું છે.
- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) 51માં શિખર સંમેલનમાં વિભિન્ન વૈશ્વિક નેતાઓ, નાગરિક સમાજ અને બહુ–હિતધારકોને એકત્રિત કરશે.

### વર્લ્ડ ઈકોનોમિક ફોરમ વિશે :

- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જેની સ્થાપના વર્ષ 1971માં કલાઉસ શ્વાબ દ્વારા કરવામાં આવી હતી.
- તેનું મુખ્યાલય એ સ્વિટ્ઝર્લેન્ડના જીનિવા ખાતે આવેલું છે.
- તે એ બિન–નફાકારી સંગઠન અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે મળીને કાર્ય કરે છે.

## #i Commit પહેલ

- 5 જૂન, 2020ના વિશ્વ પર્યાવરણ દિવસના અવસર પર કેન્દ્રીય વિદ્યુત મંત્રી દ્વારા "# iCommit" પહેલ શરૂ કરવામાં આવી હતી.

### #iCommit પહેલની મુખ્ય બાબતો

- આ પહેલ એક એક ઊર્જા સ્થિતિસ્થાપક ભવિષ્ય નિર્માણના વિચારની આસપાસ કેન્દ્રિત છે.
- પહેલ દ્વારા ભવિષ્યમાં સતત રૂપથી મજબૂત અને લચીલી ઊર્જા પ્રણાલી બનાવવા બધા હિતધારકો અને વ્યક્તિઓને ઊર્જા દક્ષતા, નવીનીકરણ ઊર્જાની દિશામાં આગળ વધવા એક સ્પષ્ટ આહ્વાન કરે છે.
- આ પહેલનું સંચાલન એ વિદ્યુત મંત્રાલય અંતર્ગતની સંસ્થા, "એનર્જી અફિસિયન્સિ સર્વિસિસ લિમિટેડ (Energy Efficiency Services Limited-EESL) દ્વારા કરવામાં આવશે.
- EESL એ આ પહેલ અંતર્ગત સરકાર, કંપનીઓ ને બહુપક્ષીય અને દ્વિપક્ષીય સંગઠનો, થિંક ટેક સંસ્થાઓ વગેરેને એક જૂટ કરવામાં આવશે.

## "સ્વસ્થ અને ઊર્જા કાર્યક્ષમ ઈમારતો" પહેલ

- 5 જૂન, 2020ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ પર "એનર્જી અફિસિયન્સિ સર્વિસિસ લિમિટેડ" (EESL) દ્વારા "યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID)ના મૈત્રી (MAITREE) કાર્યક્રમની ભાગીદારીમાં "સ્વસ્થ અને ઊર્જા કાર્યક્ષમ ઈમારતો" પહેલ (Healthy and Energy Efficient Building Inititative)ની જાહેરાત કરી હતી.
- મૈત્રી (MAITREE) કાર્યક્રમનું પૂરું નામ "Market Integration and Transformation Program for Energy Efficiency" છે.
- મૈત્રી અંતર્ગત શરૂ કરવામાં આવેલી પહેલ વિદ્યુત મંત્રાલય તથા USAIDની વચ્ચે યુએસ (US) – ભારત દ્વિપક્ષીય ભાગીદારીનો એક હિસ્સો છે.
- આ પહેલનો ઉદ્દેશ્ય અસરકારક ઊર્જાને અપનાવવાનો તથા ઈમારતોની ઠંડક પર વધુ ધ્યાન આપવાનો છે.

## ઓનલાઈન વેસ્ટ મેનેજમેન્ટ પ્લેટફોર્મ

- 5 જૂન, 2020 વિશ્વ પર્યાવરણ દિવસે આંધ્રપ્રદેશ સરકાર દ્વારા પ્રવાહી કચરો, જોખમી અને બિન જોખમી ઘન કચરો તથા વાયુ પ્રદૂષકોના વ્યવસ્થાપન માટે એક "ઓનલાઈન વેસ્ટ મેનેજમેન્ટ પ્લેટફોર્મ" શરૂ કર્યું છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

### ઓનલાઈન વેસ્ટ મેનેજમેન્ટ પ્લેટફોર્મ કઈ રીતે કાર્ય કરશે ?

- ➤ આ પ્લેટફોર્મનું સંચાલન એ "આંધ્ર પ્રદેશ પર્યાવરણ વ્યવસ્થાપન નિગમ" દ્વારા કરવામાં આવશે. તે ઉદ્યોગોથી ઉત્પન્ન થતા કચરાનું સંચાલન કરશે અને સુરક્ષિત નિકાલ કરશે.
- ➤ કચરાને રેડ અને ઓરેન્જ જેવી શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવશે.
- ➤ આ શ્રેણીઓમાં જોખમી, બિન–જોખમી કે ઈ–કચરાના રૂપમાં સુવ્યવસ્થિત કરવામાં આવશે અને વિભિન્ન કચરા નિકાલ કેન્દ્રો પર વૈજ્ઞાનિક રૂપથી તેનો નિકાલ કરવામાં આવશે.
- ➤ કચરાના નિકાલ માટે આંધ્ર પ્રદેશ પર્યાવરણ વ્યવસ્થાપન નિગમ એ આંધ્રપ્રદેશ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે મળીને કામ કરશે.

## એમ નેત્રા UNADAPના ગુડવિલ એમ્બેસેડર

- ➤ કોરોના વાયરસ વચ્ચે ચેન્નઈના મદુરાઈમાં 13 વર્ષની એમ. નેત્રાને યુનાઈટેડ નેશન્સ એસોસિએશન ફોર ડેવલપમેન્ટ એન્ડ પીસ (UNADAP)ના "Goodwil Ambassador for the Poor" તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે.
- ➤ એમ નેત્રા દ્વારા પોતાની શિક્ષા માટેની બચતથી રૂ. 5 લાખ એ લોકડાઉન દરમિયાન ગરીબોના ભોજન માટે ખર્ચ કર્યા હતા.

## જયા જેટલી ટાસ્ક ફોર્સ

- ➤ કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા માતૃત્ત્વની ઉંમર, માતા મૃત્યુ દર (Maternal Mortality Rate-MMR) અને પોષણ સ્તરમાં સુધારો કરવા હેતુ એક કાર્યદલ/ટાસ્ક ફોર્સનું ગઠન કર્યુ છે.
- ➤ આ ટાસ્ક ફોર્સના અધ્યક્ષ જયા જેટલી છે.
- ➤ કેન્દ્રીય નાણા મંત્રી દ્વારા નાણાકીય વર્ષ 2020-21ના બજેટના ભાષણ દમિયાન કહ્યું હતું કે, "વર્ષ 1978માં શારદા અધિનિયમ, 1929માં સુધારો કરી મહિલાઓના લગ્નની ન્યૂનતમ ઉંમર 15 વર્ષથી વધારી 18 વર્ષ કરવામાં આવી હતી. જેમ જેમ ભારત પ્રગતિના પંથ પર નિરંતર આગળ વધતુ ગયું તેમ મહિલાઓ માટે ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કરવી અને કરિયર બનાવવાના અવસર મળવા લાગ્યા.
- ➤ MMR ઓછો કરવાની સાથે પોષણના સ્તરમાં વધારો કરવો જરૂરી છે આ મુદાઓની સાથે મહિલાઓના માતૃત્ત્વની ઉંમર સાથે જોડાયેલા મુદ્દાઓ પર ધ્યાન આપવુ જરૂરી છે.
- ➤ જયાં જેટલી ટાસ્ક ફોર્સ એ 31 જુલાઈ સુધીમાં પોતાનો રિપોર્ટ પ્રસ્તુત કરશે.

### ટાસ્ક ફોર્સના વિચાર માટેના વિષયો

- ➤ વિવાહ અને માતૃત્ત્વની ઉંમર સાથે નીચેની બાબતો પર ધ્યાન આપવું.
  - (i) માતાના સ્વાસ્થ્ય, ચિકિત્સા આરોગ્ય તથા પોષણની સ્થિતિ અને ગર્ભાવસ્થા, જન્મ અને તેના પછી નવજાત શિશુ.
  - (ii) પ્રમુખ માપદંડો જેવા કે બાળક મૃત્યુ દર, માતા મૃત્યુ દર, કુલ પ્રજનન દર, જન્મ સમયે લિંગ પ્રમાણ, બાળક લિંગ ગુણોત્તર વગેરે.
  - (iii) ઉપરોકત સંદર્ભમાં સ્વાસ્થ્ય અને પોષણ સંબંધિત કોઈ અન્ય પ્રાસંગિક બિંદુ.
- ➤ મહિલાઓને ઉચ્ચ શિક્ષાને પ્રોત્સાહન આપવાના ઉપાયો સૂચવવા.
- ➤ ટાસ્ક ફોર્સની ભલામણોના સમર્થનમાં યોગ્ય કાયદાકીય પગલાં હાલના કાયદામાં સુધાર સૂચવવો.
- ➤ ટાસ્ક ફોર્સની ભલામણો લાગુ કરવા સમયસીમા સાથે એક વિસ્તૃત યોજના તૈયાર કરવી.
- ➤ ટાસ્ક ફોર્સ જરૂરીયાત અનુસાર અન્ય વિશેષજ્ઞોને પોતાની બેઠકમાં આમંત્રિત કરી શકે છે.

## રિચર્ડ ડોકિંસ એવોર્ડ

- ➤ ભારતના પ્રસિદ્ધ ગીતકાર અને પ્રખ્યાત લેખક જાવેદ અખ્તરને તાજેતરમાં રિચર્ડ ડોકિંસ એવોર્ડથી સમ્માનિત કરવાની ઘોષણા કરવામાં આવી છે.
- ➤ જાવેદ અખ્તર આ પુસ્કાર પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય છે.
- ➤ આ પુરસ્કાર વિજ્ઞાન, શોધ, શિક્ષા અને મનોરંજનના ક્ષેત્રની પ્રતિષ્ઠિત વ્યક્તિઓને આપવામાં આવે છે.

આ પુરસ્કાર એ પ્રસિદ્ધ અંગ્રેજી વિકાસવાદી જીવવિજ્ઞાની રિચર્ડ ડોકિંસના નામ પર આપવામાં આવે છે.

## સ્પંદન અભિયાન

- છત્તીસગઢ સરકારે રાજ્યમાં પોલીસકર્મીઓમાં માનસિક તણાવ અને ડિપ્રેશન ઓછું કરવા "સ્પંદન" નામના અભિયાનની શરૂઆત કરી છે.
- આ સંબંધમાં રાજ્યના વરિષ્ઠ અધિકારીઓને મનોચિકિત્સકો અને મનોવૈજ્ઞાનિકો દ્વારા હતાશ અધિકારીઓ અને કર્મચારીઓ માટે સલાહ અને ચિકિત્સા ઉપચારમાં દિશા–નિર્દેશોનું કડકાઈથી પાલન કરવાના નિર્દેશ આવ્યા છે.
- આ અભિયાન દરમિયાન સલાહના સત્રો, સંગીત અને યોગ થેરેપીની વ્યવસ્થા કરવામાં આવશે.
- યોગ કક્ષાઓના સંચાલન માટે સ્થાનીય યોગ શિક્ષકોનો સહયોગ માંગવામાં આવશે.

## ચેમ્પિયન્સ પોર્ટલ

- 1 જૂન, 2020ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ચેમ્પિયન્સ નામનું તકનિકી પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું હતું.
- ચેમ્પિયન્સ (CHAMPIONS)નું પૂરું નામ એ "Creation and Harmonious Application of Modern Processes for Increasing the Output and National Strength" છે.

### ચેમ્પિયન્સ પોર્ટલની મુખ્ય બાબતો

- આ પોર્ટલ એ નાના એકમોને પ્રોત્સાહિત કરશે અને તેમની ફરિયાદોનું સમાધાન કરી તેમને મદદ કરશે.
- પોર્ટલ એ MSME ક્ષેત્રની બધી સંસ્થાઓ માટે વન–સ્ટોપ શોપ સમાધાનના રૂપમાં કાર્ય કરશે.
- આ પોર્ટલ તકનિક આધારિત એક પ્રબંધન સૂચના પ્રણાલી છે.
- આ પોર્ટલ એક "Control Room-Cum-Management Information System" છે. જેને ટેલિફોન, ઈન્ટરનેટ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા એનાલિટિક્સ અને મશીલ લર્નિંગ દ્વારા સક્ષમ બનાવવામાં આવેલ છે.
- પોર્ટલને ભારત સરકારની મુખ્ય કેન્દ્રીય જાહેર ફરિયાદ નિવારણ અને નિરીક્ષણ પ્રણાલી અને MSME મંત્રાલયની અન્ય વેબ પ્રણાલી સાથે જોડવામાં આવેલ છે.

### ચેમ્પિયન્સ પોર્ટલના ઉદ્દેશ્યો

- પોર્ટલ MSMEની સમસ્યાઓ તથા ફરિયાદ નિવારણનું કાર્ય કરશે. તેમાં મુખ્ય રૂપથી કાચું તેલ, નાણાં, શ્રમ, નિયામક મંજૂરી વગેરેનો સમાવેશ થાય છે.
- પોર્ટલ MSME ક્ષેત્રને નવા અવસરોના લાભ ઉઠાવવામાં મદદ કરશે. તેમાં સહાયક ઉપકરણ, ચિકિત્સા ઉપકરણ, વ્યક્તિગત સુરક્ષા ઉપકરણ, માસ્ક વગેરેના નિર્માણનો સમાવેશ થાય છે.

## ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર માટે નામાંકિત

- હોકી ઈન્ડિયા દ્વારા રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર માટે ભારતની મહિલા હોકી ટીમની કેપ્ટન રાની રામપાલના નામની ભલામણ કરી છે.
- આ ઉપરાંત મોનિકા, વંદના કટારિયા અને હરમનપ્રીત સિંહને અર્જુન પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવેલ છે.
- રાની રામપાલ ઉપરાંત તુષાર ખાંડકર અને આર. પી. સિંહને લાઈફટાઈમ અચિવમેન્ટ માટે મેજર ધ્યાનચંદ પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવેલ છે.
- કોચ રમેશ પઠાનિયા અને બી. જે. કરિઅપ્પાને દ્રોણાચાર્ય પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવેલ છે.

## ખેલો ઈન્ડિયા સામુદાયિક કોચ વિકાસ કાર્યક્રમ

- તાજેતરમાં યુવા બાબતો અને ખેલ મંત્રી દ્વારા ખેલો ઈન્ડિયા સામુદાયિક કોચ વિકાસ કાર્યક્રમની શરૂઆત કરી હતી.
- આ કાર્યક્રમ પૂરા દેશમાં સામૂદાયિક પ્રશિક્ષકો અને શારીરિક શિક્ષા શિક્ષકો માટે 25 દિવસનો કાર્યક્રમ રહેશે.
- શાળાઓમાં શારીરિક શિક્ષાને વધુ મહત્ત્વ આપવા આ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલો છે.
- માનવ સંસાધન વિકાસ મંત્રાલય અને યુવા બાબતો અને ખેલ મંત્રાલય મળીને દરેક શાળા સુધી કાર્યક્રમને લઈ જવામાં મદદ કરશે.

### શા માટે આ કાર્યક્રમ ઉપયોગી છે ?

- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) અનુસાર 4માંથી 1 વયસ્ક એ સક્રિય નથી.
- ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચ અનુસાર બિન સંક્રમિત રોગોના કારણે થતા મૃત્યુમાં વધારો થઈ રહ્યો છે જેને ફક્ત શારીરિક પ્રવૃત્તિઓના માધ્યમથી ઓછી કરી શકાય છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

- નેશનલ ફેમિલી હેલ્થ સર્વે અનુસાર 11% મહિલાઓ અને 15% પુરુષ હાયપરટેન્સિવ છે. ફિટનેસ વ્યાયામ લોહીના દબાણની સ્થિતિમાં સુધાર કરવામાં મદદ કરશે.

## COVID-19 ટેક્નોલોજી એક્સેસ પૂલ લોન્ચ

- કોસ્ટા રિકા અને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને C-TAPને લોન્ચ કરેલ છે.
- C-TAP એ COVID-19 ટેક્નોલોજી એક્સેસ પૂલ છે.
- C-TAP એ વૈશ્વિક સમુદાય માટે સૂચના, વૈજ્ઞાનિક જ્ઞાન અને બૌદ્ધિક મિલ્કત માટે વન–સ્ટોપ શોપના રૂપમાં કાર્ય કરશે.
- લગભગ 30 દેશો, સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો એ C-TAPનું સમર્થન કરવા માટે હસ્તાક્ષર કર્યા છે.
- આ પહેલનો ઉદ્દેશ્ય રસી, પરીક્ષણો, સ્વાસ્થ્ય તકનિકીઓ અને ઉપચારો બનાવવાનો છે.

### COVID-19 ટેક્નોલોજી એક્સેસ પૂલના પાંચ તત્વો

- આ પૂલ અંતર્ગત 5 પ્રમુખ તત્ત્વોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
  1) જીન અનુક્રમો અને ડેટાને જાહેરમાં પ્રકાશિત કરવો.
  2) સરકારો અને અન્ય ભંડોળ આપતા લોકો જે દવા કંપનીઓ સાથે કરાર કરવા પ્રોત્સાહિત કરે છે.
  3) સંભવિત રસીનું લાયસન્સ
  4) નિદાન ઉપચાર અને અન્ય સ્વાસ્થ્ય તકનિકી
  5) નવીનતમ મોડેલને પ્રોત્સાહન આપવું.

## બિમલ જૂલકા સમિતિ

- સૂચના અને પ્રસારણ મંત્રાલય અંતર્ગત આવતા ફિલ્મ મીડિયા એકમોને તર્કસંગત બનાવવા/બંધ કરવા/વિલય કરવા તથા મંત્રાલય અંતર્ગતના સ્વાયત્ત એકમોની સમીક્ષા પર ગઠિત વિશેષ સમિતિએ પોતાનો રિપોર્ટ સૂચના અને પ્રસારણ મંત્રીને આપ્યો હતો.
- આ સમિતિના અધ્યક્ષ એ બિમલ જૂલ્કા હતા.

### બિમલ જૂલ્કા સમિતિના રિપોર્ટની મુખ્ય બાબતો

- આ સમિતિ દ્વારા રાષ્ટ્રીય ફિલ્મ વિકાસ નિગમ, ચિલ્ડ્રન ફિલ્મ સોસાયટી ઓફ ઈન્ડિયા, ફિલ્મ ડિવીઝન, સત્યજીત રે ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ, નેશનલ ફિલ્મ આર્કાઈવ્સ ઓફ ઈન્ડિયા વગેરેના વિકાસ માટે રોડમેપની ભલામણ કરી છે.
- સમિતિ અનુસાર ઘણી સંસ્થાઓ દ્વારા સમાન પ્રવૃત્તિઓ કરવામાં આવે છે અને 4 વ્યાપક કાર્યક્ષેત્રો સાથે એક પ્રમુખ સંગઠન બનાવવાની ભલામણ કરી છે, જેના અંતર્ગત સંસ્થાઓએ ઉત્પાદન, મહોત્સવ, વારસો અને જ્ઞાન જેવા કાર્યો કરવા જોઈએ.
- આ ક્ષેત્રોનું નેતૃત્વ પ્રોફેશન વ્યકિતઓ દ્વારા કરવું જોઈએ.
- રિપોર્ટમાં વ્યાવસાયિક ફિલ્મના નિર્માણ માટે સ્વતંત્ર ફિલ્મ નિર્માતાઓને નાણાકીય સહાય આપવા ફિલ્મ પ્રમોશન ફંડના નિર્માણની ભલામણ કરી છે.

## રક્ષા મંત્રાલય અને મેક ઈન ઈન્ડિયા

- તાજેતરમાં રક્ષા મંત્રાલય દ્વારા ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડને 156 BMP ઈન્ફૅન્ટ્રી કોમ્બૅટ વ્હીકલનો ઓર્ડર આપવામાં આવ્યો છે.
- આ ઓર્ડર એ મેક ઈન ઈન્ડિયા પહેલને પ્રોત્સાહન આપવા માટે આપવામાં આવ્યો છે.
- તેલંગાણાના મેડકમાં સ્થિત ઓર્ડનન્સ ફેક્ટરી દ્વારા રૂ. 1094 કરોડના ખર્ચથી ICVનું નિર્માણ કરવામાં આવશે.
- ઈન્ફૅન્ટ્રી કોમ્બૅટ વ્હીકલ (ICV) નિર્માણથી મેકેનાઈઝ્ડ ઈન્ફૅન્ટ્રી બટાલિયનોની હાલની અછત દૂર કરી શકાશે અને સેનાને આગળ વધવામાં મદદ મળશે.

### મેક ઈન ઈન્ડિયા

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ 2014માં મેક ઈન ઈન્ડિયા પહેલ શરૂ કરવામાં આવી હતી.
- આ યોજનાના મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબના છે :
  1) સ્વદેશી રૂપથી ઉત્પાદિત વસ્તુઓને પ્રોત્સાહન
  2) નવા ઔદ્યોગિકરણ માટે માટે વિદેશી રોકાણને આકર્ષિત કરવું
  3) ચીનને પાછળ છોડીને ભારતમાં પહેલેથી ઉપસ્થિત ઉદ્યોગોનો વિકાસ કરવો.
  4) 2022 સુધીમાં 100 મિલિયન વધારાની નોકરીઓનું નિર્માણ કરવું.
  5) નિકાસ આધારિત વિકાસને પ્રોત્સાહન આપવું.
  6) 2022 સુધીમાં ભારતના GDPમાં ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો 16%થી વધારી 25% કરવો.

## કલકત્તા પોર્ટ ટ્રસ્ટનું નામ બદલવામાં આવ્યું

- કેન્દ્રિય કેબિનેટ મંત્રીમંડળ દ્વારા "કલકત્તા પોર્ટ ટ્રસ્ટ"નું નામ બદલીને "શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ ટ્રસ્ટ" કરવાની મંજૂરી આપવામાં આવી હતી.
- આ પોર્ટનું નામ બદલવાની ઘોષણા એ પ્રધાનમંત્રી દ્વારા 11 જાન્યુઆરી, 2020ના રોજ કરવામાં આવી હતી.
- આ પહેલા ઓક્ટોબર 2019માં શ્યામા પ્રસાદ મુખર્જીના નામ પર ચેનાની–નાશરી સુરંગનું નામ બદલવામાં આવ્યું હતું. આ સુરંગ જમ્મુ–કાશ્મીરની સૌથી લાંબી સુરંગ છે અને NH - 44 પર સ્થિત છે.

### શ્યામા પ્રસાદ મુખર્જી વિશે

- શ્યામા પ્રસાદ મુખર્જી એક રાજનેતા, શિક્ષણવિદ્ અને બેરિસ્ટર હતા.
- તેમનો જન્મ 6 જૂલાઈ, 1901માં કલકત્તામાં થયો હતો.
- પંડિત જવાહરલાલ નહેરૂની સરકારમાં તેઓ ઉદ્યોગ અને આપૂર્તિ મંત્રી હતા.
- જમ્મુ–કાશ્મીરના મુદ્દા પર પંડિત નહેરૂથી મતભેદ થવાને લીધે તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસથી અલગ થયા હતા.
- વર્ષ 1951માં તેમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સહાયતાથી ભારતીય જનસંઘની સ્થાપના કરી હતી, ત્યારબાદ ભારતીય જનતા પાર્ટી અસ્તિત્ત્વમાં આવી હતી.
- તેમના દ્વારા જમ્મુ કાશ્મીરમાં અનુચ્છેદ 370 પર કડક વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. તેમના મુજબ, "એક દેશમાં બે કાયદા, બે પ્રધાન અને બે નિશાન નહી ચાલે." તેના વિરોધમાં વર્ષ 1953માં તેઓ કશ્મીર ગયા અને ભૂખ હડતાલ કરી હતી.
- તેમનુ નિધન 23 જૂન, 1953માં જમ્મુ–કાશ્મીરમાં ધરપકડમાં રહસ્યમય પરિસ્થિતિમાં થયું હતું.

## ભારતીય ઔષધ અને હોમિયોપેથી માટે ઔષધકોષ આયોગ

- કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા આયુષ મંત્રાલય અંતર્ગત ગૌણ કાર્યાલયના રૂપમાં ભારતીય ઔષધ અને હોમિયોપેથી માટે ઔષધકોષ (Pharmacopoeia) આયોગની પુનઃસ્થાપના માટે મંજૂરી આપી છે.
- વર્તમાનમાં 2010થી સ્થાપિત આયુષ મંત્રાલય અંતર્ગત ભારતીય ઔષધ અને હોમિયોપેથી માટે ઔષધકોષ આયોગ એક સ્વાયત્ત સંગઠન છે.
- ઔષધકોષ આયોગમાં બે કેન્દ્રીય પ્રયોગશાળાઓ–ફાર્માકોષી આ લેબોરેટરી ફોર ઈન્ડિયન મેડિસિન અને હોમિયોપેથિક ફાર્માકોપીઆ લેબોરેટરીનું વિલય કરી દેવામાં આવ્યું છે.
- ફાર્માકોપિઆનો અર્થ થાય છે કે દવાઓ બનાવવી. આ આયોગ તકનિકી બાબતો, માળખાકીય સુવિધાઓ, નાણાકીય સંસાધનો વગેરેનો સમન્વય કરવામાં મદદરૂપ બનશે.
- ઔષધકોષ આયોગ એ આયુર્વેદિક ફાર્માકોપિયા સમિતિ, સિદ્ધ ફાર્માકોપિયા સમિતિ, યૂનાની ફાર્માકોપિયા સમિતિ અને હોમિયોપેથિક ફાર્માકોપિયા સમિતિ માટે એક મુખ્ય સં ગઠનના રૂપમાં કાર્ય કરશે.

## વિશ્વ મહાસાગર દિવસ

- 8 જૂનને પ્રત્યેક વર્ષે વિશ્વ મહાસાગર દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.
- આ દિવસનો ઉદ્દેશ્ય મહાસાગરો (OCEAN)ના મહત્ત્વ અને તેનાથી થતાં પડકારો વિશે લોકો વચ્ચે જાગૃકતા પેદા કરવાનો છે. આ સાથે જ મહાસાગરોથી જોડાયેલા વિશેષ પાસાંઓ જેવા કે જૈવ વિવિધતા, ખાદ્ય સુરક્ષા, પારિસ્થિતિક સંતુલન, જળ સંસાધનોનો બેફામ ઉપયોગ વગેરેને પણ જનતા સમક્ષ લાવવામાં આવે છે.
- વર્ષ 2020ના વિશ્વ મહાસાગર દિવસની થીમ : "ટકાઉ મહાસાગર માટે નવીનતા" (Innovation for a Sustainable Ocean).
- વર્ષ 2009થી આ દિવસ મનાવવામાં આવે છે. વર્ષ 1992માં રિયો ડી જાનેરોમાં થયેલા 'પૃથ્વી સંમેલન"માં આ દિવસને મનાવવાનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો હતો.

## ગૈરસૈણ ઉત્તરાખંડની ગ્રીષ્મકાલીન રાજધાની

- ઉત્તરાખંડના રાજ્યપાલ બેબી રાની મોર્ય દ્વારા ગૈરસૈણને નવી ગીષ્મકાલીન રાજધાની જાહેર કરવાની મંજૂરી આપવામાં આવી છે.
- ગૈરસૈણને ભરારીસૈણ તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ગૈરસૈણમાં એક ઈ–વિધાનસભા હશે. વિશ્વ પર્યાવરણ દિવસ પર તેની ઘોષણા કરવામાં આવી હતી.
- રાજ્યની વિધાનસભાની શિયાળુ રાજધાની દહેરાદૂનમાં સ્થિત છે.
- ગૈરસૈણ શહેર ચમોલી જિલ્લામાં સ્થિત છે અને દહેરાદૂનથી 250 કિમી દૂર છે.

## ભારત કોલસા એકસચેન્જની સ્થાપના કરવામાં આવશે

- ભારતમાં આગામી સમયમાં કોલ એકસચેન્જ ટ્રેડિંગ પ્લેટફોર્મની સ્થાપના કરવામાં આવશે.
- ભારત કોલ એકસચેન્જ પ્લેટફોર્મ સ્થાપિત કરવાના પ્રસ્તાવ અનુસાર, દેશમાં ખનન માટે કોલસાના વ્યાપાર માટે “કોલ એકસચેન્જ” નામનું સામાન્ય પ્લેટફોર્મ શરૂ કરવામાં આવશે.

### કોલ એકસચેન્જ મહત્ત્વપૂર્ણ શા માટે છે ?

- ટ્રેડિંગ પ્લેટફોર્મની સ્થાપિત કરવું મહત્ત્વપૂર્ણ એટલા માટે છે કારણ કે તે કોલસાના ક્ષેત્રમાં ખરીદદારો અને વેચનારાઓ માટે એક માર્ગ આપશે.
- કોલસા મંત્રાલય એ 11 જૂન, 2020ના રોજ વાણિજ્યક કોલસા ખનન માટેની હરાજી શરૂ કરશે.
- કેન્દ્રીય નાણામંત્રી દ્વારા ઘોષણા કરવામાં આવી હતી કે કોલસા ક્ષેત્રમાં સરકારના ઈજારાને સંપૂર્ણ રીતે સમાપ્ત કરવામાં આવશે.
- આ પગલાઓ ભારતમાં કોલસાનું ઉત્પાદન વધારવા અને કોલસાની થતી આયાતને ઘટાડવામાં મદદરૂપ બનશે.
- ભારત વિશ્વમાં 5મો સૌથી વધુ કોલસાનો ભંડાર ધરાવતો દેશ છે છતાં કોલસાની વધુ આયાત કરવામાં આવે છે.
- કોલ એકસચેન્જના માધ્યમથી ભારત એ બજા ક્ષેત્ર સુધી પોતાની પહોંચ વધારવા કોલસા ક્ષેત્રને ખોલી રહયું છે.

## ભારત અને ડેન્માર્ક વચ્ચે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MoU) પર હસ્તાક્ષર

- ભારતના ઊર્જા મંત્રાલય અને ડેન્માર્કના ઊર્જા ઉપયોગિતા અને આબોહવા મંત્રાલયે ઊર્જા સહયોગ માટે MoU પર હસ્તાક્ષર કર્યા છે.
- આ કરાર અંતર્ગત બંને દેશો લાંબાગાળાની ઊર્જા યોજના, ઓફશોર પવન, ગ્રીન કોડનું એકીકરણ, વીજળી સંયત્રો પ્રોત્સાહિત કરવા, વીજળી ખરીદ કરારોમાં લચીલાપણું વધારવું વગેરે જેવા ક્ષેત્રોમાં સહયોગ કરવા પર સહમત થયા છે.
- આ માધ્યમથી ભારતીય વીજળી બજારોને મોટા ભાગે લાભ થશે. વિશિષ્ટ વિવરણ સ્થાપિત કરવા માટે એક સંયુકત કાર્ય સમૂહ બનાવવામાં આવશે.

## ARPIT

- ભારતીય વાયુ સેનાએ હાલમાં “અલગ પરિવહન માટે એરબોર્ન રેસ્કયૂ પોડ (ARPIT- Airborne Rescue Pod for Isolated Transportation) વિકસિત કરેલ છે.
- તેનો ઉપયોગ COVID-19થી પીડિત ગંભીર રોગીઓના પરિવહન માટે કરવામાં આવશે.
- ભારતીય વાયુ સેનાએ એક એર ડ્રેનેજ સિસ્ટમની આવશ્યકતાની ઓળખાણ કરી જે હવાઈ યાત્રા દરમિયાન COVID-19 રોગીઓથી ચેપી એરોસોલના પ્રસારને રોકી દેશે. આ આવશ્યકતા ARPIT પૂરી કરશે.
- ARPITનો વિકાસ કરવા સ્વદેશી સામગ્રીઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ્ય મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાનો છે.
- વાયુસેના એ આ પ્રણાલીનો વિકાસ કરવા રૂ. 60,000 ખર્ચ કર્યા છે.
- આ પ્રણાલી હલ્કા વજનની છે કારણ કે તે ઉડ્ડયન પ્રમાણિત સામગ્રીથી બનાવવામાં આવેલી છે.
- ARPIT વાયરસને નષ્ટ કરવા અલ્ટ્રા વાયલેટ સી રેડિએશનનો ઉપયોગ કરે છે.

## મહિલા એશિયન કપ-2022

- એશિયન ફૂટબોલ સંઘ દ્વારા જણાવવામાં આવ્યુ છે કે ભારત 2022 મહિલા એશિયા કપ ફૂટબોલની યજમાની કરશે.
- આ પ્રથમ વખત છે જ્યારે ભારત આ કપની યજમાની કરશે. એશિયન ફૂટબોલ સંઘ દ્વારા ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનને આયોજન કરવાના અધિકારો સોંપવામાં આવ્યા છે.
- આ ટૂર્નામેન્ટ વર્ષ 2022માં આયોજિત કરવામાં આવશે અને તેમાં લગભગ 12 ટીમ ભાગ લેશે.

➤ ભારતીય ટીમ આ ટુર્નામેન્ટમાં વર્ષ 1980 અને 1983માં બે વખત રનર–અપ રહી હતી અને વર્ષ 1981માં કાંસ્ય પદક જીત્યુ હતું.

## ઓપરેશન ડેઝર્ટ ચેઝ

➤ રાજસ્થાન પોલીસ દ્વારા તાજેતરમાં સેનાની ગુપ્ત સુચનાઓના આધાર પર જયપુરમાં બે નાગરિક રક્ષા કર્મચારીઓની ધરપકડ કરી હતી.

➤ તેમની ધરપકડ એ આધારે કરવામાં આવી હતી કે તેઓ પાકિસ્તાનની જાસૂસી એજન્સી ISI (ઈન્ટર સર્વિસ ઈન્ટેલિજન્સ)ને સંવેદનશીલ સૂચનાઓ આપી રહયા હતા.

➤ ઓપરેશન ડેઝર્ટ ચેઝ અંતર્ગત આ સૂચનાઓ આપવામાં આવી હતી.

➤ ઓપરેશન ડેઝર્ટ ચેઝ એ એક એન્ટિ જાસૂસી ઓપરેશન છે. જે 2019માં સૈન્ય ઈન્ટેલિજન્સ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. તેના અંતર્ગત ઘણાં લોકોની સત્તાવાર ગોપનીયતા અધિનિયમ, 1923 મુજબ ધરપકડ કરવામાં આવી હતી.

## ‘‘અનન્યા’’ જંતુનાશક સ્પ્રે

➤ પૂના સ્થિત ડિફેન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ ટેક્નોલોજીએ COVID-19નો મુકાબલો કરવા ‘‘અનન્યા’’ (ANANYA) નામનો નેનો તકનિક આધારિત જંતુનાશન સ્પ્રે વિકસિત કર્યો છે.

➤ આ સ્પ્રે માસ્ક, PPE, હોસ્પિટલ, મેડિકલ ઉપકરણો સહિત બધી પ્રકારની સપાટીને જંતુરહિત કરવામાં પ્રભાવી છે.

➤ અનન્યા એક જળ આધારિત સ્પ્રે છે અને તે 24 કલાક માટે પ્રભાવી રહે છે. આ સ્પ્રે એ કપડા, ધાતુની વસ્તુઓ અને પ્લાસ્ટિક પર ટકી શકે છે.

➤ અનન્યા સ્પ્રેની શેલ્ફ લાઈફ એ 6 મહિના સુધીની છે.

## ફિચ રેટિંગ દ્વારા ભારતના વિકાસ દરનું અનુમાન

➤ વૈશ્વિક રેટિંગ એજન્સી ફિચ રેટિંગ મુજબ આવનારા નાણાકીય વર્ષમાં ભારતનો GDP વિકાસ દર 9.5% રહેવાનું અનુમાન છે.

➤ આ પહેલા, ફિચ રેટિંગે અનુમાન લગાવ્યો હતો કે એપ્રિલ 2020થી શરૂ થનાર ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો GDP વિકાસ દર 5% પર આવી જશે.

### ફિચ રેટિંગ વિશે

➤ ફિચ રેટિંગ એ વિશ્વની 3 મોટી રેટિંગ એજન્સીઓમાંથી એક છે. અન્ય 2 પ્રમુખ એજન્સીમાં મૂડીઝ અને સ્ટાન્ડર્ડ એન્ડ પૂઅર્સનો સમાવેશ થાય છે.

➤ ફિચ રેટિંગ એજન્સીનું વડુંમથક એ અમેરિકા ખાતે સ્થિત છે.

➤ ક્રેડિટ રેટિંગ એજન્સી એક પ્રકારની કંપની છે જે ક્રેડિટ રેટિંગ આપે છે. આ રેટિંગ ઋણ લેનારની સમય પર ચૂકવવાની ક્ષમતા અથવા ન ચૂકવી શકે તેની સંભાવના અને યોગ્યતાની માહિતી આપે છે.

## બાળ મજૂરી વિરુદ્ધ વૈશ્વિક દિવસ

➤ બાળ મજૂરીના વિરુદ્ધ વૈશ્વિક સ્તર પર જાગૃકતા વધારવાના ઉદ્દેશ્યથી પ્રત્યેક વર્ષે 12 જૂનના દિવસે ‘‘બાળ મજૂરી વિરુદ્ધ વૈશ્વિક દિવસ’’ મનાવવામાં આવે છે.

➤ વર્ષ 2020ના બાળ મજૂરી વિરુદ્ધ વૈશ્વિક દિવસની થીમ : "COVID-19 : Protect Children from Child Labour, Now More Than Ever !"

➤ આ દિવસની શરૂઆત એ વર્ષ 2002માં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (International Labour Organization-ILO) દ્વારા કરવામાં આવી હતી.

➤ વર્ષ 2020ની થીમ એ હાલની મહામારીના પ્રભાવને રેખાંકિત કરે છે. COVID-19ના લીધે નાના બાળકોનું જીવન પણ પ્રભાવિત થયું છે.

➤ ILO અનુસાર લગભગ 152 મિલિયન બાળકો છે જે બાળ મજૂરીમાં લાગેલા છે જેમાંથી 72 મિલિયન બાળકોની કાર્ય સ્થિતિ ચિંતાજનક છે.

## ડો. રતન લાલ : વિશ્વ ખાદ્ય પુરસ્કારના વિજેતા

➤ ભારતીય મૂળના અમેરિકી વૈજ્ઞાનિકે વિશ્વ ખાદ્ય પુરસ્કાર જીત્યો છે.

➤ ખાદ્ય ઉત્પાદન વધારવા માટે જમીન કેન્દ્રિત દષ્ટિકોણને વિકસિત કરવા માટે તેમણે વિશ્વ ખાદ્ય પુરસ્કાર જીત્યો હતો.

➤ ડો. લાલે ઓવર–ક્રોપિંગ, મલ્ચિંગ અને એગ્રો ફોરેસ્ટ્રી જેવી તકનિકોનું રૂપાંતરણ અને સંશોધન કરેલ છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot

- આ તકનિકો દ્વારા કૃષિ પારિસ્થિતિકી પ્રણાલીઓની લાંબાગાળાની સ્થિરતામાં સુધાર કર્યો અને પૂર, દુકાળ અને આબોહવા પરિવર્તનના પ્રભાવોને ઓછા કર્યા.
- ડો. લાલે પોતાના શોધ કાર્યોના માધ્યમથી એ સાબિત કરી દીધું હતુ કે વાયુમંડળીય કાર્બનને માટીમાં ભેળવી શકાય છે. તેમના દ્વારા ઘણી સંરક્ષણ પ્રથાઓની પણ શોધ કરવામાં આવી જેનો આજે ખેડૂતો દ્વારા અસરકારક રીતે ઉપયોગ કરવામાં આવે છે.

### વિશ્વ ખાદ્ય પુરસ્કાર વિશે

- વિશ્વ ખાદ્ય પુરસ્કાર એ “વર્લ્ડ ફૂડ પ્રાઈસ ફાઉન્ડેશન” દ્વારા આપવામાં આવે છે.
- આ પુરસ્કાર અંતર્ગત ડો. લાલને 2,50,000 ડોલરની પુરસ્કાર રકમ મળશે.
- વિશ્વ ખાદ્ય પુરસ્કાર કૃષિના ક્ષેત્રમાં નોબેલ પુરસ્કારની બરાબર માનવામાં આવે છે.

## વિશ્વ રક્તદાતા દિવસ

- 14 જૂનના રોજ વિશ્વભરમાં “વિશ્વ રક્તદાતા દિવસ”ના રૂપમાં મનાવવામાં આવે છે.
- આ દિવસ એ રક્તદાન કરવા માટે સ્વૈચ્છિક, અવેતનરૂપી રક્તદાતાઓનો ધન્યવાદ આપવા માટે મનાવવામાં આવે છે.
- આ દિવસ એ રોગીઓ માટે જરૂરીયાતના સમય પર રક્તદાનની આવશ્યકતા માટે જાગૃકતા વધારવાનો પ્રયાસ કરે છે.
- વર્ષ 2020ના વિશ્વ રક્તદાન દિવસની થીમ : “સલામત રક્ત જીવન બચાવે છે. (Safe Blood Saves Lives)
- આ દિવસનું આયોજન વર્ષ 2004થી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) દ્વારા કરવામાં આવે છે.

## કેપ્ટન અર્જુન

- રેલવે સુરક્ષા બળ દ્વારા હાલમાં જ “કેપ્ટન અર્જુન” નામના એક રોબટને લોન્ચ કરવામાં આવ્યો હતો.
- અર્જુન (ARJUN)નું પૂરું નામ એ "Always be Responsible and Just Use to be Nice" છે.
- આ રોબોટ દ્વારા રેલવે સ્ટેશનો પર સ્ક્રીનિંગ અને નિરીક્ષણ ઝડપથી કરવામાં આવશે.
- ટ્રેનમાં ચડવા દરમિયાન રોબોટ યાત્રીઓની સ્ક્રીનિંગ કરશે. તે અસામાજિક તત્ત્વો પર પણ નજર રાખશે.
- આ રોબોટને ઘણાં ઉપયોગો માટે રાખી શકાય છે અને તે એક અસરકારક તત્ત્વ છે જે સ્ટેશન અભિગમ નિયંત્રણ અંતર્ગત કાર્ય કરશે.
- કેપ્ટન અર્જુન એ રેલ્વે સ્ટેશનોની સુરક્ષા યોજનાઓમાં પણ વૃદ્ધિ કરશે.
- આ રોબોટ PTZ કેમેરો, મોશન સેન્સર અને એક ડ્રોન કેમેરો ધરાવે છે. તેનાથી અસામાજિક પ્રવૃત્તિઓ અને શંકાસ્પદ પ્રવૃત્તિઓને ટ્રેક કરવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અલ્ગોરિધમનો ઉપયોગ કરવામાં આવે છે.
- રોબોટમાં નેટવર્કની નિષ્ફળતાઓ દરમિયાન ડેટા રેકોર્ડ કરવા ઈનબિલ્ટ મોશન એક્ટિવેટેડ સ્પોટ લાઈટ, સાયરન અને ઈન્ટરનલ સ્ટોરેજ છે.
- રોબોટ થર્મલ સ્ક્રીનિંગ કરે છે અને યાત્રીઓના તાપમાનને પણ રેકોર્ડ કરે છે.

## ઈસરો સાયબરસ્પેસ સ્પર્ધા-2020

- તાજેતરમાં ઈસરો દ્વારા શાળાના છાત્રો માટે ઓનલાઈન સ્પર્ધા શરૂ કરવામાં આવી છે.
- ઈસરો સાયબરસ્પેસ સ્પર્ધા-2020 નામની આ પહેલ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓને 4 વર્ગોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે અને તેમના માટે અલગ–અલગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહયું છે. વિદ્યાર્થીઓના આ વર્ગ અને તેમની સ્પર્ધા નીચે મુજબ છે.

| વિદ્યાર્થીઓના વર્ગ (ધોરણ અનુસાર) | સ્પર્ધા |
|---|---|
| 1 - 3 | ચિત્રકલા |
| 4 - 8 | વિજ્ઞાન મોડેલનું નિર્માણ |
| 9 - 10 | નિબંધ લેખન |
| 11 - 12 | નિબંધ લેખન સાથે પ્રશ્નોતરી |

## આંતરરાષ્ટ્રીય રંગહીનતા જાગૃકતા દિવસ

- આંતરરાષ્ટ્રીય રંગહીનતા જાગૃકતા દિવસ (International Albinism Awareness Day)ને પ્રતિ વર્ષ 13 જૂનના રોજ મનાવવામાં આવે છે.

- ➢ આ દિવસનો ઉદ્દેશ્ય એ રંગહીનતા વિશે લોકોને જાગૃત કરવા અને રંગહીનતા પીડિત લોકોના માનવ અધિકારો સંબંધે જાગૃકતા વધારવાનો છે.
- ➢ આંતરરાષ્ટ્રીય રંગહીનતા જાગૃકતા દિવસ, 2020ની થીમ : "Made to Shine".

### રંગહીનતા વિશે

- ➢ આ એક દુર્લભ અથવા વંશાનુગત રોગ છે, આ રોગથી પીડિત વ્યકિતની ત્વચા, વાળ તથા આંખમાં આંશિક અથવા પૂર્ણ રૂપથી મેલેનિન પિગમેંટ હોતા નથી.
- ➢ રંગહીનતાનો કોઈ ઉપચાર નથી. ત્વચામાં મેલેનિન ન હોવાને કારણે તેનાથી પ્રભાવિત વ્યક્તિને સનબર્ન અથવા ત્વચા કેન્સર થઈ શકે છે. તે ફોટોફોબિયા, અમ્બ્લાયોપિયા, નિસ્ટૈગમસ જેવા ચક્ષુ રોગથી પણ સંબંધિત છે.
- ➢ રંગહીનતાથી પ્રભાવિત વ્યકિતની ત્વચા પર સફેદ ડાઘ હોય છે અથવા ઘણી વખત સંપૂર્ણ ત્વચા સફેદ થઈ જાય છે.
- ➢ મેલેનિન એક પ્રકારનું જટિલ પોલિમર છે, તે એમિનો એસિડ ટાયરોસીનથી ઉત્પન્ન થાય છે. તેના દ્વારા ત્વચા અથવા વાળોનો રંગ નિર્ધારિત થાય છે.

## જેટ ઝીરો યોજના

- ➢ યુનાઈટેડ કિંગ્ડમ દ્વારા તાજેતરમાં "જેટ ઝીરો" યોજના શરૂ કરવામાં આવી હતી.

### જેટ ઝીરો યોજનાની મુખ્ય બાબતો

- ➢ આ યોજનાનો ઉદ્દેશ્ય એ ઉડ્ડયન ક્ષેત્રમાં ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને ઓછો કરવાનો છે.
- ➢ યોજના અંતર્ગત યુનાઈટેડ કિંગ્ડમને વર્ષ 2050 સુધીમાં "નેટ ઝીરો ઈકોનોમી" બનાવવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.
- ➢ આ યોજના માટે "જેટ ઝીરો કાઉન્સીલ"નું ગઠન કરવામાં આવ્યું છે.
- ➢ જેટ ઝીરો કાઉન્સીલને નીચે મુજબના લક્ષ્યો આપવામાં આવ્યા છે.

| જેટ ઝીરો કાઉન્સીલના લક્ષ્યો | |
|---|---|
| (1) | ઉડ્ડયન ક્ષેત્રમાં ભવિષ્યની ઉડાનોમાં નેટ ઝીરો ઉત્સર્જનને પ્રાપ્ત કરવું. |
| (2) | ઉડ્ડયન ક્ષેત્રથી જોડાયેલા લોકો, પર્યાવરણીય સમૂહો તથા અન્ય હિતધારકોને એક સાથે લઈ આવવા. |
| (3) | COVID-19 મહામારી પછી ઉડ્ડયન ક્ષેત્રમાં ગ્રીન પહેલની ફરીથી શરૂઆત કરવી. |

## વિશ્વ માન્યતા દિવસ

- ➢ દર વર્ષે 9 જૂનના દિવસને વિશ્વ માન્યતા દિવસ (World Accreditation Day)ના રૂપમાં મનાવવામાં આવે છે.
- ➢ આ દિવસને વ્યાપાર અને અર્થવ્યવસ્થામાં માન્યતાની ભૂમિકાને રેખાંકિત કરવા અને પ્રોત્સાહન આપવા માટે મનાવવામાં આવે છે.
- ➢ વિશ્વ માન્યતા દિવસ 2020ની થીમ : "માન્યતા : ખાદ્ય સુરક્ષામાં સુધાર લાવવો" (Accreditation : Improving Food Safety)
- ➢ આ દિવસની સ્થાપના સંયુકત રૂપથી આંતરરાષ્ટ્રીય માન્યતા ફોરમ અને આંતરરાષ્ટ્રીય પ્રયોગશાળા માન્યતા સહયોગ દ્વારા કરવામાં આવી હતી.

## નૈમિષા-2020

- ➢ તાજેતરમાં રાષ્ટ્રીય આધુનિક કલા સંગ્રહાલયે ગ્રીષ્મકાલીન કલા કાર્યક્રમ "ઓનલાઈન નૈમિષા-2020"નું આયોજન કરવાની ઘોષણા કરી હતી.
- ➢ આ ઓનલાઈન કાર્યક્રમ અંતર્ગત ભાગ લેનારને કલાકારો સાથે અભ્યાસ કરવાનો અને તેમની પાસેથી શીખવાનો અવસર પ્રાપ્ત થાય છે.
- ➢ આ કાર્યક્રમ અંતર્ગત ચિત્રકલા કાર્યશાળા, મૂર્તિકલા કાર્યશાળા, પ્રિંટમેકિંગ અને ઈન્દ્રજાલ–ધ મેજિક ઓફ આર્ટ પર ઓનલાઈન કાર્યશાળાના સત્રનું આયોજન કરવામાં આવશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICKHERE icerajkot